અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 32, Dt.21-11-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

પરિસ્થિતિઓ થી માણસ જેટલું તૂટે છે, એનાથી કેટલાય ગણુ વધારે પરિસ્થિતિઓ માણસને અંદરથી મજબૂત બનાવી દે છે.

ગોધરા-દાહોદ હાઈવે પર ૨ બસ વચ્ચે અકસ્માતઃ ૪ના મોત

૨ વર્ષના બાળક સહિત ૧૭ લોકો ઘાયલ,સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં

પંચમહાલ (ગોધરા).તા.૨૧

આજે સવારે ગોધરા તાલુકાના દાહોદ હાઇવે પાસે આવેલા ગઢચુંદરી ગામે પાર્ક કરેલી બસને પાછળથી પૂરપાટ આવતી અન્ય બસે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બસમાં સવાર ૪ લોકોનાં મોત નિપજ્યાં હતા. જેમાં બે વર્ષના બાળક સહિત એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતા વડોદરા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૭ લોકોને નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

પંચમહાલ જિલ્લાના વડામથક ગોધરા-દાહોદ હાઈવે પર આવેલા ગઢચુંદડી ગામ પરવડી ચોકડી પાસે વહેલી સવારે અકસ્માતની ઘટના બની હતી. જેમા બે લકઝરી બસ વચ્ચે અકસ્માત થયો હતો. બસમાં સવાર ચાર લોકોના મોત નિપજ્યા છે. જ્યારે અન્ય ૧૭ જેટલા ઘાયલ લોકોને ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા તંત્રના અધિકારીઓ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. અકસ્માત વહેલી સવારે સાડાત્રણની આસપાસ થયો હોવાની માહીતી મળી રહી છે. અકસ્માતના પગલે ગોધરા સિવીલ હોસ્પિટલનુ સંકુલ ૧૦૮ની સાયરનોથી ગુંજી ઉઠ્યુ હતુ. મોતના પગલે તેમના પરિવારજનોમાં પણ ગમનો માહોલ છવાઈ ગયો હતો.

જેમાં ચાર લોકોના મોત અને ૧૯ જેટલા લોકોને ઈજાઓ પહોંચતા તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ગોધરા સિવિલ હોસ્પિટલના આરએમઓ આર એસ રાય જણાવ્યું હતું કે, ૧૭ જેટલા મુસાફરોને ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. જ્યારે એક અઢી વર્ષના બાળક સહિત અન્ય એક પુરૂષને વધુ સારવારની જરૂર જણાતાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાંથી વડોદરા એસએસજી હોસ્પિટલ ખાતે સિવિલ હોસ્પિટલના સ્ટાફ સાથે મોકલી રીફર કરવામાં આવ્યા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર ઈન્દોરથી અમદાવાદ જઈ રહેલી એક લકઝરી બસમાં ખામી સર્જાતા હાઈવે પર પાર્ક કરીને તેમા રીપેરીંગની કામગીરી કરવામા આવી રહી હતી. તે સમયે આ માર્ગ પરથી પસાર થતી એક અન્ય લકઝરી બસના ચાલકે સ્ટેરીગં પરનો કાબૂ ગુમાવતા માર્ગ પર ઉભેલી બસને ટકકર મારી દીધી હતી. પરિણામે બસ બાજુના એક ખાડામા ઉતરી જતા તેમા બેઠેલા મુસાફરોમાં ચીસાચીસ પડી જવા પામી હતી. અકસ્માતની જાણ થતાની સાથે પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી.

રૂપિયો ૮૩.૩૪ના નવા તળિયે

આયાત થતી ચીજવસ્તુઓ મોંઘી થશેઃ ક્રૂડના ભાવમાં નવેસરથી ઉછાળો આવતાં રૂપિયો દબાણમાં,રૂપિયા સામે ડોલર ઉપરાંત બ્રિટીશ પાઉન્ડ તથા યુરોના ભાવ પણ ઉછળ્યા : ડોલરમાં દેશી તથા વિદેશી બેન્કોની લેવાલી

મુંબઈ.તા.૨૧

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઉછળતાં રૂપિયો નવા તળિયે ઉતરી ગયો હતો. શેરબજારમાં ઘટાડો તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં નવેસરથી ઉછાળો આવતાં ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયો દબાણ હેઠળ જોવા મળ્યો હતો.

રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૨૭ વાળા જો કે આજે સવારે રૂ.૮૩.૨૬ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૩.૨૨ થયા પછી ભાવ વધી ઉંચામાં રૂ.૮૩.૩૫ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૩.૩૪ની તળિયાની સપાટીએ બંધ રહ્યા હતા.

રૂપિયો આજે વધુ ૦.૦૮ ટકા નબળો પડયો હતો. રૂપિયો તૂટતાં તથા ડોલર ઉંચકાતાં દેશમાં આયાત થતી ક્રૂડતેલ, સોના-ચાંદી સહિતની વિવિધ એગ્રી તથા નોન-એગ્રી ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધી છે, તથા તેના પગલે મોંઘવારી વધુ વધવાની ભીતિ બજારના જાણકારો બતાવી રહ્યા હતા. દરમિયાન, કરન્સી બજારમાં આજે વિવિદ દેશી તથા વિદેશી બેન્કો ડોલરની ખરીદી કરી રહ્યાની ચર્ચા સંભળાઈ હતી. આ પૂર્વે ૧૦મી નવેમ્બરે આ મહિનામાં આવી તેજી રૂપિયા સામે ડોલરમાં જોવા મળી હતી.

વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ૦.૪૦ ટકા ઘટી નીચામાં ૧૦૩.૪૭ થઈ ૧૦૩.૫૦ રહ્યો હતો. મુંબઈ બજારમાં રૂપિયા સામે ડોલર ઉપરાંત બ્રિટીશ પાઉન્ડના ભાવ ૯૩ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૪.૨૬ના મથાળે બંધ રહ્યા હતા. પાઉન્ડના ભાવ રૂ.૧૦૪ની સપાટી પાર કરી ગયા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ પણ રૂપિયા સામે ૩૭ પૈસા વધી રૂ.૯૧ની સપાટી પાર કરી ઉંચામાં ભાવ રૂ.૯૧.૧૮ થઈ છેલ્લે રૂ.૯૧.૧૫ રહ્યા હતા.

જાપાનની કરન્સી રૂપિયા સામે ૧.૦૮ ટકા ઉછળી હતી જયારે ચીનની કરન્સી ૦.૫૫ ટકા ઉંચકાયાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. અમેરિકામાં ફેડરલ રિઝર્વની મળેલી છેલ્લી મિટિંગની મિનિટસ આ સપ્તાહમાં બહાર પડવાની છે તેના પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી હતી.

એક સાથે ચૂંટણી લોકો અને દેશના હિતમાં છે, પક્ષોને તેની સાથે કોઈ લેવાદેવા નથીઃ કોવિંદ

ચૂંટણીમાં જે પૈસા બચશે તે વિકાસ કાર્યો માટે વાપરી શકાશે



નવી દિલ્હી, તા. ૨૧ : પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું છે કે એક દેશ એક ચૂંટણીથી લોકોને ફાયદો થશે એટલુ જ નહિં તે દેશના હિતમાં છે. આનાથી પૈસાની જે બચત થશે તે દેશના વિકાસકારોમાં લગાવી શકાશે.

પૂર્વ રાષ્ટ્રપતિએ 'એક દેશ, એક ચૂંટણી'ની તરફેણમાં અભિપ્રાય બનાવવા માટે અત્યાર સુધીમાં ઘણી બેઠકો કરી છે. ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ, રાજ્યસભામાં વિપક્ષના પૂર્વ નેતા ગુલામ નબી આઝાદ, નાણા પંચના પૂર્વ અધ્યક્ષ એનકે સિંહ, પૂર્વ લોકસભા મહાસચિવ સુભાષ સી કશ્યપ અને પૂર્વ ચીફ વિજિલન્સ. કમિશનર સંજય કોઠારી જોડાયા છે. લોકસભામાં કોંગ્રેસના નેતા અને સમિતિમાં વિપક્ષના એકલા અવાજ અધીર રંજન ચૌધરીએ તેનો ભાગ બનવાનો ઇનકાર કર્યો હતો. તેમણે અમિત શાહને પત્ર લખીને આ વાત જણાવી હતી. તેણે આ પ્રયાસને છેતરપિંડી ગણાવ્યો હતો.

એક દેશ, એક ચૂંટણીનો અર્થ એ છે કે સંસદથી લઈને પંચાયત સુધી સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણી યોજવી જોઈએ. કેન્દ્ર સરકારે ૨ સપ્ટેમ્બરે જાહેરાત કરી હતી કે તેણે લોકસભા, રાજ્ય વિધાનસભાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોની એકસાથે ચૂંટણી યોજવા અંગે તપાસ કરવા અને ભલામણો કરવા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતળત્વમાં આઠ સભ્યોની ઉચ્ચ સત્તાવાળી સમિતિની રચના કરી છે.

સમિતિ દેશમાં એકસાથે ચૂંટણી કરાવવાના મુદ્દે માન્ય રાષ્ટ્રીય પક્ષો, રાજ્યોમાં સરકારો ધરાવતા પક્ષો, સંસદમાં તેમના પ્રતિનિધિઓ ધરાવતા પક્ષો, અન્ય માન્ય રાજ્ય પક્ષો પાસેથી સૂચનો અને અભિપ્રાયો માંગી રહી છે. કાયદા મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ એક સાથે ચૂંટણીના મુદ્દા પર તેના સૂચનો અને મંતવ્યો માટે કાયદા પંચને પણ આમંત્રિત કરશે.

ટનલમાં ફસાયેલા ૪૧ મજદુરોનો પ્રથમ વિડીયોઃ તમામ સલામત

હવે મહત્વપૂર્ણ ડ્રીલીંગ શરૂ બે થી ત્રણ દિવસમાં મજદૂરોને સલામત બહાર લાવવા માટે માર્ગ બની જશેઃ વડાપ્રધાન મોદી સતત સંપર્કમાં

દહેરાદૂન.તા.૨૧

ઉતર કાશીમાં નિર્માણાધીન સિલ્યારા ટનલમાં છેલ્લા ૧૦ દિવસથી ફસાયેલા ૪૧ મજદુરોને સલામત બહાર લાવવા માટે જબરી કવાયત થઈ રહી છે તે વચ્ચે પ્રથમ વખત આ તમામ ૪૧ મજદૂરો સુધી હવે કેમેરા પહોંચાડીને તેઓ સલામત હોવાનો પ્રથમ વિડીયો બહાર આવતા જ રાહત-બચાવ કાર્યમાં જોડાયેલી ટીમને હવે નવો ઉત્સાહ મળ્યો છે.

આ તમામ મજદુરો પુરી રીતે સલામત છે. ઉતરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ટવીટ કરીને આ માહિતી આપી હતી. બચાવ કામગીરીમાં પ્રથમ વખત ૬ ઈંચ પહોળી પાઈપલાઈન પહાડ કોતરીને મજદુરો જયાં ફસાયા છે ત્યાં સુધી મોકલવામાં આવી હતી જેની સાથે એન્ડોસ્કોપીક કેમેરા પણ અંદર સુધી પહોંચાડાયા હતા અને તે કેમેરાની મદદથી અંદર ફસાયેલા મજદૂરોની પ્રથમ તસ્વીર સામે આવતા અને તમામ ખૂબજ સ્વસ્થ હોવાનું જાણતા જ બચાવ ટીમમાં જબરી ખુશીની લહેર છવાઈ ગઈ હતી

અને હવે આજે મહત્વપૂર્ણ ડ્રીલીંગ શરુ કરીને મજદૂરોને બહાર લાવવા માટેનો ખાસ માર્ગ પણ બનાવાશે. આ માટે ખાસ એસજેવીએએન તરીકે ઓળખી હેવી ડ્રીલીંગ મશીન સ્થળ પર પહોંચી ગઈ છે અને તે બપોર બાદ ડ્રીલીંગ શરુ કરવા માટે ગોઠવાઈ રહી છે અને તેમાં પ્રથમ રોબોના આધારે આગળ ધપાશે. આ પ્રકારના ડ્રીલીંગ માટે નિષ્ણાંતોની એક ટીમ પણ પહોંચી ગઈ છે.

જો કે સુરંગની અંદર પણ ખૂબજ કાચી માટી છે અને પાણી છે તેથી મશીન ધસી પડવાનો ભય છે. જયાં મજદૂરો ફસાયા છે તે ક્ષેત્ર ૮.૫ મીટર ઉંચુ અને બે કિલોમીટર લાંબુ છે. અહી સિમેન્ટ કોન્ક્રીટનું કામ પુરુ થયું હોવાથી મજદૂરોને ખાસ સુરક્ષા પણ મળી રહી છે. જે માટી કામદારો સુધી પહોંચી છે જેના મારફત હવે બોટલમાં ભરી ખીચડી સહિતનો ખોરાક પણ મોકલાયો છે. તા.૧૨ નવે.ના સવારે ૪ વાગ્યે ટનેલના એન્ટ્રી પોઈન્ટ પર જ ૬૦ મીટરની માટી ધસી પડી હતી જેથી ૪૧ મજદુરો અંદર ફસાઈ ગયા હતા.

દેશમાં હિટવેવની અસરઃ ઘઉંનું વાવેતર પાંચ ટકા ઘટયું

રાજકોટ તા.૨૧ :

દેશમાં અલનીનોની અસરના કારણે ભારે ગરમી પડી હતી. આથી તમામ શિયાળુ પાકોનું વાવેતર મોડુ થયું છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય અનુસાર શિયાળુ પાકમાં મુખ્ય એવા ઘઉંનું વાવેતર અત્યાર સુધીમાં ૮૬.૦૨ લાખ હેકટરમાં થયું છે. જે ગત વર્ષે આ સમયે ૯૧.૨ લાખ હેકટર હતું.

નવેમ્બર એન્ડ સુધીમાં સરકારનો ઘઉંના ૧૦૦ લાખ હેકટરનો વાવેતરનો લક્ષ્યાંક છે. અલનીનોની અસર ઘઉંના ઉતારા અને ઘઉંની કવોલીટી પર પડશે. ગત વર્ષે પણ હીટવેવને કારણે ઘઉંના ઉતારા અને કવોલીટી નબળા પડયા હતા. અલનીનોની અસરને કારણે ગત વર્ષ કરતા ચાલુ વર્ષે સ્થિતિ વધુ ખરાબ બનવાના સંકેતો મળી રહ્યા છે.

રાજસ્તાન અને મધ્યપ્રદેશમાં માર્ચના એન્ડમાં નવા ઘઉં તૈયાર થાય છે અને પંજાબ-હરીયાણામાં એપ્રિલના મધ્યમાં નવા ઘઉં તૈયાર થાય છે. ઘઉંની બે વેરાયટી ડીબીડબલ્યુ ૧૮૭ અને ડીબીડબલ્યુ ૩૦૩ બનાવી હોય ચાલુ વર્ષે ઘઉંના ઉતારા અને કવોલીટીને બહુ અસર નહીં થાય તેવો દાવો કરાયો છે. દેશમાં ઘઉંનું વાવેતર પાંચ ટકા ઘટયું છે.

કચ્છની ધરા ફરી ધ્રુજી ઉઠીઃભચાઉ નજીક વહેલી સવારે ૩.૨ રિક્ટર સ્કેલનો ભૂકંપનો આંચકો નોંધાયો

કચ્છમાં શિયાળાના આગમન સાથે આજે ભચાઉ નજીક વહેલી સવારના ૬:૪૭ મિનિટે દિવાળી બાદ પ્રથમ ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ૩.૨ ની તીવ્રતા ધરાવતા આફ્ટર શોકનું કેન્દ્ર બિંદુ ભચાઉ થી ૧૫ કિલોમીટર દૂર પશ્ચિમ દક્ષીણ દિશાએ નોંધાયુ હતું. જોકે વહેલી સવારે આવેલા ધરતીકંપના આંચકાની સ્થાનિક લોકોમાં અસર વર્તાઈ ના હતી. અત્રે ઉલ્લેખ કરીએ તો ચાલુ માસની ગત તારીખ ૨ ના દુધઈ ભચાઉ વચ્ચે ઉત્તર દિશાએ ૪.૧ ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આમ કચ્છમાં લગાતાર આવતા ભૂકંપના આંચકાનો સિલસિલો આજ દિન સુધી યથાવત રહેવા પામ્યો છે. કચ્છના પેટાળમાં સતત ભૂગર્ભિય ગતિવિધિના કારણે ધરા ધ્રુજવાની ઘટના સમયાંતરે પ્રકાશમાં આવતી રહે છે, ત્યારે આજે વધુ એક ભૂકંપનો આંચકો ભચાઉથી ૧૫ કિલોમીટર દૂર પશ્ચિમ દક્ષિણ દિશાએ દરિયાઈ ક્રિક વિસ્તારમાં નોંધાયો હતો. મહત્વનું છે કે સક્રિય વાગડ ફોલ્ટ લાઈન પર આવતા આંચકાથી આ આંચકો તેનાથી અલગ સ્થળે નોંધાયો હતો, જે ક્યાંક ને ક્યાંક અભ્યાસનો વિષય બની જાય છે.

રૂ.૫૦ લાખથી વધુની કરચોરીમાં જ ૧૦ વર્ષમાં રીટર્ન રી-ઓપન થઈ શકશે

દિલ્હી હાઈકોર્ટનો મહત્વનો ચૂકાદોઃ રૂ.૫૦ લાખથી ઓછી કરચોરીમાં ત્રણ વર્ષ સુધીની નોટીસ મર્યાદા

મુંબઈ.તા.૨૧

દિલ્હી હાઈકોર્ટે એક મહત્વના ચુકાદામાં ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષમાં આવકવેરા રીટર્ન રી-ઓપન કરવા મુદે થયેલી સંખ્યાબંધ અરજીઓનો ચૂકાદો આપતા ૧૦ વર્ષ પુર્વેના આવકવેરા રીટર્ન રી-ઓપન કરવા માટેની એક મર્યાદા બાંધતા જણાવ્યું હતું કે તે આવકવેરા ચોરીનો પુરતા પુરાવા સાથેનો ગંભીર કેસ હોય અને જો છુપાયેલી આવક રૂ.૫૦ લાખ કે તેથી વધુ થતી હોય તો જ આ પ્રકારે રીટર્ન ઓપન કરી શકાશે. હાઈકોર્ટના આ ચૂકાદો ખાસ કરીને નોટબંધી બાદ ભરાયેલા આવકવેરા રીટર્નમાં આઈટી દ્વારા જે થોકબંધ નોટીસો ફટકારવામાં આવી હતી તેવા હજારો કરદાતાઓ માટે રાહતની સ્થિતિ બનશે.

દિલ્હી હાઈકોર્ટે આવકવેરાની કલમ ૧૪૮ હેઠળ આવકવેરા કેસમાં નોટીસ ઈશ્યુ કરવાની મર્યાદા પર થયેલી રીટમાં આ ચૂકાદો આપ્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે તે જો આવકવેરા વિભાગની જોગવાઈ હેઠળ જો છુપાયેલી આવક રૂ.૫૦ લાખથી ઓછી હોય તો તે કરદાતાને કલમ ૧૪૯(૧)ની પેટા કલમ 'એ' હેઠળ ત્રણ વર્ષના ગાળામાં જ આ પ્રકારે નોટીસ ઈશ્યુ કરી શકાશે પણ ૧૦ વર્ષની સમય મર્યાદા રૂ.૫૦ લાખ કે તેથી વધુની કરચોરીના કેસમાં જ અમલી બનશે. જો કે આવકવેરા વિભાગે આ પ્રકારે ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે ઈશ્યુ કરાયેલી નોટીસને યોગ્ય ગણાવતા સુપ્રીમ કોર્ટના મે-૨૦૨૨ના આશીષ અગ્રવાલના કેસમાં જે ચૂકાદો આપ્યો હતો

તેને આગળ ધર્યો હતો તથા આ સંદર્ભમાં સીધા કરવેરા બોર્ડ દ્વારા જે પરિપત્ર ઈશ્યુ કરાયો હતો તેને પણ આગળ ધર્યો હતો. આવકવેરા વિભાગે ટેક્ષેસન અને અન્ય કાનુનો (ચોકકસ જોગવાઈઓમાં સુધારા તથા છુટછાટો) અંગેના ૨૦૨૦ના ધ ટ્રાવેલ-બેક-ઈન-ટાઈમ જુના સમયમાં પરત ફરવું તે થિયરીને આગળ ધરી હતી જેમાં નિયમ બાદના સમયે પણ નોટીસ ઈશ્યુ કરી શકાય છે. જો કે દિલ્હી હાઈકોર્ટે આ સંદર્ભમાં નાણામંત્રીએ ૨૦૨૧માં બજેટ રજુ કરતા સમયે આ અંગે જે ઉલ્લેખ કર્યો હતો તથા જોગવાઈઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં એસેસમેન્ટ રી-ઓપનમાં છ વર્ષના બદલે ત્રણ વર્ષની મર્યાદા નિશ્ચિત કરી તેને ટાંકીને તથા સરકારના ઈઝ-ઓફ ડુઈંગ બીઝનેસના મંત્રને આગળ ધર્યા હતો.

જેમાં રૂ.૫૦ લાખ કે તેથી વધુની આવક છુપાવાઈ હોય તો તેમાં ૧૦ વર્ષના સમયગાળામાં નોટીસ પાઠવી શકાય છે.કાનુની નિષ્ણાંતોએ આ ચૂકાદાને આવકારતા જણાવ્યું કે 'ટ્રાવેલ-બેક-ઈન-ટાઈમ' થિયરી એ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેક્ષ (સીબીડીટી)ની સૂચનામાં એક કાનૂની ભાષામાં બચાવ કાનૂન છે અને તેની તેને સર્વાંગી રીતે લાગુ થવો જોઈએ નહી. આ ઉપરાંત જેઓ આ રીટમાં સામેલ થયા નથી અને જેમને આ પ્રકારની નોટીસ મળી છે તેઓને પણ દિલ્હી હાઈકોર્ટના ચૂકાદાનો લાભ મળશે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ નોટબંધી સમયે રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો રદ થવાથી જે રીતે જંગી રકમ બેન્કોમાં જમા થઈ કે પછી લકઝરી તથા સોનાની ખરીદી થઈ તે બાદ આ પ્રકારની નોટીસો પાઠવવામાં આવી હતી.

બાળકોની આત્મહત્યા માટે માતા-પિતા જ જવાબદાર છે

માતા-પિતા તેમના બાળકો પાસેથી તેમની ક્ષમતા કરતાં વધુ અપેક્ષા રાખે છેઃ જેના કારણે બાળકો દબાણમાં આવીને આત્મહત્યા જેવું પગલું ભરે છે

કોટા,તા. ૨૧ : કોટા આત્મહત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે બાળકોના માતા-પિતાને જવાબદાર ઠેરવ્યા છે. એક અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે કોટામાં બાળકો જે રીતે આત્મહત્યા કરી રહ્યા છે તેના માટે માત્ર માતા-પિતા જ જવાબદાર છે. આ સાથે કોર્ટે કોચિંગ સેન્ટરો પર લગામ લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો. તમને જણાવી દઈએ કે આ વર્ષે અત્યાર સુધીમાં કોટામાં ૨૪ બાળકો આત્મહત્યા કરી ચૂક્યા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળકો તેમના માતા-પિતાની ઈચ્છાથી મોતને ભેટે છે. માતાપિતા તેમના બાળકો પાસેથી તેમની ક્ષમતા કરતાં વધુ અપેક્ષા રાખે છે. જેના કારણે બાળકો દબાણમાં આવીને આત્મહત્યા જેવું પગલું ભરે છે. ટોચની અદાલત મુંબઈ સ્થિત ડોક્ટર અનિરુદ્ધ નારાયણ માલપાણીની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમણે બાળકોની આત્મહત્યા માટે કોચિંગ સેન્ટરોને જવાબદાર ઠેરવ્યા હતા.

આ સાથે, તેણે પોતાની અરજીમાં કોચિંગ સંસ્થાઓમાં લઘુત્તમ ધોરણો જાળવવાની પણ વાત કરી હતી. કોર્ટે આ અંગે કાયદો બનાવવાનો ઇનકાર કર્યો હતો. જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે દોષ બાળકોના માતા-પિતાનો છે કોચિંગ સંસ્થાઓનો નહીં. તમને જણાવી દઈએ કે કોટામાં આત્મહત્યા કરનારા બાળકોની ઉંમર ૧૪-૧૬ વર્ષની વચ્ચે છે.

તમને જણાવી દઈએ કે આ વર્ષે રાજસ્થાનના કોટામાં NEET અને JEE કોચિંગ માટે આવેલા ૨૪ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે. આ આંકડો છેલ્લા ૮ વર્ષમાં સૌથી વધુ છે. આત્મહત્યાના કિસ્સાઓને રોકવા માટે કોચિંગ સંસ્થાઓને વિશેષ ભલામણો પણ કરવામાં આવી છે. આમ છતાં આપઘાતના કેસમાં કોઈ ઘટાડો થયો નથી.

સાંરગપુર મહોત્સવની વ્યવસ્થા વિદ્યાર્થીઓ માટે એક મેનેજમેન્ટ લેશનઃ વિજય રૂપાણી

સાળંગપુર ખાતે કષ્ટ ભંજન હનુમાનજીદાદાની પ્રતિષ્ઠા નો ૧૭૫ વર્ષનો શત્તામૃત મહોત્સવ

સાળંગપુર,તા.૨૧ સ્વામીનારાયણ સંપ્રદાયના અનોખા તિર્થધામ સાળંગપુર ખાતે કષ્ટ ભંજન હનુમાનજીદાદાની પ્રતિષ્ઠા નો ૧૭૫ વર્ષનો શત્તામૃત મહોત્સવ તા.૧૬થી ૨૨ નવેમ્બર દરમિયાન ભવ્ય રીતે ધામધૂમથી ઉજવાય રહ્યો છે જેમા ૧૦૮ કુંડી મારૂતી યજ્ઞ, કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય પૂજન, અન્નકુટ, હનુમાનજી પ્રાગટ્ય મહોત્સવ, મહિલા સંમેલન, નગરયાત્રા, મંત્રાનુષ્ઠાન, સાંસ્કૃતિક પ્રદર્શન, આરોગ્ય કેમ્પ જેવા વિગેરે ભવ્ય આયોજનો થઇ રહ્યા છે ત્યારે વડતાલ પિઠાધીપતી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારજ, કોઠારી સ્વામી વિવેકસાગરદાસજી સહિતના સંતોની નીશ્રામા આયોજનની ધમાકેદાર શરૂઆત થઇ ચુકી છે.

ગુજરાત રાજયના પૂર્વ મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણી, કેબીનેટ મંત્રી મહિલા અને બાળ કલ્યાણ ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, રમેશભાઇ ટિલાળા, ભાજપ અગ્રણી નીતીનભાઇ ભારદ્વાજ વિગેરે મહાનુભાવો ઉપસ્થીત રહ્યા ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઇ રામાણી એ તેમનુ સ્વાગત અભીવાદન કરી દાદાના દર્શન કરાવી સભાસ્થળ ખાતે સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરાવ્યા હતા.

તદઉપરાંત સમગ્ર ઉત્સવ દરમિયાન ૩૦ લાખથી વધુ ભકતો પ્રસાદ ગ્રહણ, સભામંડપમાં ૧૫ હજારથી વધુ હરીભકતો સત્સંગ સભા, ૨૧૦૦થી વધુ યજમાનો યજ્ઞશાળામાં યજ્ઞ, ૧૪૦ ગામના મંડળો દ્વારા અખંડ મહાધૂન કરતા હરિભક્તો તેમજ ૧૦૦૦ થી વધારે ટેન્ટો જોઇ વિજયભાઇ રૂપાણી આશ્ચર્યચકીત થઇ ખૂબ ખુશ થઇ કોલેજના વિદ્યાર્થીઓને મેનેજમેન્ટનો પાઠ ભણાવી શકાય એવી વ્યવસ્થા કહી હતી.

વિજયભાઇ રૂપાણી તેમના વક્તવય દરમીયાન કહ્યુ હતુ કે, ભગવાન સ્વામીનારાયણ જ્યારથી સારંગપુરમા આવ્યા ત્યારથી આ એક આસ્થાનુ કેન્દ્ર બન્યુ છે અને ત્યારબાદ પૂ. ગોપાળાનંદ સ્વામી એ હનુમાનજીની પ્રતીષ્ઠા કરી અનેક દિન-દુખી લોકો માટે વાચા આપનારી સાબીત થઇ છે તેમજ દિન-પ્રતીદીન ગુજરાતના લોકોની સુખ, શાંતી, સમૃધ્ધીમા ૧૭૫ વર્ષથી અવીરત પણે વધારો કરતા આ દાદા સત્ય છે ત્યારે આજના આવા અતી પવિત્ર લાભપંચમી અને શનીવાર ના દિવસે મને આવા દિવ્યાતીત તેમજ ભવ્યાતીત મહોત્સવમા ઉપસ્થીત રહેવાનુ સૌભાગ્ય પ્રાપ્ત થયુ તેમજ વડતાલ ટેમ્પલ બોર્ડનો આભાર વ્યકત કરુ છુ કેમ કે તે લોક હિતના કાર્યો કરી પ્રજાના સુખમાં સુખી એના દુખમાં દુખી રહી શિક્ષણ, મેડીકલ, છાત્રાલય સહીત અનેક કાર્યો કરી રહ્યા છે તેમજ ગુરૂકુલ પરંપરાને પુર્નજીવત કરી નવી પેઢીના લોકોને આમા ઢાળી સંસ્કારોનુ સિંચન કરી ગુરૂકુલ એ શિક્ષા અને દિક્ષા બન્ને જગ્યા એ સમાંતરે રોલ ભજવ્યો છે તેમજ અંતમા પ્રજાની સુખાકારી માટે પ્રાથના કરી વાણી ને વિરામ આપ્યો હતો.સાથે તેમને વકતા સદગુરૂ જ્ઞાનજીવનસ્વામી, હરીપ્રકાશદાસજી સ્વામી ના કંઠે થી પીરસાતા ભકતીરસ પામવા આ મહોત્સવમા પદ્મભુષણ પૂ. ત્રિદંડી શ્રીમન્નારાયણ ચિન્નાજીયર સ્વામીજી તેમજ માધવપ્રીયદાસજી સ્વામી (એસજીવીપી), પૂ. દેવકૃષ્ણ સ્વામી ઉપસ્થીત રહ્યા હતા.

માણાવદર મામલતદાર કચેરી ખાતે દિવ્યાંગ વ્યક્તિની ૨૪મી આત્મવિલોપનની ચીમકી

શાસક પક્ષના પદાધિકારીઓનું જ કહ્યું કરતા હોવાનો આક્ષેપ

(જીગ્નેશ પટેલ દ્વારા)

માણાવદર,તા.૨૧

માણાવદર તાલુકાના સમેગા ગામના એક દિવ્યાંગ વ્યક્તિને ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ઓફિસની બહાર કાઢી મૂક્યાના માણાવદર મામલતદાર સામે આક્ષેપ કરી આ દિવ્યાંગ વ્યક્તિએ અધિકારી સામે કડક પગલાં નહીં ભરાય તો અગામી તારીખ ૨૪ ના રોજ એ કચેરી સામે આત્મવિલોપનની ચીમકી આપતા અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી છે આ સમયે ત્યાં હાજર માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ પણ ઘટનાની કડક નિંદા કરી અધિકારી સામે પગલાં ભરવાની માંગણી કરી છે. સમેગા ગામના રહીશ અને અપંગ વ્યક્તિ એવા વજશીભાઈ દેવાભાઈ મારુએ તેમની વડીલો પારજિત મિલકત બાબતે માણાવદર મામલતદાર કે.જે. મારું સમક્ષ અરજ અહેવાલ કરેલ. વર્ષ ૨૦૨૨ ની આ અરજી બાબતે તેઓ જ્યારે ગતરોજ તારીખ ૧૭ ના રોજ એ અધિકારી સમક્ષ રજૂઆત કરવા ગયા ત્યારે તેમણે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરી પોલીસ સ્ટેશન ફોન કરી પોલીસ બોલાવવાની ધમકી આપી કચેરીની બહાર કાઢી મૂક્યા નો આક્ષેપ આ દિવ્યાંગ વ્યક્તિ એ કર્યો છે. જિલ્લા કલેકટરને કરેલ આ અરજીમાં વશીભાઈ મારું એ વધુમાં જણાવ્યું કે આ અધિકારી સત્તાધારી પક્ષના પદાધિકારીઓના કહેવા મુજબ કચેરીનો વહીવટ ચલાવે છે. આ અધિકારીએ આવું વર્તન કરતા તેઓને ખૂબ જ લાગી આવ્યું છે જેથી આ ઘટનાની તપાસ કરી એ અધિકારી સામે પગલાં ભરવામાં આવે તેવી માંગણી સાથે આ વ્યક્તિએ અગામી તારીખ ૨૪ ના રોજ બપોરના એક થી ચાર કલાક દરમિયાન મામલતદાર કચેરીની આસપાસ આત્મવિલોપન કરીશ એવું અરજીમાં જણાવ્યું છે. વજસીભાઈ મારું નામના આ દિવ્યાંગ વ્યક્તિએ વધુમાં જણાવ્યું હતું કે તેઓએ આ બાબતની જાણ માણાવદરના ધારાસભ્યને કરતા તેઓ પણ ઓફિસ ખાતે દોડી આવ્યા હતા અને આ બાબતની તપાસ કરી એ અધિકારી સામે પગલાં ભરવા માંગણી કરી છે મામલતદારની ખૂબ ફરિયાદો છે, ઘટનાની તપાસ થવી જોઈએઃ ધારાસભ્ય અરવિંદ લાડાણી ૮૫ માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણી નો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે માણાવદર મામલતદાર સામે લોકોમાંથી ખૂબ જ ફરિયાદો ઉઠી છે દિવ્યાંગ વ્યક્તિ સાથે ગેરવર્તનની ઘટનામાં હું ઓફિસ ખાતે પહોંચી ગયો હતો. આ ઘટનાની તપાસ થવી જોઈએ અને એક અપંગ વ્યક્તિ સાથે આવું બેહુદુ વર્તન કરનાર અધિકારી સામે પગલાં ભરવા જોઈએ.

ઉપલેટાના મોટી પાનેલીમા ખેડૂતોને મળતા DAP-NPK ખાતર માટે ખેડુતોએ લગાવી પડી રહી છે લાંબી લાઈનો

પુરતો અને સમયસર જથ્થો નહિ મળતો હોવાની ખેડૂતોની રાવ

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા તા.૨૧

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમા ખેડૂતોને શીયાળુ પાકનુ વાવેતર કરવા માટે **DAP-NPK** ખાતરની તંગી વર્તાઇ રહી હોઈ તેવી બાબત સામે આવી છે જેમાં પાનેલી ગામમાં ખેડૂતો ખેતી કામ છોડી **DAP-NPK** ખાતર માટે લાઈનમા ઉભવા મજબુર છે તેમજ લાઈનમા ઉભવા છતાં ખેડૂતોને પુરતો અને સમયસર જથ્થો નહિ મળતો હોવાની ખેડૂતોની રાવ ઉઠી છે.

આ બાબતમાં મોટી પાનેલી ખેડૂત દિનેશભાઈ વેકરીયાએ જણાવ્યું છે કે, ખેડૂતો ઘણીવાર વહેલી સવારે ઉઠીને લાઈનો લગાવીને ખાતર માટે લાઈનો લગાવીને ઊભા હોય છે ત્યારે ઘણીવાર લાઈન લગાવીને ઉભેલ ખેડુતનો વારો આવે ત્યારે ખેડુત ખાતેદાર દીઠ ફક્ત પાંચ થેલી **DAP-NPK** ખાતર મળે છે જેથી વર્તમાન સમયની અંદર ખાતરની ખાસ અને ખૂબ જ જરૂરિયાત છે થતા પણ પૂરતું અને યોગ્ય સમયસર ખાતર નહીં મળતા શિયાળુ પાકમાં નુકસાની અને સમસ્યાનો સામનો કરવો પડશે તેવા ચિંતાતુર વાતાવરણ વચ્ચે ખેડૂતો લાઈનો લગાવીને ખાતર માટે તરવડી રહ્યા છે.આ બાબતમાં ખેડુતોએ રોષ સાથે જણાવ્યું છે કે ઉપલેટા તાલુકાનુ મોટી પાનેલી ભાજપનાના ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયાનુ વતન

પણ છે ત્યારે જો ધારાસભ્યના વતન માજ ખેડૂતોની આવી સ્થિતિ છે તો બીજા ગામના ખેડૂતોની શું હાલત હસે તે અંગે રોષ ઠાલવ્યો છે અને ખાતર માટે ખેડૂતો ને પડી રહેલ હાલાકી બાબતે કોઈપણ રાજકીય આગેવાનો આગળ આવવા તૈયાર નથી બધા પોત પોતાનુ કરવામાં વ્યસ્ત છે તેવું પણ જણાવ્યું છે.

વર્તમાન સમયમાં ખેડૂતો શીયાળુ પાક જેવાકે ઘઉ, ચણા, ધાણા, જીરૂ, વરિયાળી, એરંડા વગેરે પાકના વાવેતર તથા પાકમા નાખવા માટે **DAP-NPK** ખાતરની જરૂરિયાત હોવાથી ખેડૂતો લાંબી-લાંબી લાઈનોમા પોતાનું ખેતીકામ છોડી લાઈનમા ઉભવા મજબુર છે અને શીયાળાની ઠંડીમા ધાબરા ઓઢી વેહલી સવારે પાંચ વાગ્યાથી સહકારી મંડળી મોટી પાનેલી પાસે ખેડૂતો લાઈનમા ઉભા રહીને **DAP** ખાતર લેવા વેહલી સવારથી ખેડૂતો પોતાનું ખેતીકામ છોડી લાઈનમા ઉભા છે.

આ બાબતમાં ધોરાજી ઉપલેટા વિધાનસભાના ભાજપના ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડેલીયાએ ગુજરાત રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલને પત્ર લખી અને ધોરાજી-ઉપલેટા વિસ્તારના ખેડૂતોને પડતી સમસ્યાઓનો તાત્કાલિક નિવારણ કરવામાં આવે તેવી માંગ કરી છે કારણ કે, તાજેતરમાં જ શિયાળા પાકનું કરવાનું છે

ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલિયાએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને લખ્યો પત્ર

અને ખેડૂતોને ખાતરની ખાસ જરૂરિયાત હોય તેથી તેમની જરૂરિયાતોને પૂરી કરવા માટે વધુ અને ઝડપી જથ્થો ફાળવવામાં આવે તેવી માંગ સાથે પત્ર લખ્યો છે અને વધુમાં તેમની મીડિયાને જણાવ્યું છે કે તેઓ ખેડૂતોની સમસ્યાને લઈને સતત સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે સંપર્કમાં છે અને ખેડુતોને કોઈપણ પ્રકારની સમસ્યા ન પડે તે માટે સતત લાગતા વળગતા વિભાગો સાથે સંકલન કરી ખેડૂતોની સમસ્યાઓને તાત્કાલિક દૂર કરવા માટેના તમામ પ્રયત્નો કરી રહ્યા છે.

ઉપલેટામાં દીપડાનો આતંક યથાવત

સતત મરણના બનાવમાં ફોરેસ્ટ વિભાગ યોગ્ય કામગીરી નહીં કરતાં હોવાના લાગ્યા ગંભીર આક્ષેપ

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા તા.૨૧

ઉપલેટા શહેરના પાટણવાવ રોડ પર આવેલ ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલ એટલે કે ગૌશાળાની અંદર ફરી એકવાર દીપડાએ આતંક મચાવ્યો હોવાનું સામે આવ્યું છે. અહીંયા દીપડાએ બે વર્ષની વાછરડીનું મારણ કરીને મારણ કર્યા બાદ દીપડો નાસી છૂટયો હતો અને વાછરડી મૃત હાલતમાં મળી આવી છે. હુમલાની આ ઘટના બાદ એનિમલ હોસ્ટેલના સંચાલકોને જાણ થતા તુરંત એનિમલ હોસ્ટેલ ટીમ તેમજ આગેવાનો દોડી આવ્યા હતા અને સમગ્ર બાબતે ઉપલેટા ફોરેસ્ટ વિભાગના તંત્રને જાણ કરી હતી.

ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલ સમિતિના પ્રમુખ પિયુષભાઈ માકડીયાએ જણાવ્યું હતું કે, ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલ કે જ્યાં ૮૦૦ જેટલી ગાયોનો નિભાવ કરવામાં આવે છે તે ગાયોની ગૌશાળાની અંદર દીપડાના હુમલાની ઘટના સતત સામે આવી રહી છે જેમાં ફરીવાર હુમલો કરી એક બે વર્ષની વાછરડીનું મારણ કર્યું છે. આવી રીતે સતત મરણના બનાવમાં ફોરેસ્ટ વિભાગ યોગ્ય કામગીરી ના કરતાં આ બનાવો બની રહ્યા છે.

ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલની અંદર ૮૦૦ જેટલી ગાયોનો નિભાવ કરવામાં આવે છે ત્યારે થોડા દિવસ પૂર્વે દીપડો હોસ્ટેલમાં ઘૂસી આવ્યો હતો અને એક ત્રણ વર્ષની વાછરડીનો શિકાર કરેલ હતો ત્યારે શિકારને સાથે લઈ જવામાં તે નિષ્ફળ થયો હતો. આ અગાઉ પણ થોડા સમય પહેલા ઘુશી આવેલ દીપડાએ કોઈપણ હુમલો કે મારણ નતું કર્યું હતું જે બાદ ફરી એક વખત દીપડો હોસ્ટેલમાં ઘૂસી આવ્યો હતો અને ત્રણ વર્ષની વાછરડીનું મારણ હતું અને ફરીવાર આ તાજેતરમાં ત્રીજી ઘટના બની છે ત્યારે આ વખતે ફરી એકવાર બે વર્ષની વાછરડીનું મારણ કર્યું હતું અને ફરીવાર મારણ કર્યું છે.આ એનિમલ હોસ્ટેલના સંચાલકોના જણાવ્યા પ્રમાણે ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલની અંદર મારણની આ ઘટના પ્રથમ નથી કારણ કે અગાઉ પણ અંદાજિત એક વર્ષ પહેલા આ જ એનિમલ હોસ્ટેલમાં પશુનું મારણ થયું હતું અને થોડા સમય પહેલા પણ ત્રણ વર્ષની વાછરડીનું મારણ થયું છે અને હાલ ફરી એક વાર બે વર્ષની વાછરડીનું મારણ થતાં પશુ પ્રેમીમાં રોષ ફેલાયો છે ત્યારે આ ઘટના બનતા આસપાસના વિસ્તારના ખેડૂતોમાં અને લોકોની દિવાળીના અને ખેતીના સમયમાં અંદર ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

અહી સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલમાં અંદાજિત ૮૦૦

જેટલી ગાયોનો નિભાય થાય છે ત્યારે અહી આવડા મોટા સંચાલનની જગ્યામાં હજુ સુધી કોઈ સીસીટીવી કેમેરા નથી ફિટ કરવામાં આવતા ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે આ એનિમલ હોસ્ટેલમાં તાત્કાલિક અસરથી સીસીટીવી કેમેરા પણ ફિટ કરવામાં આવે જેથી કોઈ હલચલ થાય કે કોઈ નવી ગતિવિધિ જોવાં મળે તો કેમેરામાં કેદ થાય અને સતત એનિમલ હોસ્ટેલ પર નજર રાખી શકે તે માટેની તાત્કાલિક કેમેરા ફિટ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે અને સાથે ફોરેસ્ટ વિભાગની ઢીલી કામગીરીને લઈને રોષ પણ ભભૂકી ઉઠ્યો છે.

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ યુકે દ્વારા નરેશભાઈ પટેલ અને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

યુકેના હેરોમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ યુકે દ્વારા દિવાળી ઉત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ યુકે દ્વારા નરેશભાઈ પટેલનું ભવ્ય સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.ગત તારીખ ૧૯ નવેમ્બર ને રવિવારના રોજ યુકેના હેરોમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા દિવાળી ઉત્સવના કાર્યક્રમનું શાનદાર આયોજન કરાયું હતું. જેમાં યુકેમાં વસતા મૂળ સૌરાષ્ટ્રના લેઉવા પટેલ સમાજના પરિવારજનો મોટી

સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બિઝનેસ મીટઅપ, દિવાળી સેલિબ્રેશન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ડીજેના તાલે રાસ-ગરબા, રમતગમત, ડાન્સ, ફાઈનલ મેચનું લાઈવ પ્રસારણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતા. ત્યારે નરેશભાઈ પટેલ અને ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી દિનેશભાઈ કુંભાણી, ઉપપ્રમુખ તુષારભાઈ લુણાગરીયા અને માનદમંત્રી જીતુભાઈ વસોયાએ હાજરી આપી હતી.

નરેશભાઈ પટેલે યુકેમાં વસતા લેઉવા પટેલ સમાજના પરિવારજનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને સંગઠનને બિરદાવી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સાથે જ આગામી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ શ્રી ખોડલધામ મંદિરના પાટોત્સવ પ્રસંગે યોજાનાર કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજન સમારોહમાં હાજરી આપવા યુકેમાં વસતા સૌ પરિવારજનોને નરેશભાઈ પટેલે આમંત્રણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વર્ચ્યુલી જોડાયા હતા.

શતામૃત મહોત્સવઃ અખંડ મહાધૂનમાં, શ્રી રામધુન, શ્રી સ્વામિનારાયણ ધૂન, હનુમાન ચાલીસા અને સુંદરકાંડ પાઠ ૧૪૦ ગામના મંડળો હાલ સવારથી સાંજ સુધી ધૂન કરી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠાને ૧૭૫ વર્ષ થતાં શતામૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. વડતાલના પ.પૂ.સ.શા.શ્રી નૌતમપ્રકાશદાસ સ્વામી(સ.મહા.પ્રમુખશ્રી) દ્વારા આ માટે મહોત્સવના એક મહિના પહેલા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. તેમની ટીમના ૧૫ થી વધુ સંતોએ ૧૪૦ થી વધુ ગામની મુલાકાત લઇ ધૂન મંડળીની મુલાકાત લીધી હતી. તેમાં ૧૪૦ ગામના અલગ-અલગ મંડળો સતત દિવસ દરમિયાન સવારે ૭ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી રામધૂન, સ્વામિનારાયણ ધૂન, હનુમાન ચાલીસા અને સુંદરકાંડનો પાઠ તથા ધૂન કરી રહ્યા છે.

૧૪૦ ગામના અલગ અલગ મંડળો દ્વારા અખંડ મહાધૂનઃ

શ્રી કષ્ટભંજનદેવ શતામૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ શાંતિ માટે દિવ્ય અખંડ ધૂનનું આયોજન કરાયું છે જે અખંડ મહાધૂનમાં ૧. શ્રી રામધુન, ૨. શ્રી સ્વામિનારાયણ ધૂન, ૩. હનુમાન ચાલીસા અને સુંદરકાંડનો પાઠ તથા ધૂન થઈ રહી છે.ઉલ્લેખનીય છે કે, શ્રી વેદાંતસ્વામીના માર્ગદર્શન હેઠળ આ કાર્ય થઈ રહ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, ચાર અલગ-અલગ ડોમમાં આ ધૂન થઈ રહી છે. દરેક ડોમમાં આશરે ૧૫૦થી વધુ ભકતો ધૂન કરી રહ્યા છે. આશરે ૧૪૦ ગામના અલગ અલગ મંડળો દ્વારા આ ધૂન યોજવામાં આવ્યું છે. ધૂનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધીનો છે અને અખંડ ધૂનની વ્યવસ્થામાં ૧૫૦થી વધારે સ્વયંસેવકો સેવા કરી શ્રી કષ્ટભંજન દેવનો રાજીપો પ્રાપ્ત કરશે.

૧૦૮ ટ્રાયસીકલ સાયકલોનું દિવ્યાંગ લોકોને અર્પણ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાંપ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની પ્રાણ-પ્રતિષ્ઠા થયાને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવમાં આજે ૧૦૮ ટ્રાઇસિકલ જરૂરિયાત મંદ લોકોને અર્પણ કરવામાં આવી હતી. એમાં પ્રતિક રૂપે અહીં ૨૦ થી ૨૫ લોકોને બોલાવ્યા હતા કાર્યક્રમ વખતે એમને અર્પણ કરવામાં આવી હતી. ઋષિ ભાઈ વિનુભાઈ ચોરસિયા હાલ ઓસ્ટ્રેલિયા તેમના પરીવાર તરફથી દિવ્યાંગ લોકો માટે એક ભાવ રૂપે, દિવ્યાંગના હનુમાન બને એના માટે પુરાણી સ્વામી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી, ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી-વડતાલ, પૂજ્ય પ્રેમપ્રકાશદાસજી સ્વામી- કલાકુંજ મંદિર વગેરે વડીલ સંતોના હસ્તે ૧૦૮ ટ્રાયસીકલ સાયકલ અર્પિત કરવામાં આવી હતી. મંદિરના દર્શને આવતા વૃદ્ધો, રોગીઓ દર્શનાર્થીઓને ૫૦ વ્હીલ ચેર પણ આ ચોરસીયા પરિવાર તરફથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરને અર્પણ કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત દાદાને વિશેષ વાઘાનો તેમજ સિંહાસનને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. સાળંગપુર ધામ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની પ્રાણ-પ્રતિષ્ઠા થયાને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવમાં કથામંડપમાં હનુમાનજી મહારાજની મુખની પ્રતિકૃતિ વાળી રંગોળી ગલગોટા અને મોગરાના ફુલો દ્વારા અને સ્વયંસેવિકા બહેનોએ જય હનુમાન લખી તૈયાર કરાઈ હતી. એમાં ૧૩૧૩૧ વાર જય હનુમાન લખ્યું હતું અને રંગોળી કથા મંડપમાં સેવા કરનાર સ્વયંસેવિકા બહેનો દ્વારા તૈયાર કરવામાં આવી હતી. તેમજ ભકતોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યું હતું. હજારો હરિભકતોએ દર્શનનો લાભ લીધો હતો.

તંત્રી લેખ

સૌરાષ્ટ્રમાં ''સિંહો માટે સુવર્ણયુગ''નો આરંભ

ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ડાલા મથા સિંહોના રક્ષણ સરક્ષણ અને વૃદ્ધિ માટેના સતત પણે થઈ રહેલા પ્રયાસો હવે પરિણામદાઈ બન્યા છે ,ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અત્યારે સિંહોનું સુવર્ણકાળ ચાલતો હોય તેમ ની સતત પણે વધતી જતી વસ્તી અને ગિરનાર જંગલના બહારના વિસ્તારોમાં સતત પણે પ્રભુતુ વધતું જાય છે , એક જમાનામાં સમગ્ર દેશમાં સિહો નું રહેલું અસ્તિત્વ ધીરે ધીરે સંકોચાઈને ૧૮મી સુધીના અંત સુધીમાં સિંહો નામશેષ થવાના આરે આવી ગયા હતા . અત્યારે ફરીથી સમય બદલાયો છે અને ગીરમાં સીમિત રહેલા સિંહો હવે સમગ્ર રાજ્યમાં પોતાનો વિસ્તાર વધારવા માટે ગીર સોરઠ સૌરાષ્ટ્રના સીમાડા વટાવી દે વ્યાપક પ્રમાણમાં માં પોતાની ટેરીટરી બનાવવા લાગ્યો છે ઇતિહાસ જોઈએ તો ૧૮૭૦ સુધી એ સમયગાળો હતો કે જ્યારે સિંહના શિકાર માટે ઇનામો જાહેર કરવામાં આવતાં હતાં. આ સમય દરમિયાન સિંહના શિકાર માટે મંજૂરી પણ મળતી હતી.જોકે, આ સમગ્ર ઘટનાક્રમમાં 'ટર્નિંગ પોઇન્ટ' ૧૮૯૦માં આવ્યો, જ્યારે ડ્યુક ઑફ ક્લેરન્સે ગીરની મુલાકાત લીધી. એ વખતે પ્રથમ વખત જુનાગઢના નવાબને ખ્યાલ આવ્યો કે સિંહના અસ્તિત્વ પર જોખમ તોળાઈ રહ્યું છે.૧૯૦૦ની સાલમાં ગીરમાં શિકાર માટે આવેલા લોર્ડ કર્ઝનને જ્યારે સિંહના અસ્તિત્વ પર તોળાઈ રહેલા ખતરા અંગે જાણ થઈ ત્યારે દાખલો બેસાડવા તેઓ જાતે જ સિંહના શિકારથી દૂર રહ્યા.'બર્મા ગેમ પ્રિઝર્વેશન ઍસોસિયેશન'માં સિંહોને બચાવવા માટે કર્ઝને લખ્યું હતું, ''જો સિંહોને બચાવવામાં આપણે નિષ્ફળ રહ્યા તો ઇતિહાસ આપણને ક્યારેય માફ નહીં કરે. ''લુપ્ત થવા આવેલા સિંહો અંગે બ્રિટિશ ઇન્ડિયા દ્વારા પ્રગટ કરાયેલી એ પ્રથમ ચિંતા હતી. કારણ કે 'કાઠિયાવાડ ગેઝેટિયર' અનુસાર ૧૮૮૪માં ગીરમાં ૧૦થી ૧૨ સિંહો જ બચ્યા હતા નવાબ બહાદુર ખાન જીએ સૌપ્રથમ ગીરમાં સિહોરના શિકાર પર પ્રતિ સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો ત્યારે સમસ્યા એ સામે આવી કે ગીરની બહાર અન્ય રજવાડાઓના વિસ્તારમાં જતા સિંહ પર રાજવીઓની ગોળીઓ ચાલતી જુનાગઢ નવા બે ગીરના વનવાસી યુવાનોને ગાર્ડ તરીકે ભરતી કરી સિંહો ગીરના જંગલમાંથી બહાર ન જાય તે માટે પ્રથમ પેટ્રોલિંગની વ્યવસ્થા ઉભી કરી અને સિંહને બચાવવા માટે ગંભીરતા ધારણ કરી ત્યારથી શરૂ થયેલી સિંહ રક્ષણ સંવર્ધનની આ કવાયત અત્યારે સંપૂર્ણપણે સાર્થક બની છે ગિરનાર સિંહ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પોતાનું પ્રભાવ વધારી રહ્યા છે અત્યારે સૌરાષ્ટ્રમાં સિહોનો સુવર્ણયુગ નો આરંભ થયો છે , અને સિંહની વસ્તી અને સિંહ આધારિત પ્રવાસન ઉદ્યોગની રિદ્ધિ સિદ્ધિ હજુ ખૂબ જ ફળશે તે નિશ્ચિત બન્યું છે

પીજીવીસીએલ દ્વારા ૭ માસમાં આશરે કુલ રૂ. ૧૬૪.૨૩ કરોડની પાવર ચોરી પકડવામાં આવી

ઓક્ટોબરમાં રૂા.૩૪.૩૯ કરોડની રેકોર્ડ બ્રેક પાવર ચોરી પકડાઈ

ઓક્ટોબરમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકિંગ દરમ્યાન કુલ ૫૬૪૭૭ વીજ જોડાણોની ચકાસણી માંથી કુલ ૮૨૧૯ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ

સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકિંગ દરમ્યાન ૯ આઈસ ફેક્ટરીમાંથી રૂ. ૭.૫૦ કરોડની વીજ ચોરી પકડાઈ

એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ નો રકમ પ્રમાણેનો કેટેગરી વાઈઝ અહેવાલ

ક્રમ નં.	રકમ	વીજચોરીમાં પકડાયેલ કેસની સંખ્યા
૧	રૂ. ૨૫ લાખ થી ૫૦ લાખ સુધીની રકમનું એસેસમેન્ટ	૧૭
૨	રૂ. ૫૦ લાખ થી ૧ કરોડ સુધીની રકમનું એસેસમેન્ટ	૧૯
૩	રૂ. ૧ કરોડ થી વધુની રકમનું એસેસમેન્ટ	૫

ઓક્ટોબર-૨૦૨૩ નો વીજ ચેકિંગનો અહેવાલ

ક્રમ નં.	વર્તુળ કચેરીનું નામ	વીજજોડાણ ચકાસણીની સંખ્યા	વીજચોરી પકડાયાની સંખ્યા	આકારણી થયેલ કુલ રકમ (રૂ.લાખમાં)
૧	રાજકોટ શહેર	6211	635	201.10
૨	રાજકોટ ગ્રામ્ય	4536	554	178.27
૩	મોરબી	4224	543	182.88
૪	પોરબંદર	5270	694	95.72
૫	જામનગર	5244	1033	450.05
૬	ભુજ	3514	319	569.04
૭	અંજાર	2300	343	201.30
૮	જૂનાગઢ	6290	833	169.72
૯	અમરેલી	5857	835	345.69
૧૦	બોટાદ	2876	481	157.85
૧૧	ભાવનગર	3904	917	256.43
૧૨	સુરેન્દ્રનગર	6251	1032	631.18
કુલ		56477	8219	3439.23

એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ નો વીજ ચેકિંગનો અહેવાલ

ક્રમ નં.	વર્તુળ કચેરીનું નામ	વીજજોડાણ ચકાસણીની સંખ્યા	વીજચોરી પકડાયાની સંખ્યા	આકારણી થયેલ કુલ રકમ (રૂ.લાખમાં)
૧	રાજકોટ શહેર	40640	5099	1350.29
૨	રાજકોટ ગ્રામ્ય	32100	4815	1344.81
૩	મોરબી	21757	3354	933.55
૪	પોરબંદર	30339	4484	1123.48
૫	જામનગર	18864	4412	1602.64
૬	ભુજ	20832	1828	1147.49
૭	અંજાર	11717	2273	1295.70
૮	જૂનાગઢ	29195	4686	1150.57
૯	અમરેલી	23315	4768	1221.62
૧૦	બોટાદ	12374	2738	625.92
૧૧	ભાવનગર	24864	6588	2353.99
૧૨	સુરેન્દ્રનગર	28188	5795	2273.47
કુલ		294185	50840	16423.52

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

જીયુવીએનએલનાં માર્ગદર્શન અને પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસની સૂચના હેઠળ તથા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરઓ અને વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેરઓ ની રાહબરી અને સીધી દેખરેખ હેઠળ એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ એમ ૭ માસમાં સૌરાષ્ટ્ર કચ્છમાં વીજ ચેકિંગની કામગીરી દરમ્યાન આશરે કુલ રૂ. ૧૬૪.૨૩ કરોડની પાવર ચોરી પકડવામાં આવેલ છે. જેમાં ફક્ત ઓક્ટોબર-૨૩ માસમાં જ કુલ રૂ. ૩૪.૩૯ કરોડની રેકોર્ડ બ્રેક પાવર ચોરી પકડી પાડવામાં આવેલ છે.

એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ માસમાં વિવિધ ટીમો દ્વારા વીજ ચેકિંગ દરમ્યાન કુલ ૨૯૪૧૮૫ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવેલ જેમાંથી કુલ ૫૦૮૪૦ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી અને કુલ રૂ. ૧૬૪.૨૩ કરોડની પાવર ચોરી પકડવામાં આવી જેનો અહેવાલ આ સાથે સામેલ છે.

ભાવનગર જીલ્લાના ધોધા તાલુકાના ભીકડા ગામે

તુલસી વિવાહ તેમજ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

ભાવનગર,તા.૨૧

ભાવનગર જીલ્લાના ધોધા તાલુકાના ભીકડા ગામે તા.૨૩ નવેમ્બર કંસારા પરિવાર ના આંગણે તુલસી વિવાહ તેમજ સમસ્ત કંસારા પરિવાર ના પિતૃઓના મોક્ષાર્થે તા.૨૩ થી ૨૯ નવેમ્બર સુધી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનુ ભવ્ય આયોજન થશે જેમાં વ્યાસપીઠ પર શાસ્ત્રી હરેશભાઈ રાજ્યગુરુ તથા શાસ્ત્રી ભોલુભાઇ રાજ્યગુરુ સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે,કથા દરમ્યાન આવતા દરેક પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવશે, તુલસીવિવાહ માં તેમજ કથા દરમ્યાન દર્શનીય સંતો ઉપસ્થિત રહી



પ્રસંગની શોભા વધારશે, સમગ્ર મહોત્સવના આયોજક ખોડાભાઇ ગોવિંદભાઈ કંસારા, થોભણભાઇ ખોડાભાઇ,કુંવરજીભાઇ થોભણભાઇ, ભાવેશભાઈ થોભણભાઇ (સંતપ્રેમી), જતીનભાઈ થોભણભાઇ આને દિપકભાઈ થોભણભાઇ કંસારા પરિવાર દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવશે.તુલસીવિવાહના આગલા દિવસે તા.૨૨ ના રોજ બારોટના ચોપડે કંસારા પરિવાર ના બારોટ દેવશ્રી પ્રકાશભાઈ નાથાભાઈ રુડાં નામ નોંધશે એમ મહેશગીરી ગોસ્વામી ની યાદી જણાવે છે

કલેકટર અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાની નાર્કો કો ઓર્ડીનેશન સેન્ટર કમિટી(NCORD)ની મિટિંગ યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૧

રાજકોટ જિલ્લામાં નશાબંધીને લગતા ગુનાઓ અટકાવવા, માદક દ્રવ્યોના સેવનની પ્રવૃત્તિ પર નિયંત્રણ મુકવા તથા નાર્કોટિક્સની ગેરકાયદે હેરાફેરી અને વેચાણ અટકાવવા માટે કલેકટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં રાજકોટ કલેકટર કચેરી ખાતે નાર્કો કો- ઓર્ડીનેશન સેન્ટર કમિટીની મિટિંગ યોજાઇ હતી.

આ બેઠકમાં કલેકટર પ્રભવ જોષીએ કહયુ હતું કે, મોટા ભાગે કિશોરો-યુવાનો નશીલા દ્રવ્યોમાં સપડાતા જોવા મળે છે ત્યારે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ નશીલા પદાર્થના રવાડે ન ચડે તેની તકેદારી શિક્ષણ વિભાગે ખાસ લેવી જોઈએ. શાળાની ૧૦૦ કિમી આસપાસ તમાકુ વેચવું ન જોઈએ. શહેરમાં ક્યાંય પણ ચરસ, ગાંજો, અફીણ, હેરોઈન જેવા નશીલા પદાર્થોનું વેચાણ થતું હોય તો તેની જાણ પોલીસ વિભાગને તાત્કાલિક કરવી જોઈએ. જેથી આ દૂષણના ભરડાને ટાળવા પોલીસ કડક કાર્યવાહી કરી શકે. આ બેઠકમાં નાર્કોટીકસ વિશે કરેલા જન જાગૃતીના કાર્યક્રમો વિશેની વિગતો પી.પી.ટી. દ્વારા રજૂ કરાઈ હતી. જેમાં અવેરનેસ કેમ્પ, નશીલા દ્રયોના ટ્રાફિકીંગ રૂટ, નશીલા દ્રવ્યોની શારીરિક - માનસિક અસરો, પોલીસ વિભાગ દ્વારા પકડાતું ડ્રગ્સ, ડ્રગ્સને નાશ કરવાના નિયમો, વ્યસન મુક્તિ માટે નાગરિકોની ફરજો, રિહેબિલીટેશન સેન્ટર વગેરેનો સમાવેશ કરાયો હતો.

આ મિટિંગમાં પોલીસ અધિક્ષક જયપાલસિંઘ રાઠોડ, અધિક નિવાસી કલેકટર ખાચર, ખેતીવાડી અધિકારી તૃપ્તિ પટેલ, આરોગ્ય અધિકારી ડો.પી.કે.સિંગ, એજયુ. ઇન્સ્પેકટર હિતેશ સોમૈયા, મેહુલગીરી ગોસ્વામી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

જસદણમાં કોઈ અસામાજિક તત્વોએ રોડ પર પાઈપ ખોડી ગયું

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ,તા.૨૧

જસદણના ચિતલિયારોડ અને હીરા બજારને જોડતા રોડ પર કોઈ અસામાજિક તત્વોએ રોડ પર ખાડા ખોદી ચાર પાઈપ નાંખી રોડ બંધ કરી દેતાં જસદણ નગરપાલિકાના ચીફ ઓફીસર અને વહીવટદારનુ નાક કાપીને હાથમાં આપી દીધાની ચોમેર ચર્ચાઓ જાગી છે આ રોડ પર સાર્વજનિક પ્લોટોનો કોઈ અતોપતો નથી ત્યાં કોઈ અસામાજિક તત્વોએ રોડ ખોદી એક નહી પરંતું ચાર ચાર પાઈપ નાખી દઈ નાગરીકો માટે અવરજવર બંધ કરી દેતાં નાગરિકોમાં ભારે રોષ વ્યકત કરવામાં આવી રહ્યો છે હાલ રોડ પર જ બાંધકામો ચાલી રહ્યાં છે ત્યાં રોડ વચ્ચે જ પાઈપ ફીટ કરી રસ્તો બંધ કરી દેવામાં આવતાં જસદણમાં જંગલરાજ ચાલતું હોવાની પ્રજાને અનુભુતિ થઈ રહી છે ત્યારે આ બાબતે જસદણ નગરપાલિકાના ચીફ ઓફીસર અને વહીવટદાર જાગે અને અસામાજિક પ્રવુતિ કરતાં તત્વોને કાયદાનું ભાન કરાવે એવી નાગરિકોમાં માંગ ઊઠવા પામી છે.

અમરેલી જિલ્લામાં પૂ. જલારામબાપાનાં પ્રાગટય દિવસની આસ્થાભેર ઉજવણી

સમગ્ર જિલ્લામાં શોભાયાત્રા, મહાપ્રસાદ, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં રવિવારે સંત શિરોમણી પૂ. જલારામબાપાનાં ૨૨૪માં પ્રાગટય દિવસની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સાવરકુંડલા, વડિયા, બગસરા, બાબરા, લીલીયા, ધારી, ચલાલા સહિતનાં શહેરોમાં અલૌકિક દર્શન, શોભાયાત્રા, મહાઆરતી અને મહા પ્રસાદ સહિતનાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

અમરેલી ખાતે બપોરનાં ૪ કલાકે લીલીયા માર્ગ ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જેમાં રઘુવંશી સમાજનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળા, એડવોકેટ રાજેશ રૂપારેલ, વેપારી અગ્રણી સંજય વણઝારા, દિનેશ પોપટ

સહિતનાં આગેવાનો જોડાયા હતા. માર્ગમાં ઠેર-ઠેર પૂ. જલારામબાપાને શતશત વંદન કરવામાં આવ્યા હતા. જયારે જલારામ ધુન મંડળ દ્વારા પૂ. બાપાને અન્નકુટ ધરાવાયો હતો.

નાયબ દંડક કૌશિક વેકરિયા, પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે પૂ.જલારામબાપાની ચરણવંદના કરી હતી તો વરસડા માર્ગ ખાતે આવેલ જલારામ મંદિરે કેન્દ્રીય મંત્રી રૂપાલાએ પણ પૂ. જલારામબાપાનાં આશીર્વાદ લીધા હતા.

સાવરકુંડલાઃ સંત શિરોમણી પૂજય જલારામબાપાની ૨૨૪ મી જન્મ જયંતિ જલારામ યુવક મંડળ દ્વારા રઘુવંશી ભાઈઓએ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવેલ. શ્રી રમુદાદાની નિશ્રામાં શહેરના મુખ્ય માર્ગો ઉપર ભવ્ય શોભાયાત્રા ફરેલ. બપોરનું જ્ઞાતિ ભોજન સમસ્ત લોહાણા સમાજ દ્વારા કરવામાં આવેલ, સાંજનું ભોજન ઓધવજીભાઈ માધવાણી પરિવાર દ્વારા રાખવામાં આવેલ. નિરંજન પંડયા, વિજયદાન ગઢવી, ગોપી પટેલ દ્વારા રાત્રીના ભવ્ય સંતવાણી પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો.

બાબરાઃ બાબરામાં ચિતલ રોડ પર આવેલ પૂજય જલારામબાપાના મંદિરે બાપાનો ૨૨૪મો પ્રાગટય મહોત્સવનું ભવ્ય આયોજન જય જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. અહીં સવારે બાપાની મહાપૂજા, મહાઆરતી, અન્નકૂટ તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં રઘુવંશી સમાજના લોકો અને ભાવિકો જોડાયા હતા.

વડિયાઃ વડિયા જલારામ જયંતિ નિમિત્તે ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જલારામ બાપાની વિશેષ પુજા અર્ચના કરી હતી. સાથોસાથ વડિયા અને ચુડા રઘુવંશી સમાજ દ્વારા જલારામબાપા અને વિરબાઈ માંનું પાત્ર ભજવ્યું હતું.વડિયા ખાતે જલારામ બાપાની ૨૨૪ મી જન્મજયંતિ ભાવભેર ઉજવવામાં આવી હતી. વડિયા શહેરમાં મુખ્ય બજારમાં ભવ્ય શોભાયાત્રા સહિતના રાસ ગરબાના કાર્યક્રમો યોજાયા હતા. વડિયા રઘુવંશી સમાજ દ્વારા જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

સાવરકુંડલાઃ સાવરકુંડલા શહેરમાં ગતરોજ સંત શિરોમણી પ્રાતઃ સ્મર્ણાય પ. પૂ. જલારામ બાપાની ૨૨૪ મી જન્મજયંતિ ઉજવણી કરવામાં આવી આ પાવન પ્રસંગે જલારામ ભકતોને મન તો દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. ઘણા જલારામ ભકતોના ઘરે પણ રંગભેરંગી રોશની અને વિવિધ કલરના શેડમાં રંગોળી દોરીને ઘરને શણગારવામાં પણ આવેલ. આ પ્રસંગે નાની નાની બાલિકાઓ કળશ સાથે જલારામ બાપાની શોભાયાત્રામાં સામેલ થયેલી જોવા મળી હતી. જલારામભકતોની વિશાળ સંખ્યામાં જલારામ મંદિરેથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર પણ ફરી હતી. જેના દર્શનનો લ્હાવો શહેરીજનોએ ખૂબ જ શ્રધ્ધા અને ભાવથી લીધો હતો. જલારામભકતો દ્વારા ખૂબ ભાવ અને આસ્થાભેર જલારામ બાપાના મંદિરે પૂજા, અર્ચના, સત્સંગ પણ કરવામાં આવેલ.આ પ્રસંગે સાવરકુંડલા રઘુવંશી જ્ઞાાતિના લોકો માટે અહીં આવેલ લોહાણા મહાજન વાડી ખાતે બંને ટાઇમ બપોરે અને સાંજે મહા પ્રસાદનું પણ આયોજન કરાયું હતું. જલારામભકતોએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્ણ માહોલમાં બહોળી સંખ્યામાં હોંશે હોંશે બાપાના ચરણોમાં વંદન કરીને ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. જલારામ મંદિર ખાતે પણ આ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.આ પ્રસંગે મહાપ્રસાદ, અન્નકુટ, મહાઆરતી ધૂન ભજન કિર્તન અને જલારામબાપાની ભકિતમાં ભકતો તરબોળ થતાં જોવા મળ્યાં હતાં. આમ જલારામ બાપાની ૨૨૪ મી જન્મજયંતિ સાવરકુંડલામાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આમ તો સંત શિરોમણી પ. પૂ જલારામ બાપાના ભજન અને ભોજનનો મહિમા સાવરકુંડલાના આભામંડળમાં સતત ગુંજતો રહેશે.. ટુકડો ત્યાં હરિ ઢુકડો.. બસ એ જ બાપાનો સંદેશ જીવનભર યાદ રહે છે. રાત્રે ભવ્ય સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં નિરંજન પંડ્યા અને સાજિંદા ગ્રુપ સાથે ભજનની રમઝટ બોલાવી હતી.સમગ્ર લોહાણા સમાજમાં જલારામ જન્મજયંતિ નિમિત્તે બિલકુલ દિવાળી જેવો જ માહોલ સર્જાયો હતો.

૧.૩૮ કરોડના ખર્ચે વિવિધ રસ્તાના રી-કાર્પેટિંગ કામોનું ખાતમુહૂર્ત કરાવતા મંત્રી ભાનુબેન બાબરીયા

સાંસદ મોહનભાઈ કુંડારીયા અને મેયર નયનાબેન પેઢડીયાની પ્રેરક ઉપસ્થિતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૧

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા રાજકોટ ખાતે વિવિધ રસ્તાના રી-કાર્પેટિંગ કામોના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જોડાયા હતા.મંત્રી સાથે સાંસદ મોહનભાઈ કુંડારીયા તેમજ મેયર નયનાબેન પેઢડીયાએ શ્રીફળ વધેરીને નાના મૌવા મેઈન રોડ પાસે વોર્ડ નં ૧૧માં મારવાડી બિલ્ડીંગની સામેથી માલધારી ચોક સુધીના નવા નહેરૂનગર ટી.પી. રસ્તા તથા મોદી સ્કૂલ પાસેના રોડને ડામર રી-કાર્પેટ કરવાના કુલ રૂ.૧.૩૮ કરોડના કામનું ખાતમુહુર્ત કર્યું હતું.

આ પ્રસંગે ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, દંડક મનીષભાઈ રાડિયા, અગ્રણી મુકેશભાઈ દોશી, કોર્પોરેટરઓ, પક્ષના હોદ્દેદારો તેમજ સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧

ગીરનાં જંગલ વિસ્તાર નજીક રસ્તાના કેડે આરામ ફરમાવતા એક સિંહ અને સિંહણ સામે એક ભગરી ભેંસ આવી જતા આ ભેંસે સિંહ બેલડી સામે દોટ મૂકી હતી અને આરામ ફરમાવી રહેલ સિંહ અને સિંહણને ભગાડી મુકયા હતા. આફ્રિકાના જંગલોમાં જોવા મળતી ઘટનાઓ ગીરના વિસ્તારોમાં જોવા મળી હતી. આ સિંહ બેલડીને ઉભી પૂંછડીએ ભગાડતી ભેંસનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં અમરેલી જિલ્લાનાં સિંહ પ્રેમીઓ આ સિંહ બેલડીને નાસી છૂટવા મજબૂર કરતો વિડીયો હિટ થયો હતો. આ વાયરલ થયેલ વિડીયો ગીરનાં જંગલ આસપાસનો હોવાનું અનુમાન છે.

ગુરૂવારે દેવદિવાળી છે

કારતક સુદ અગિયારસ ને તારીખ ૨૩ નવેમ્બર ને ગુરુવાર ના દિવસે દેવદિવાળી છે. દેવદિવાળીને પ્રબોધિની એકાદશી પણ કહેવામાં આવે છે. દેવદિવાળીના દિવસથી ગંગા નદીનો પ્રવાહ તથા સમુદ્ર શાંત થાય છે એવી માન્યતા છે. આ દિવસે ઉપવાસ કરવાથી એક હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે તથા સો રાજસૂય યજ્ઞ કર્યાનું ફળ મળે છે તથા બધા જ પાપ નાશ પામે છે.

દેવદિવાળીના દિવસે ખાસ કરીને તુલસી પૂજા નુ તથા શાલિગ્રામ ની પૂજા નુ મહત્ત્વ વધારે છે. સવારના સમયે તુલસીજી સાથે શાલિગ્રામ રાખી તુલસીજી ને ચૂંદડી ઓઢાડી પોતાના આંગણા અથવા અગાશી ઉપર રાખવા તેના ઉપર શેરડીના સાંઠા નો માંડવો કરવો,ભગવાનને કુદરતી લીલો મંડપ કરાતો હોવાથી શેરડીનો માંડવો જ શ્રેષ્ઠ ગણવામાં આવે છે તે ઉપરાંત શેરડી ધરવામાં આવે છે. શેરડીમાં ગળપણ હોવાથી તુલસી વિવાહ કરવા થી દાંપત્યજીવન મા પણ મીઠાશ આવે છે. અષાઢી સુદ અગિયારસના દિવસથી દેવતાઓ પોઢી જાય છે અને દેવદિવાળી ના દિવસથી દેવતાઓ જાગે છે, આથી આ દિવસ બાદ લગ્ન જેવા શુભ પ્રસંગોની શરૂઆત થશે. દેવદિવાળીના દિવસે શાલિગ્રામ ઉપર વિષ્ણુ સહસ્ત્ર નામ બોલતા બોલતા તુલસીપત્ર ચડાવવા ઉત્તમ છે. તુલસીવિવાહ માટે સાંજે પ્રદોષ કાળ શુભ સમય સાંજના ૬.૦૨ થી ૮.૩૮ સુધીનો છે. તુલસી વિવાહ કરવાથી ઘરમાં સુખ-શાંતિમાં વધારો થાય છે અને દાંપત્યજીવનમાં મીઠાશ આવે છે.જે કોઈ લોકોને પોતાની કુંવારી કન્યા મૃત્યુ પામી હોય તો તેની પાછળ પણ તુલસી વિવાહ લોકો કરાવતા હોય છે. દેવદિવાળી ના દિવસે સાંજના સમયે તુલસીજી પાસે ચોખ્ખા ઘી નો દીવો કરી તુલસી તથા શાલિગ્રામ નુ પૂજન કરી ૧૦૮ અથવા તો એક.હજાર વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલી અને ૧૧ પ્રદક્ષિણા ફરવાથી જીવનની મુસીબતો દૂર થાય છે.

દેવદિવાળીમાં ભગવાનનું ખાસ પૂજન કરવામાં આવે છે. દેવતાઓની દિવાળી તરીકે પણ આ તહેવારને ઓળખવામાં આવે છે. શાલિગ્રામ વિષ્ણુ ભગવાન નુ સ્વરૂપ છે આથી ભગવાનની પોડશોપચાર પૂજા કરવામાં આવે છે

શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

ગુજરાત રાજ્યમાં ૪૮ સ્ટેશનો પર ૫૧ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ ઉપલબ્ધ છે

ભારતીય રેલવેની 'એક સ્ટેશન એક ઉત્પાદન' યોજનાથી વિક્રેતાઓ અને ગ્રાહકો બંનેને સમાન રૂપે મળી રહ્યો છે લાભ

પશ્ચિમ રેલવેના ૮૩ રેલવે સ્ટેશનો પર ૮૬ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

ભારતીય રેલવે એ ભારત સરકારના 'વોકલ ફોર લોકલ' વિઝનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી 'એક સ્ટેશન એક ઉત્પાદન' (**OSOP**) યોજના શરૂ કરી. આનો ઉદ્દેશ સ્થાનિક અને સ્વદેશી ઉત્પાદનો માટે બજાર ઉપલબ્ધ કરાવવાની સાથે-સાથે સમાજના હાંસિયા પર રહેનારા વર્ગો માટે વધારાની આવકના અવસર પેદા કરવાનો છે. આ યોજના હેઠળ રેલવે સ્ટેશનો પર સ્વદેશી/સ્થાનિક ઉત્પાદના પ્રદર્શન, વેચાણ અને હાઈ વિઝિલિબિટી માટે એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ ફાળવવામાં આવે છે. વર્તમાનમાં (૦૯.૧૧.૨૦૨૩ સુધી), ભારતીય રેલવેના ૧૦૩૭ સ્ટેશનો પર ૧૧૩૪ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ ચાલુ છે. આ દિશામાં, પશ્ચિમ રેલવેના ૮૩ સ્ટેશનો પર ૮૬ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ છે, જેમાંથી ૫૧ આઉટલેટ ગુજરાત રાજ્યમાં છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર દ્વારા આપવામાં આવેલી એક પ્રેસ રિલીઝ મુજબ 'એક સ્ટેશન એક ઉત્પાદન' એ સ્થળો માટે વિશેષ હોય છે આમાં સ્વદેશી જનજાતિઓ દ્વારા બનાવવામાં આવેલી કલાકૃતિઓ, સ્થાનિક વણકરો દ્વારા હાથશાળ, વિશ્વ પ્રસિદ્ધ લાકડાની કોતરણી, ચિકનકારી અને કપડાંઓ પર જરી-જરદોશી જેવી હસ્તકળા, અથવા મસાલા, ચા, કોફી અને અન્ય પ્રક્રિયા કરેલ/અર્ધ પ્રક્રિયા કરેલ ખાદ્ય પદાર્થ/ઉત્પાદન જે આ એવા વિસ્તારમાં સ્વદેશી રૂપે ઉગાડવામાં આવે છે વગેરે સામેલ છે. ગુજરાત રાજ્યમાં વિવિધ પ્રસિદ્ધ સ્વદેશી ઉત્પાદનો જેવા કે વાંસના બનેલા હસ્તશિલ્પ ઉત્પાદન, મિરર વર્કની વોલ હેંગીંગ, કલાકૃતિઓ અને વારલી પેન્ટીંગ, પારંપરિક હાથશાળ ઉત્પાદન જેમ કે હાથછાપની સાડીઓ, પોશાક સામગ્રી, જડતરનું કામ, નકલી ઘરેણાં, ચામડાના ઉત્પાદનો, પ્રક્રિયા કરેલા ખાદ્ય પદાર્થ જેમ કે અથાણાં, મસાલા, પાવડર, સુકા મેવા અને ત્યાં સુધી કે કાચું મધ પણ પ્રસિદ્ધ છે અને તેમને આવા આઉટલેટમાં વેચાણ માટે રાખવામાં આવે છે. વર્તમાનમાં, ગુજરાત રાજ્યમાં ૪૮ સ્ટેશનો પર ૫૧ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

ઠાકુર એ જણાવ્યું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ માં એક સ્ટેશન એક ઉત્પાદન (ઓએસઓપી) યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. પાયલોટ પ્રોજેક્ટ ૨૫.૦૩.૨૦૨૨ ના રોજ ૧૯ સ્ટેશનો પર ૧૫ દિવસો માટે લોન્ચ કરવામાં આવ્યો હતો. પાયલોટ પ્રોજેક્ટથી મળેલા અનુભવના આધારે રેલવે મંત્રાલય દ્વારા ૨૦.૦૫.૨૦૨૨ ના રોજ એક સ્ટેશન એક ઉત્પાદન નીતિ જાહેર કરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે આ દુકાનોએ આ વિક્રેતાઓના જીવન પર ખૂબ પ્રભાવ નાંખ્યો છે. તેમને એવી જગ્યા પર પોતાના સ્થાનિક ઉત્પાદનોને પ્રદર્શિત કરવા માટે એક શાનદાર મંચ મળી ગયું છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો આવે છે. આનાથી તેમના ઉત્પાદનોનું વેચાણ વધ્યું છે અને તેમના જીવનમાં ફેરફાર આવ્યા છે.

એક સ્ટેશન એક ઉત્પાદન સ્ટોલની ફાળવણી કેવી રીતે કરવામાં આવે છે?

આ યોજના હેઠળ ભારતીય રેલવે સ્વદેશી/સ્થાનિક ઉત્પાદનોને પ્રદર્શિત કરવા, વેચવા અને હાઈ વિઝિબિલિટી ઉપલબ્ધ કરાવવા એનઆઈડી/અમદાવાદ દ્વારા વિકસિત ડિઝાઈન મુજબ સ્ટેશનો પર વિશિષ્ટ રૂપ, અનુભવ અને લોકોની સાથે વિશિષ્ટ રૂપે ડિઝાઈન કરાયેલા વેચાણ આઉટલેટ ઉપલબ્ધ કરાયે છે. ફાળવણી એવા તમામ અરજદારોને ટેન્ડર પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે, જે સ્ટેશનો પર લોટરી મારફતે રોટેશનના આધારે યોજનાના ઉદ્દેશોને પૂર્ણ કરે છે.

કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો?

૦૯.૧૧.૨૦૨૩ સુધી કુલ ૩૯,૮૪૭ પ્રત્યક્ષ લાભાર્થીએ આ યોજના હેઠળ આપવામાં આવી રહેલા અવસરોનો લાભ મેળવ્યો છે. પ્રત્યેક ફાળવણીએ ૫ ના દરે અપ્રત્યક્ષ લાભાર્થીઓને માનતાં, કુલ લાભાર્થી ૧,૪૩,૨૩૨ છે. કુલ ૪૯.૫૮ કરોડ રૂપિયાનું વેચાણ નોંધવામાં આવ્યું છે.

મહારક્તદાન કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૧

દિવાળીના વેકેશનને લીધે રાજકોટ સિવિલ હોસ્પીટલ તેમજ જુનાગઢ સિવિલ હોસ્પીટલમાં બ્લડની ખુબ જ અછત હતી ત્યારે ગીર-સોમનાથ જીલ્લાના કોડીનાર પેઢાવાડ ગામના સ્નેહીજનોનું આકસ્મીક નિધન થયેલ હોય, તેમના સ્મણાર્થે, તેમજ પૂજ્ય જલારામબાપાની ૧૨૪મી જન્મજયંતિ નિમિત્તે, તેમજ ગઇકાલે સ્વ. સંજયભાઇ ખૂંટ ના સ્મૃતિરૂપે તેમજ મહિકા, રાજકોટ ખાતે શ્રીમદ્ ભાગવત સમાહ નિમિત્તે મહારક્તદાન કેમ્પ યોજાયેલ. આ સર્વે કેમ્પોમાં રાજકોટ સિવિલ હોસ્પીટલને ૬૧૨ બ્લડની બોટલ્સ, જુનાગઢ સિવિલ હોસ્પીટલને ૧૩૫ બ્લડની બોટલ્સ તેમજ અન્ય બ્લડબેંકને ૮૯૯ બ્લડની બોટલ્સ, આમ ટોટલ ૧૬૪૬ બ્લડની બોટલ્સ એકત્રિત કરી, અપર્ણ કરવામાં આવેલ. પેઢાવાડા મહારક્તદાન કેમ્પમાં અરસીભાઇ ઝાલા, જીતુભાઇ ઝાલા, દિનેશભાઇ સોલંકી, સંજયભાઇ સોલંકી, પેઢાવાડા ગ્રામજનોના પરીવાર તેમજ રઘુવંશી મિત્રમંડળ, મહીકા રાજકોટ ખાતે ભીખાભાઇ ખૂંટ, અનિલભાઇ ખૂંટ, દિપકભાઇ ખૂંટ, જીજ્ઞેશભાઇ, રસીકભાઇ, પંકજભાઇ ખૂંટ, ખૂંટ પરીવાર, મહીકા ગ્રામજનો, પરીવારના સાથ-સહકાર પ્રાપ્ત થયેલ. શ્રીમદ્ રામચંદ્ર ફાઉન્ડેશનના પ્રમુખ વિનય જસાણી ખાસ જણાવે છે કે કોઇપણ વ્યક્તિની સ્મૃતી રૂપે કે જન્મદિવસ કે પ્રસંગ નિમિત્તે સિવિલ હોસ્પીટલ ના લાભાર્થે કેમ્પ કરાવી આપશે.

ગુજરાત પ્રદેશ શક્તિ સુપર શીના પ્રદેશ ચેરપર્સન વૈશાલી શીંદે દ્વારા

પ્રિયદર્શની એવોર્ડ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૧

અખંડ ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન લોખંડી મહિલા સ્વઃ શ્રીમતી ઇન્દિરા ગાંધીજીના જન્મ જયંતિ નિમિત્તે ભારતીય યુવા કોંગ્રેસ અંતર્ગત ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની સૂચના થી ગુજરાત પ્રદેશ શક્તિ સુપર શીના પ્રદેશ ચેરપર્સન વૈશાલી શીંદે દ્વારા પ્રિયદર્શની એવોર્ડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ ક્ષેત્રે સુપર વુમન નું બિરૂદ આપી શકાય તે મહિલાઓનું શીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા ઓ માટે પ્રેરણા બની શકે, શિક્ષણ જગતમાં એક આગવુ નામ ધરાવતા અલ્પાબેન ત્રીવેદી (હેલીબેન) જે યુવા મહિલાઓ માટે શિક્ષણ સાથે સશક્તિકરણ કરવા માટે પણ હમેંશા આગળ રહે છે. સ્મિતાબેન ઝાલા જેઓ એમ.જે કુંડલીયા ના પ્રિન્સિપલ છે અને સાથે રામકૃષ્ણ મિશન સાથે પણ સંકળાયેલ છે. પ્રિતિબેન ગણાત્રા તેઓ જે.જે કુંડલીયા કોલેજ ના પ્રિન્સિપલ છે સાથે સ્પોર્ટ માટે બહેનોને પ્રેરણા આપે છે. અને સેવાકિય કાર્યો કરે છે. મંજુબેન આહિર સામાજિક ક્ષેત્રે સિવિલ હોસ્પિટલ માં નિઃશૂલ્ક સેવા આપી જરૂરીયાત મંદ લોકોને સહાય કરે છે. પ્રિતિબેન પટેલ.

સ્વચ્છતા હી સેવા અભિયાન

શહેરના ૧૦૨ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કરી ૨૩ ટન કચરાનો નિકાલ

શહેરના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૪.૫ ટન કચરાનો નિકાલ

રાજકોટ,તા.૨૧

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા.૨૧/૧૧ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનના ૧૦૨ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કામગીરી કરી ૨૩ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.ન્યુસન્સ પોઈન્ટ સહીત શહેરના તમામ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવે છે અને દરેક મુખ્ય માર્ગ પર નિમણુંક કરેલ પ્રભારી ઓફિસર દ્વારા સફાઈ કામગીરીનું સુપરવીઝન કરવામાં આવે છે. ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જાંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા વિનામુલ્યે તુલસીના રોપા (કુંડા સાથે) વિતરણ કરાયા

રાજકોટ,તા.૨૧

વિધાનસભા-૬૮(રાજકોટ પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડની એક યાદીમાં જણાવાયું છે કે કારતક માસની એકાદશી એ આવતા તુલસી વિવાહનો તહેવાર ખૂબ જ શુભ માનવામાં આવે છે. તુલસીને વિષ્ણુપ્રિયા તરીકે પણ ઓળખવામાં આવે છે.વર્ષોથી દેવઉઠી અગીયારસના દિવસે ઘર-મંદિરોમાં તુલસી વિવાહની પ્રથા છે.તુલસીના પવિત્ર છોડનો ધાર્મિક વિધિ-વિધાનમાં ઉપયોગ થવાની સાથે ઔષધિયય ગુણોથી ભરપૂર હોય અનાદિકાળથી ઘેર-ઘેર પુજાતી તુલસી અનેકરોગોમાં અક્સીર છે ત્યારે વિધાનસભા-૬૮(રાજકોટ- પૂર્વ) જનસેવા કાર્યાલય ખાતે વિનામુલ્યે ૩ હજારથી વધુ તુલસીના રોપા (કુંડા સાથે) વિતરણ કરવામાં આવેલ હતા.

આ કુંડા વિતરણનો પ્રારંભ ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી સહીતના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતો.

આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશ પરમાર, પરીમલ પરડવા, પુજાબેન પટેલ, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, નયનાબેન સોલંકી,પુર્વ ડે. મેયર વલ્લભભાઈ દુધાત્રા, પુર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, કોર્પોરેટરો કંકુબેન ઉધરેજા, કાળુભાઈ કુગશીયા, વજીબેન ગોલતર, રસીલાબેન સાકરીયા, દેવુબેન જાદવ, મંજુબેન કુંગશીયા, ભાવેશ દેથરીયા, પરેશ પીપળીયા (પી.પી.), વોર્ડપ્રભારીઓ જે.ડી. ભાખર, દુષ્યંત સંપટ, રસીકભાઈ પટેલ,જયેશ દવે, વરજાંગભાઈ હુંબલ, વોર્ડપ્રમુખ, મહામંત્રીઓ કાનાભાઈ ડેરૈયા, ભરત લીંબાશીયા, હિતેશ મઠીયા, પરેશ લીંબાશીયા, દીનેશભાઈ ડાંગર, મુકેશ ધનસોતા, અંકીત દુધાત્રા, અનિલ ચૌહાણ, હરેશ ઘેંઘુકીયા, મયુર વજકાણી, જયવંતસિહ જાડેજા, મૌલિક પરમાર,રાજેશ લીલા, હસુભાઈ કાચા, મનુભાઈ પ્રજાપતી, શહેર ભાજપ કીસાન મોરચા મહામંત્રી ભરત રાદડીયા, તેમજ દિગુભા ગોહીલ, માલદેવસિહ ચુડાસમા, શામજીભાઈ ચાવડા, મયુર ભમ્મર, સંજય ચાવડા,હસમુખભાઈ તલસાણીયા, પરાગ મહેતા, નરેન્દ્ર મકવાણ સહીતના સાથે વિવિધ શ્રેણીના કાર્યકર્તા ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ઉદયભાઈ કાનગડ જનસેવા કાર્યાલયના મનસુખભાઈ પીપળીયા, રાજન ઠકકર સહીતનાએ જહેમત ઉઠાવી હતી.

શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા

પૂ.જલારામ બાપાની ૨૨૪મી જન્મ જયંતિની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૧

જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા તા.૧૯-૧૧ રવીવારના આનંદનગર નિલકંઠ ટોકીઝ ખાતે જલારામબાપાની ૨૨૪ મી જન્મજયંતિ ની ઉજવણી ખુબ આસ્થાભેર ધામધુમથી ઉજવવામાં આવી હતી. જેમાં બપોરની મહાઆરતી ક્રિષ્નાબેન રાજુભાઇ ચોટાઇ, દક્ષાબેન અઢીયા, પ્રતાપભાઇ પટેલ, રેખાબેન ભરતભાઇ, અશોકભાઇ ભટ્ટ, જયેશભાઇ નથવાણી, રમેશભાઇ ઠક્કર તથા તમામ દાતાઓના હસ્તે થઇ હતી. ત્યારબાદ આશરે દોઢેક હજાર ભાવિકોએ પ્રસાદ લીધો હતો. ત્યારબાદ સાંજે ૫ થી ૮ સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસાના પાઠ, ધુન ભજન નો કાર્યક્રમ હતો. સાંજે ૬ કલાક થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી હજારોની સંખ્યામાં ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. મહાપ્રસાદમાં ખીચડી, કઢી, બટેટાનું શાક, મીઠી ગુંદી, ગાંઠીયા, સંભારો જેવો પ્રસાદ રાખેલો હતો. હજારો ભાવિકોએ અન્નકુટ દર્શનનો પણ લાભ લીધો હતો.

જલારામ સેવા મંડળ ટ્રસ્ટ વતી લીનાબેન સમીરભાઇ રાજાણી તમામ દાતાઓનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

રાજકોટની તમામ સ્કૂલોના ધો.૧ થી ૯ ના વિદ્યાર્થીઓને પૂર્ણ વેકેશન મળશેઃ રોહિતસિંહ રાજપૂત

ધો.૧ થી ૯ સદંતરે તમામ સ્કૂલો બંધ રાખવાની સંચાલકોની કોંગ્રેસને બાહેંધરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

દિવાળી વેકેશનની જાહેરાત થયા બાદ રાજકોટની મોટાભાગની શાળાઓએ વેકેશન ટુંકાવ્યા બાદ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ રોષે ભરાયા હતા અને વિદ્યાર્થીનેતાઓને ફરિયાદો કરી હતી.જો કે આ બાબતે કોંગ્રેસના પ્રવકતાએ જિલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદોને આધીન આવી શાળાઓ પૂર્ણ વેકેશનના નિયમનું પાલન કરાવવા અન્યથા કડક કાર્યવાહી કરવા રજુઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ તરફથી એવી જાહેરાત કરવામાં આવી હતી કે બોર્ડના ધોરણો ૧૦,૧૧ અને ૧૨ સિવાય કોઈ પણ ધોરણના વિદ્યાર્થીનું શૈક્ષણિક કાર્ય ચાલુ રાખનાર સ્કૂલ પર હલ્લાબોલ કરી તાળાબંધી કરવામાં આવશે.

કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે અમને ઘણા શિક્ષણવિદો અને શાળાઓના સંચાલકોની રજુઆત આવી હતી કે ધો.૧૦,૧૧ અને ૧૨ ને બોર્ડની પરીક્ષાઓ નજીક હોય કોર્ષ પૂર્ણ કરાવવા,રીવીઝન અને ટેસ્ટ જેવી બાબત માટે વાલીઓની સમંતિ સાથે શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં દેવામાં આવે. જો કે આ બાબતે કોંગ્રેસના વિદ્યાર્થીનેતાએ જણાવ્યું હતું કે અમારા માટે વિદ્યાર્થીહિત સર્વોપરી હોય છે અને અમે આંદોલનની જાહેરાત સમયે અને જિલ્લા શિક્ષણ અધિકારીને રજુઆત સમયે પણ બોર્ડના ધોરણોની સમયની મહત્વકાંક્ષા સમજી આ ધોરણોનું એક્સટ્રા ક્લાસ કે વેકેશનમાં સ્કૂલ ચાલુ રાખે તેનો વાંધો નોહતો ઉઠાવ્યો.

વેકેશનમાં ધો.૧ થી ૯ ને સદન્તરે બંધ રાખી પૂર્ણ વેકેશન બાબતે ખાનગી શાળા સંચાલક મંડળના આગેવાનો એ પણ તમામ સભ્ય મંડળની સ્કૂલોને સૂચનાઓ આપી હતી કે બોર્ડના ધોરણો વગર આપણે બાળકોને વેકેશન પૂર્ણ આપીશું. જો કે રાજકોટની મોટાભાગની શાળાઓએ જૂનો સર્ક્યુલર બદલાવી ધો.૧ થી ૯ ને

પૂર્ણ વેકેશનનો નવો સર્ક્યુલરની જાહેરાત કરી હતી.તેમ છતાં કોઈ સ્કૂલ વેકેશનમાં ધો .૧ થી ૯ બોલાવશે તો અમે હલ્લાબોલ કરી બંધ કરાવીશુ તેવું કોંગી પ્રવક્તાએ જણાવ્યું હતું. શાળા સંચાલકો અને વિદ્યાર્થીનેતાઓ વચ્ચે સમજૂતી બાદ આ વિદ્યાર્થીહિત નિર્ણય લેવાયો છે તેવું યાદીમાં જણાવ્યું હતું.

સૌરાષ્ટ્રના સિનિયર એડવોકેટ અનિલભાઈ દેસાઈનો આજે જન્મદિવસ

રાજકોટઃ સૌરાષ્ટ્રના સિનિયર એડવોકેટ અનિલભાઈ દેસાઈનો આજે જન્મદિવસ છે. વકીલાત ના વ્યવસાય માં ૩૮ વર્ષની સફળ કારકિર્દી દરમિયાન ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી રાજકોટ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ ગવર્નમેન્ટ પ્લીડર(**DGP**) અને પબ્લિક પ્રોસયુકટર તરીકે પણ જવાબદારી સંભાળી ચુકયા છે.

અનિલભાઈ દેસાઈ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ગુજરાત સરકારના બોર્ડ નિગમો, રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, સરકારી વીમા કંપનીઓ, યુનિવર્સિટી, રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી(રૂડા), સહિત ૪૦ જેટલી સ્ટેચ્યુટરી સંસ્થાઓ ના પેનલ ઉપર એડવોકેટ તરીકે કાર્યરત છે.રાજકોટ શહેરના પ્રાચીન મહાદેવ મંદિર પૈકીના એક એવા ''પંચનાથ મહાદેવ મંદિર'' ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેમજ આ પરિસરમાં તાજેતરમાં જ રૂપિયા ૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ''પંચનાથ હોસ્પિટલ''માં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે.રાજકોટ શહેરની વર્ષો જૂની અને જાણીતી સંસ્થા '' જૈન બાલાશ્રમ'' માં ટ્રસ્ટી તરીકે કાર્યરત છે.

અનિલ દેસાઈના જન્મદિવસ નિમિત્તે તેમના કુટુંબીજનો, મિત્રો, તેમજ તેમના બહોળા ચાહક વર્ગ શુભેચ્છાઓ, શુભકામનાઓ અને અભિનંદન વર્ષા તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૦ ૪૩૭૮૯ ઉપર કરી રહ્યા છે.

રાજુલા માર્કેટીંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્ર શરૂ કરાયું

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા,તા.૨૧

રાજુલા શહેરમા આવેલ માર્કેટીંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી કેન્દ્ર શરૂ કરવામા આવ્યું છે. કિસાન ઉત્પાદક અને રૂપાંતર મંડળી દ્વારા મગફળીની ખરીદી શરૂ કરવા માટે માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલને રજૂઆત કરાઇ હતી. ત્યાર-બાદ મગફળીની શરૂ કરવામા આવી હતી. આ તકે માર્કેટીંગ યાર્ડ ઉપપ્રમુખ અરજણભાઇ વાઘ, સંઘના ઉપ પ્રમુખ ભુપેન્દ્રભાઈ વરુ, માર્કેટયાડના ડાયરેકટર રમેશભાઈ વસોયા, સંઘના ડાયરેકટર વિનુભાઇ તારપરા, મંડળીના પ્રમુખ ઘનશ્યામભાઇ સાવલિયા, દર્શકભાઇ કસવાળા તેમજ અધિકારીઓ અને ખેડૂતોની હાજરીમાં ટેકાના ભાવથી મગફળીનુ કેન્દ્ર શરૂ કરવામા આવ્યું હતું.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રેલનગર ખાતે આવેલ

૧.૫ બી.એચ.કે.ના ૧૦૧૦ આવાસોના ફોર્મ વિતરણ તા.૨૩મી શરૂ

મેયર, ડે. મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન,મ્યુનિ. કમિશનર અને હાઉસીંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિના ચેરમેનએ કરેલ જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રેલનગર, ઘનશ્યામ બંગ્લોઝની બાજુમાં, પોપટપરા વેર હાઉસ પાસે, રાજકોટ ખાતે આવેલ ૧.૫ **BHK**ના ૧૦૧૦ આવાસોના ફોર્મ તા.૨૩/૧૧ થી તા.૨૨/૧૨ દરમિયાન કોટક બેંકની રાજકોટ શહેરની તમામ શાખાઓ તથા રાજકોટ મહાનગરપાલિકાના તમામ સિવિક સેન્ટર્સ ખાતેથી રૂ.૧૦૦ ની ફી ભરી મેળવી શકાશે. ફોર્મ જમાં કરાવવાની આખરી તા.૨૨/૧૨ રહેશે. અરજદારો રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ **WWW.RMC.GOV.IN** પર જઇ



ઓનલાઇન ફોર્મ પણ ભરી શકશે. ઓનલાઇન ફોર્મ ભરવાના કિસ્સામાં ફી રૂ.૫૦ રહેશે. આવાસની કિંમત રૂ.૫,૫૦,૦૦૦ રહેશે. સમગ્ર કુટુંબની મહત્તમ વાર્ષિક આવક મર્યાદા રૂ.૩.૦ લાખ રહેશે. આવાસ ફાળવણી કમ્પ્યુટરાઇઝડ ડ્રો દ્વારા કરવામાં આવશે તેમ, મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકર,દંડક મનીષભાઈ રાડીયા, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ અને હાઉસીંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિના ચેરમેન નીતિનભાઈ રામાણીએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

આ આવાસ યોજનાના દરેક આવાસમાં લઘુત્તમ કાર્પેટ વિસ્તાર અંદાજિત ૪૦ ચો.મી. રહેશે. જેમાં એક બેડ રૂમ, એક સ્ટડી રૂમ, એક હોલ, કિચન, વોશ એરિયા અને બાથરૂમ-ટોઇલેટ સાથે ૪૦ ચો.મી. એરિયાની સુવિધા આપવામાં આવશે.

અતડા, એકલવાયા જીવને મોટો ખતરો

કોચલામાં રહેતા માણસે મિત્રો બનાવવા જોઇએ, મન મોકળું કરવું જોઇએ



અમદાવાદ.તા.૨૧

WHO એકલાપણાને ઘાતક ગણાવ્યું છે. **WHO**એ આવર એપિડેમિક ઓફ ગ્લોબલ લોનલીનેસ અને આઈસોલેશન નામના રિપોર્ટમાં જણાવ્યું છે કે, એકલાપણું તે એક દિવસમાં ૧૫ સીગારેટ પીવા જેટલું જોખમી છે. એકલાપણાને કારણે હૃદયરોગ, સ્ટ્રોક, ડિમેન્શિયા, ડિપ્રેશન, ચિંતા અને અકાળ મૃત્યુનું જોખમ રહેલું છે. **WHO** અનુસાર, લગભગ ૫થી૧૫ ટકા ટીનએજર એકલાપણાનો સામનો કરી રહ્યા છે અને આ સંખ્યા વધી શકે છે. એકલતાને કારણે વ્યક્તિના રોજિંદા જીવન પર અસર થાય છે. જેની વ્યક્તિના કામ, ખાનપાન અને વર્તન પર નકારાત્મક અસર પડે છે. આ કારણોસર એકલતાનો સામનો કેવી રીતે કરવો તે સમજવું ખૂબ જ જરૂરી છે. એકલતાની સમસ્યાથી કેવી રીતે બચી શકાય તે અંગે અહીંયા જણાવવામાં આવ્યું છે. તમારા ઘણા મિત્રો હશે અથવા તમે હંમેશા લોકોથી ઘેરાયેલા રહેશો, તો એકલતા નહીં લાગે તે બિલ્કુલ અસત્ય છે. ખુદની સાથે સંબંધ મજબૂત બનાવવો ખૂબ જ જરૂર છે. ઘણી વખત આપણે ખુદને મહત્ત્વ આપતા નથી અને અન્ય લોકો દ્વારા ખુદને વેલિડેટ કરાવવાની કોશિશ કરીએ છીએ. આ કારણોસર સેલ્ફ કેર અને સેલ્ફ લવ ખૂબ જ જરૂરી છે. જો તમે એકલા રહો છો અને લોકોને મળવું વધુ પસંદ નથી, તો તમે કોઈ પાળતુ પ્રાણી રાખી શકો છો. જે માટે શ્વાન અને બિલાડી સૌથી સારો વિકલ્પ છે, જે ઘણીવાર તમારા મૂડને ઓળખીને તમારું મનોરંજન કરે છે. પાળતુ પ્રાણી સાથે રમવું અને હેંગઆઉટ કરવું તે તમારા માનસિક આરોગ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. અનેક વાર મિત્રો હોવા છતાં તેમની સાથે વધુ વાત કરતા નથી અને મળતા નથી. જેના કારણે સંબંધો નબળા પડી જાય છે અને ધીમે ધીમે આપણા મિત્રો આપણાથી દૂર થતા જાય છે. આ કારણોસર તમારા જૂના મિત્રો સાથે સંબંધો મજબૂત કરવાની કોષિશ કરો. આ પ્રકારે કરવાથી તમારા માનસિક આરોગ્ય પર સારી અસર થશે. જો તમે એકલતા લાગી રહી છે, તો કુટુંબના સભ્યો અથવા મિત્રો સાથે વાત કરી શકો છો. જેથી તણાવ ઓછો થશે. ઉપરાંત તમે તમારી સપોર્ટ સિસ્ટમની મદદથી તમારી સમસ્યાનું નિવારણ લાવી શકો છો. જો તમને એવું લાગી રહ્યું છે કે, તમારે મદદની જરૂર છે, તો તમે પ્રોફેશનલની મદદ લઈ શકો છો. થેરાપી લેવાથી તમારી માનસિક સમસ્યા દૂર કરી શકશો, કઠિન સવાલોના જવાબ શોધી શકશો અને માનસિક આરોગ્યમાં સુધારો થશે.

સુરત, રાજકોટ અને વડોદરા ચાર શહેરોમાં પાસાના કેસોમાં વધારો

ચાલુ વર્ષ સપ્ટેમ્બર,૨૦૨૩માં ૨૮૨૧ લોકોને પાસા હેઠળ જેલ હવાલે કર્યા

અમદાવાદ,તા. ૨૧ :

પાસા હેઠળ કાર્યવાહી કરવાના મામલે રાજય પોલીસની કામગીરી ઘટી રહ્યાનું આંકડાઓ પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. બીજી તરફ અન્ય શહેરોની સરખામણીમાં ક્રાઈમ રેટ વધી રહ્યો હોવા છતાં પણ અમદાવાદ પોલીસ પાસાની કાર્યવાહીમાં કાચબા ગતિએ ચાલી રહ્યાનું વલણ જોવા મળ્યું છે. શહેરમાં ક્રાઈમ રેટ વધ્યો હોવા છતાં પણ ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે શહેર પોલીસે ૩૯ ટકા પાસાના કેસો ઓછા કર્યાનો રિપોર્ટ આવ્યો છે. અમદાવાદ શહેર ઉપરાંત અમદાવાદ રેન્જ અને ગાંધીનગર રેન્જમાં પણ પાસાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. ક્રાઈમ રેટ વધવા પાછળ પોલીસે પાસાની કાર્યવાહી કરવામાં અપનાવેલી ઢીલી નિતી જવાબદાર હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

સમગ્ર રાજયમાં ગત વર્ષે સપ્ટેમ્બર,૨૦૨૨ સુધીમાં ૨૭૩૨ લોકોને પાસા હેઠળ જેલ હવાલે કરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષ સપ્ટેમ્બર,૨૦૨૩માં ૨૮૨૧ લોકોને પાસા હેઠળ જેલ હવાલે કર્યા હતા. આમ, ગત વર્ષની સરખામણીમાં આ રેશીયો ૩ ટકા વધ્યો છે. બીજી તરફ અમદાવાદ શહેર, અમદાવાદ અને ગાંધીનગર રેન્જમાં પાસાના કેસો ગત વર્ષની સરખામણીએ ઘટયા હતા. અમદાવાદ શહેર પોલીસે ૨૦૨૨માં સપ્ટેમ્બર માસ સુધી ૮૭૭ લોકોને પાસા હેઠળ જેલ હવાલે કર્યા હતા જેની સામે ચાલુ વર્ષે નવ માસના સમયગાળામાં માત્ર ૫૩૫ લોકો સામે પાસાની કાર્યવાહી થઈ આમ આ કેસોમાં ૩૪૨નો ઘટાડો જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરમાં ક્રાઈમ રેટ વધી રહ્યો હોવા છતાં પણ પોલીસ પાસાના કેસો કરવામાં કેમ ઢીલી નિતી અપનાવી રહી છે, તે મોટો સવાલ છે. રાજયમાં પાસાના કેસોમાં માત્ર ત્રણ ટકા વધારા સામે અન્ય રેન્જોમાં આ કાર્યવાહીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, જુનાગઢ રેન્જનો સમાવેશ થાય છે. જયારે રાજકોટ, બોર્ડર, વડોદરા, ગોધરા અને સુરત રેન્જમાં પાસાના કેસોમાં વધારો જોવા મળ્યો છે. રાજયના ચાર શહેરોમાં સુરત, રાજકોટ અને વડોદરામાં પાસાના કેસોમાં વધારો થયો છે. જેમાં સુરત શહેરમાં ગત વર્ષ કરતા ચાલુ વર્ષ ૩૩૯ કેસો વધુ કરવામાં આવ્યા છે.

એકલા ગીર સોમનાથ જિલ્લામા ૧૫૦ થી વધુ મિનિ ઓઈલ મિલો એક માસમાં સવાથી દોઢ લાખ ડબ્બા સિંગતેલનું ઉત્પાદન

સૌરાષ્ટ્રમાં કચ્ચીઘાણી સિંગતેલનો ટ્રેન્ડ, ૪૫૦ જેટલી લઘુમિલોમાં થાય છે પિલાણ

રોજની ૪૫૦ ખાંડી પીલાય છે મગફળી, લઘુ ઓઈલમિલ ઉદ્યોગને લોકોની શુદ્ધતાનો આગ્રહ ફળે છે

રાજકોટ.તા.૨૧

એક જમાને વગોવાઈ ગયેલા કચ્ચી ઘાણી સિંગતેલ તરફ લોકો ફરી વળવા લાગ્યા છે. એમાં પણ સૌરાષ્ટ્રમાં કચ્ચી ઘાણી તેલનો ટ્રેન્ડ ચાલુ થતાં લાભપાંચમથી અનેક મિનિ ઓઈલ મીલ કચ્ચી ઘાણી સંચાલકોએ મુહુર્ત કરી ધીમે ધીમે પીલાણનો પ્રારંભ કર્યો છે.

એક જમાને લોકો સિંગતેલના ઉપયોગથી સાવ વિમુખ થઈ ગયા હતા પણ છેલ્લા પાંચ વર્ષથી મોટા ભાગના લોકો સિંગતેલ તરફ વળવા લાગ્યા છે .કારણ કે સિંગતેલમાં કોલેસ્ટેરોલ સાવ નીલ હોય છે અને આ તેલ કેમિકલ પ્રોસેસથી રિફાઇન થતું ન હોવાથી ,કેમિકલ મુક્ત હોવાથી લોકો સિંગતેલને પ્રિફર કરવા લાગ્યા છે.તેમજ' નજર સામે' પિલાણ કરી દેતી મિનિ ઓઈલ મિલ સમાન કચ્ચીઘાણીનો ઉદ્યોગ સૌરાષ્ટ્રમાં મોટા પાયે ધમધમી રહ્યો છે. જેમાં સૌરાષ્ટ્રમાં આશરે ૪૫૦ જેટલી કચ્ચી ઘાણી ઓઈલ મિલો હાલ ધમધમી રહી છે.જેમાં ગિરસોમનાથ પંથકમાં જ ૧૫૦થી વધુ મિનિ ઓઈલ મિલો ધમધમી રહી છે.

તેલની ટેકનિક એવી હોય છે કે બે રીતે એનું શુદ્ધિકરણ કરવામાં આવે છે એક ટેકનિક ફિલ્ટરની છે. જેમાં ગાળીને તેલ શુદ્ધ કરવામાં આવે છે. અને બજી પદ્ધતિ જે તેલીબીયામાંથી તેલ કાઢી રિફાઇન્ડ કરી પાતળુ બનાવવામાં આવે છે એમાં અનેક જાતના કેમિકલ વાપરવામાં આવે છે. એમાં રિફાઇન્ડ કપાસિયા ,મકાઈ, વગેરે તેલ હોય છે. બીજી પિલાણની પદ્ધતિ એકસપેલર ક્રશિંગ પદ્ધતિ હોય છે.જેમાં કોઈ પણ જાતના કેમિકલનો ઉપયોગ થતો નથી. તેમાં 'ફિલ્ટર પદ્ધતિ'નો ઉપયોગ થાય છે.જેથી વધુ સ્વાસ્થ્યપ્રદ મનાય છે. સૌરાષ્ટ્રમાં અનેક જગ્યાએ ગામડે ગામડે હવે લઘુ ઓઈલમિલો બનવા લાગી છે. કારણ કે ગામડે મગફળીનો જથ્થો સારા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ જાય છે અને પરિવહન ખર્ચ ઘટી જાય છે. સૌરાષ્ટ્રમાં આશરે રોજ ૫૦૦૦ ડબા તેલ નીકળે છે એમાં એકલા ગિર સોમનાથ જિલ્લામાં ૩૬૦૦ ડબાનું ઉત્પાદન થાય છે.અને મહિના દરમિયાન ગિરસોમનાથ જિલ્લામાં સવાથી દોઢ લાખ ડબા સિંગતેલ બની જાય છે. ગિરસોમનાથ જિલ્લામાં રોજની ઓછામાં ઓછી સાડા ચારસો ખાંડી મગફળી પિલાય છે. એના ક્રશિંગ મારફત પશુઆહાર ખોળ બને છે અને ફોતરીના વ્હાઈટ કોલ બ્લોક બને છે મગફળીની એક પણ 'બાય પ્રોડક્ટ' નકામી કે વેસ્ટ જતી નથી.

એક ખાંડી મગફળીમાંથી ૧૨૦ કિલો (આઠ ડબ્બા) સુધી સિંગતેલ નીકળે

તેલીબીયામાં મગફળીમાં વધુ તેલ નીકળે છે ઉદ્યોગ ચલાવનારાઓ કહે છે કે સારી મગફળીમાંથી ખુબજ સિંગતેલની રિકવરી થાય છે. એક ખાંડી મગફળીમાંથી આઠ ડબ્બા જેટલું સિંગતેલ નીકળે છે. શરીર માટે સિંગતેલ કયારેય વિલન નથી થતું પણ એનો અતિરેક વધારે નુકસાનકારક બને છે. યાદ રહે કોઈ એક વ્યકિત સો ગ્રામ સિંગદાણા ખાઈ જાય તો એના પેટમાં ૩પથી ૫૬ ગ્રામ સિંગતેલ જાય છે.

લીલી પરિક્રમાનો વિધીવત રીતે પ્રારંભ આડે એક દિવસ બાકી: તૈયારીનો ધમધમાટ

૬ રેસ્ક્યુ અને ટ્રેકર ટીમ તૈનાત:૭૧ અન્નક્ષેત્રને પરમિશન અપાઇ, જંગલમાં સ્ટાફને વોકીટોકી, વાયરલેસ સેટ અપાયા

પરિક્રમા રૂટ પર ૮૦૦ બોરા બાંધ્યા:જંગલમાં પ્લાસ્ટિકને જતું અટકાવવા પરિક્રમા રૂટ પર ૮૦૦ બોરા બાંધ્યા

જૂનાગઢદર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારની લીલી પરિક્રમા કરતા હોય છે. જેમાં જાણતા અજાણતા પ્રકૃતિના ખોળે પ્લાસ્ટિકરૂપી પ્રદૂષણ ફેલાવતા હોય છે. તો તેના નિવારણ માટે આ વર્ષે વસુંધરા મેચર કલબ તથા ભગતસિંહ યુવા સમિતિ દ્વારા આખા પરિક્રમાના રૂટ પર ૮૦૦ બોરા (કચરાપેટી) લગાવવામાં આવી છે. સાથે તમામ પરિક્રમાર્થીઓને અપીલ કરી છે કે ગિરનારને સ્વચ્છ રાખવા કચરો કચરાપેટીમાં જ નાખીએ અને પ્લાસ્ટિક મુક્ત પરિક્રમા બનાવીએ.

લીલી પરિક્રમા માટે જૂનાગઢ એસટી ૨૨૫ બસ દોડાવશે

જૂનાગઢમાં યોજાનારી લીલી પરિક્રમાને લઇ એસટી વિભાગે પણ સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. ભાવિકોને પરિક્રમામાં બહારગામથી આવવા- જવા તેમજ જૂનાગઢ બસ સ્ટેશનથી ભવનાથ જવા -આવવા માટે કુલ ૨૨૫ બસ દોડાવાશે. આ અંગે જૂનાગઢ એસટીના ડિવીઝનલ કન્ટ્રોલર આર.પી.શ્રીમાળીએ જણાવ્યું હતું કે, ભવનાથ ખાતે કારતક સુદ અગિયારસ- ૨૩ નવેમ્બરથી કારતક સુદ પૂનમ- ૨૭ નવેમ્બર સુધી લીલી પરિક્રમા યોજાનાર છે. આ પરિક્રમામાં પ્રતિ વર્ષ લાખ્ખોની સંખ્યામાં પરિક્રમાર્થીઓ સ્વયંભૂ ઉમટી પડે છે. ત્યારે પરિક્રમમાં આવનાર પરિક્રમાર્થીઓને આવવા- જવામાં કોઇ મુશ્કેલી ન પડે તે માટે એસટી દ્વારા વિશેષ બસ દોડાવવાનું આયોજન કરાયું છે. આ બસ સેવાનો ૨૩ નવેમ્બરથી પ્રારંભ થશે અને ૨૭ નવેમ્બરે લીલી પરિક્રમા પૂર્ણ થાય ત્યા સુધી બસનું સંચાલન કરાશે. આમાં બહારગામથી જૂનાગઢ આવવા અને જવા માટે મોટી ૧૬૫ બસ દોડાવાશે. જ્યારે જૂનાગઢ બસ સ્ટેશનથી ભવનાથ સુધી જવા - આવવા ૬૦ મિની બસ દોડાવાશે. બસ સ્ટેશનથી ભવનાથ જવા - આવવાનું ભાડું ૨૫-૨૫ રૂપિયા નક્કી કરાયું છે. કેટલાક ખાનગી વાહન ચાલકો ભાડામાં ઉઘાડી લુંટ ચલાવતા હોય છે. ત્યારે પરિક્રમાર્થીઓને ખાનગી વાહનોમાં વધુ ભાડું ચૂકવવું ન પડે તે માટે એસટી દ્વારા વધારાની બસ દોડાવવાનું આયોજન કરાયું છે.

ટ્રાફિક નિયમન માટે માર્ગો એકતરફી જાહેર કરાયા:પરિક્રમાને લઇ ભવનાથ તળેટીથી આગળ જવા વાહનો માટે પ્રતિબંધ

જૂનાગઢમાં ભવનાથમાં લીલી પરિક્રમા તારીખ ૨૩ થી ૨૭ નવેમ્બર દરમિયાન ભવનાથ તળેટીથી પરિક્રમાના રૂટ પર વાહનોને આગળ જવા પર પ્રતિબંધીત જૂનાગઢ જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ પી.જી.પટેલ દ્વારા જાહેરનામુ બહાર પડાયું છે. તેમજ ટ્રાફિક નિયમન માટે માર્ગો એક તરફી જાહેર કરવામાં આવેલ છે. આ અંગે મળતી વિગત મુજબ ભવનાથમાં લીલી પરિક્રમાના ભાગરૂપે અવર-જવર માટે માર્ગોમાં થયેલ ફેરફાર મુજબ જૂનાગઢ શહેરમાંથી ભવનાથ જવા માટે ભરડાવાવથી સ્મશાન સુધી અને વડલીચોક થી ભવનાથ મંદિર, મૃગીકુંડ તળાવની પાળ સુધીના રસ્તાનો સમાવેશ થાય છે. જ્યારે ભવનાથથી શહેર તરફ આવવા માટે મંગલનાથની જગ્યાએથી વડલી ચોક સુધી અને સ્મશાનથી ગીરનાર દરવાજા સુધીના રસ્તાનો સમાવેશ થાય છે. ઉપરાંત તારીખ ૨૧ થી ૨૭ નવેમ્બર સુધી સરકારી અને ફરજ ઉપરના અધિકારીઓના વાહનો સિવાય તમામ વાહનો માટે પ્રવેશબંધી છે.

જૂનાગઢ.તા.૨૧

કારતક સુદ અગિયારસ- ૨૩ નવેમ્બરથી લીલી પરિક્રમાનો વિધીવત રીતે પ્રારંભ થનાર છે. ત્યારે લીલી પરિક્રમાને લઇ વન વિભાગે કરેલી તૈયારીની વિગતો આપતા નાયબ વન સંરક્ષક અક્ષય જોષીએ જણાવ્યું હતું કે, લીલી પરિક્રમાને લઇને આગોતરૂં આયોજન કરાયું છે.

આમાં ઈંટવા ગેઇટ, જાંબુડી નાકા, માળવેલા, નળપાણીની ઘોડી, બોરદેવી ગેઇટ સુધીના રસ્તાનું રિપેરીંગ કરાયું છે. પીવાના પાણીના ૧૫ પોઇન્ટ ઉભા કરાયા છે. સાથે જરૂર પડ્યે પાણી પુરવઠા બોર્ડને પણ વધારાની કામગીરી કરવા સૂચના અપાઇ છે. અભ્યારણમાં મોબાઇલ નેટવર્ક હોતું નથી. માટે સ્ટાફને વોકીટોકી અને વાયરલેસ સેટ અપાયા છે જેથી પરિક્રમાર્થીઓને કંઇપણ મુશ્કેલી હોય તો વન વિભાગના સ્ટાફનો તુરત સંપર્ક કરી શકાશે. ૭૧ અન્નક્ષેત્રોને પરમિશન અપાઇ છે જેઓ પોતાની પાસે અગ્નિશમન યંત્ર રાખશે. કારણ કે, મોસમ બદલાતા ઘાસ સુકાઇ ગયું છે જેથી આગ લાગે તો બુઝાવી શકાય. પરિક્રમા રૂટ પર વન્યપ્રાણીઓ આવી ન જાય તે માટે ૬ રેસ્ક્યુ અને ટ્રેકરની ટીમ વેટરનરી તબીબ સાથે રહેશે જે વન્યપ્રાણીઓનું સતત મોનીટરીંગ કરશે. જંગલમાં વાસ અને બીજા ઝાડનું કટિંગ અટકાવવા પરિક્રમાર્થીઓને લાકડીઓનું પણ વિતરણ કરાશે. ૫૦૦ ડસ્ટબિન મૂકાયા છે અને બીજા ૫૦૦ એનજીઓ દ્વારા મૂકાયા છે. દરરોજ આખા દિવસનો એકઠો થયેલો કચરો રાત્રિના સમયે અભ્યારણની બહાર કઢાશે.

જ્યારે પરિક્રમાર્થીઓ કેટલા આવ્યા તેની ગણતરી માટે નળપાણીની ઘોડી અને ગિરનારની સીડી મળી બે પોઇન્ટ ઉભા કરાયા છે. ૨૩મીથી પરિક્રમા શરૂ થશે તેવી ગણતરી સાથે તૈયારી કરાઇ છે. માટે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે પરિક્રમાર્થીઓ નિયત સમય- ૨૩ નવેમ્બરથી જ પરિક્રમા શરૂ કરે તેવી અપીલ છે.



પાવનકારી ગીરનારની લીલીપરિક્રમા આગામી તા.૨૩-૧૧થી ૨૭-૧૧ દરમ્યાન શરૂ થવાની છે. જેની તૈયારીઓ સાથે આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ પાંચ દિવસીય ગિરનારની પરિક્રમામાં સૌરાષ્ટ્ર ગુજરાત દેશાવરમાંથી લાખોની સંખ્યામાં ભાવિકો અહીં આવી પાંચ દિવસ જગતની આધી વ્યાધી ઉપાધીને છોડી ભગવાન શીવ સાતે જીવનનું મીલન કરવા દુનિયાદારી છોડી રાત દિવસ પગપાળા પરિક્રમા ગિરનારને કરવા અહીં આવે છે. જીવનનું ભાથુ બાંધવા માથે પોટલા લઈ ગિરનારની પાવનકારી ૩૬ કિ.મી.ની પરિક્રમા પાંચ દિવસમાં પૂર્ણ કરતા હોય છે.

પ્રવાસીઓના જાન માલ અને સલામતી માટે જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નીલેષ જાજડીયા, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના નેતૃત્વમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પરિક્રમામાં આવેલા યાત્રીકો શ્રધ્ધાળુઓને તકલીફ ન પડે તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ૩૬ કી.મી.માં આ ફોરેસ્ટના રૂટમાં વન વિભાગની સાથે રહી જુદી જુદી રાવટીઓ નાખી વન્ય જંગલ સિંહ દીપડા સહિતના હીંસક પ્રાણીઓથી રક્ષણ મળી રહે ઉપરાંત આવારા તત્વો સામે બાજ નગર રાખવા રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ ગોઠવવાની તૈયારીઓ કરવામાં આવે રહી છે. જંગલના કાચા રસ્તાઓ વરસાદના કારણે તુટી જવા પામેલ હોય તેને નવા રંગ રૂપ આપી રીપેરીંગ વન વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે.પોલીસ અધિકારીઓ પોલીસ જવાનો દ્વારા નાયબ પોલીસ અધિકારી હિતેષ ધાંધલ્યા સહિતના પોલીસના કાફલા સાથે બોરદેવી નળ પાણીની ઘોડી, માલવેલા ઘોળી, સુરજકુંડ, સહિતના રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કઈ કઈ જગ્યાએ પોલીસ અને વન વિભાગની રાવટીઓ ઉભી કરવાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ખેલ, ખેલા અને ખેલદિલી

દિવાળીના પાંચ દિવસ જેટલું જ મહત્વ દિવાળી પછીના રવિવાર, તા -૧૯ નવેમ્બરનું રહ્યું. અમદાવાદ તો અમદાવાદ, દેશભરમાં જાણે કર્ફ્યું લાગ્યો હોય એવાં સુમસામ રસ્તા,લોકોએ એ હદે ક્રિકેટ નામની રમત જે **basically** ભારતની રમત નથી છતાં લોકોએ માણી.

૧૯૮૩, ૨૦૧૧ માં કપિલદેવ અને ધોનીના નેતૃત્વમાં વર્લ્ડકપ જીતેલા આપણે રોહિત શર્માના નેતૃત્વમાં સતત દસ મેચ જીતીને જ્યારે આપણે ફાઈનલમાં પહોંચ્યા ત્યારે એ હદે સ્યોર હતા કે હવે આ કપ તો આપણો જ.

આખાયે શૃંખલા દરમિયાન ખૂબ જ મજબૂત બેટિંગ લાઈન, એટલી જ જબરદસ્ત બોલિંગ, ચપળ ફિલ્ડીંગ અને એટલી જ ઉત્તમ કેપ્ટનશીપને કારણે જ આ શક્ય બન્યું.

વાનખેડેમાં જ્યારે સેમિફાઇનલ રમાઈ ત્યારે મેચ તો જીત્યા જ સાથે સાથે કોહલીની પચાસમી સેન્ચ્યુરી, એ જ સેન્ચ્યુરીને કારણે સચીનનો રેકોર્ડ બ્રેક થવો , શ્રેયસની સેન્ચ્યુરી, શુભમન ગીલ અને રોહિત શર્માની જોરદાર રમત અને લાસ્ટ બટ નોટ ધ લિસ્ટ એવી શમીની સાત વિકેટ, આવી જ આશા - અપેક્ષા સાથે ફાઈનલ જોવા બેઠેલાં કરોડો લોકો એ દિવસે નિરાશ થયાં. ભારતિય ટીમ માટે કોઈ ફરિયાદ હતી નહીં અને છે નહીં. ૪૬ દિવસ સુધી ચાલેલા આ શૃંખલામાં ૪૫ દિવસ આપણે ચેમ્પિયન રહ્યા એનો ગર્વ પણ ખરો જ.

(મમતા પટેલ - મુંબઈ)

તમારી જીતને અમે માણી, માણતાં રહ્યા એમ તમારી હાર પણ અમે પચાવી જ લઈશું, અમે પાકિસ્તાન નથી કે ટીવી તોડીએ, અમે ના તમારું અપમાન કરીશું

બસ તમે ધાર્મિક ભેદભાવ ભૂલીને જે રીતે રમો છો એ રીતે જ રમતાં રહો અને દેશનું નામ રોશન કરતાં રહો. **Big salute to all of you.**

સેમી ફાઈનલમાં ઝળકેલા શમીને અચાનક એ લોકો પંપાળવા લાગ્યા જેમને એ સાબિત કરવું હતું કે જુઓ અમે તો કોઈ ધાર્મિક ભેદભાવમાં માનતાં જ નથી, ખેર એ બહાને પણ શમીને મહત્વ અપાયું એ ગમ્યું કારણ એ આવાં મહત્વને / માનને ડિઝર્વ કરતો હતો.

ભારતની હાર સાથે ઘણી વાતો જોડાઈ. જૂના સરદાર પટેલ સ્ટેડિયમની જ જગ્યામાં બનેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની નવી પીચ પણ હાર માટે એક કારણ હતી. પીચ સ્લો અને નિરસ હતી. આપણી ટીમ ફાસ્ટ પીચ પર વધુ સારી રીતે રમી શકે છે એ આપણે સૌ જાણીએ છીએ.

વેપારી વૃત્તિ ધરાવતાં લોકો જ્યારે ધાર્મિક સ્થળો સાથે જોડાય ત્યારે એનું વેપારીકરણ કરી નાખે અને ધાર્મિક સ્થળ પર્યટન સ્થળ બની જાય એ જ રીતે **BCCI** બલે એક સરકારી સંસ્થા નથી પણ છતાં એનું રાજનીતિકરણ થઈ ચુક્યું છે. તમે સૌ જાણો જ છો કે હોમ મિનિસ્ટર અમીત શાહના પુત્ર જય શાહ અને ના જાણતાં હોવ તો જાણી લો કે સ્પોર્ટ્સ મિનિસ્ટર અનુરાગ ઠાકુરના ભાઈ આ સંસ્થા સાથે જોડાયાં છે એટલું જ નહીં ઉચ્ચપદે બિરાજમાન છે, કોંગ્રેસ કરતા આ લોકો વધું સ્માર્ટ છે, કોંગ્રેસનો પરિવારવાદ દેખાય એવો છે એટલે ખૂલ્લેઆમ ગાળ અપાય છે પણ આ લોકો પોતાના પરિવારને ખૂબ સિફતથી દૂર દૂર ફેલાવે છે જેથી સામાન્ય પ્રજાને આ સમજાય નહીં પણ ઈરાદો તો દેશને પોતાના કંટ્રોલમાં જ કરવાનો હોય.

એવું મનાય છે કે આ વાત માટે કપીલદેવે (જેમણે આપણને સૌપ્રથમ વર્લ્ડકપ જીતાવી આપ્યો હતો) વાંધો ઉઠાવ્યો હતો, એમણે કહ્યું હતું કે આવા મહત્વના પદ ક્રિકેટ સાથે જોડાયેલી વ્યક્તિઓને જ સોંપવા જોઈએ માટે એમને આ વર્લ્ડકપ માટે આમંત્રણ જ અપાયું નહીં. આ આપણાં સૌ માટે શરમજનક કહી શકાય. મને લાગે છે જ્યાં સુધી ક્રિકેટ વર્લ્ડ કપ જેવો કોઈ શબ્દ રહેશે ત્યાં સુધી લોકો કપિલને યાદ કરશે. એવી જ રીતે વર્લ્ડ કપ સાથે જોડાયેલા ધોનીને પણ આમંત્રણ અપાયું નહોતું પણ ક્રિકેટ સાથે જોડાયા ન હોવાં છતાં અમિતાભને આમંત્રણ અપાયું હતું, આ શું સૂચવે છે? આયોજકોમાં અક્કલની ઉણપ બીજું શું?

વડાપ્રધાન મોદી પોતે હાજર રહેવાનાં હતા એટલે જ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી અને ઉપ પ્રધાનમંત્રીને આમંત્રણ અપાયું અને એટલે જ પોતાના ખેલાડીઓ નિરાશ ના થાય માટે ઓસ્ટ્રેલિયાનાં ઉપ પ્રધાનમંત્રી હાજર પણ રહ્યાં. આ મહાનુભવોની ઉપસ્થિતીને કારણે એમની સુરક્ષા માટે ૬૦૦૦ પોલીસ કામે લાગી, આ ખર્ચો સરકારનાં ખજાનામાંથી **BCCI** ને અપાશે તો દેશને આ કારણે કેટલાં લાખનો ફટકો લાગ્યો એ તો રામ જાણે..

ક્રિકેટરોને ક્રિકેટ રમવા દોને, શા માટે ત્યાં જઈને પ્રેશર ક્રિએટ કરવું છે?

આપણે જાણીએ જ છીએ કે જેમ નવી પરણેલી યુવતી ચાર દિવસ થાય અને પિયર જવા ઉંચી નીચી થાય એમ પ્રધાનમંત્રી દર બે મહિને કોઈ ને કોઈ કારણસર ગુજરાતનો આંટો મારી જ આવે છે. જે લોકો ન્યુઝ ફોલો કરે છે એ જાણતાં જ હશે કે અત્યારે દેશ સામે કંઈ કેટલીયે ચેલેન્જીસ છે ત્યારે પોતાના વ્યસ્ત શેડ્યુલમાંથી ક્રિકેટ જોવાં માટે સમય કાઢવો ખરેખર નવાઈ પમાડે એવી વાત છે. શક્ય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમીત શાહ વચ્ચે તણાવ નથી એ સાબિત કરવા માટે બન્નેને સાથે દેખાડવા માટે આ ઈવેન્ટનો ઉપયોગ થયો હોય.

બીજી એક વાત કે દરેક વાતમાં ધર્મને ઘુસાડવો ઠીક નથી, મેચ ચાલું થયાં પહેલાં ત્યાં હનુમાન ચાલીસાનાં પાઠ કરવા કેટલા યોગ્ય કહેવાય?

પાકિસ્તાનની હાર પછી ફેસબુક પર એક પોસ્ટ વાંચી હતી કે પાંચ નમાઝ પછી પણ તેઓ હાર્યા, તો હવે આપણે માટે આવું નહીં બોલાય? પ્રાર્થના જ જો કરવી છે તો ઉત્તરાખંડમાં ચાલીસ મજૂર ટનલમાં ફસાયા છે, જીવન માટે લડી રહ્યા છે એના માટે કરો,

મણીપુરમાં હજું શાંતિ નથી એનાં માટે કરો પણ ના, એ તો કોઈને યાદ સુધ્ધાં નથી, આપણે આ હદે અસંવેદનશીલ કેમ બની ગયા છીએ?

વિરોધી ટીમના કેપ્ટન માટે સતત **huting** કરતાં, કપ હવે નહીં મળે એવું લાગતાં જ સ્ટેડિયમ છોડીને જતાં પ્રેક્ષકો આંતરરાષ્ટ્રીય સ્તરે ટીકાનું કારણ બન્યા.

જ્યારે આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ ગોઠવવી હોય ત્યારે ત્યાંનો માહોલ, આબોહવા અને ક્રાઉડને પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

શું અમદાવાદનું ક્રાઉડ ખેલદિલી દાખવી શકે એવું હતું?

જેવી આપણે મેચ હાર્યા કે લોકો પ્રધાનમંત્રીને 'પનોતી' કહેવા લાગ્યા, આ પણ ખોટું જ કહેવાય, તો સામે પક્ષે અમુક લોકો ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીનાં જન્મદિવસને દોષ દેવા લાગ્યાં.

આટલી હદે નાદાની ભારત જેવાં મહાન દેશની પ્રજાને શોભે ખરી? આટલું ઓછું હોય તેમ ઘણાં લોકો ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓની કુંડળી સોશિયલ મીડિયા પર મૂકવા લાગ્યા. કોઈ એમની પર્સનલ લાઈફને ચર્ચાનો વિષય બનાવવા લાગ્યા તો કોઈ એમને વર્લ્ડ કપ પર પગ રાખીને બેઠા છે એવું બતાવવા લાગ્યા.

આપણે મેચ અને કપ ગુમાવી ચૂક્યા છીએ,હવે એ કપ સાથે જે કરે તે , આપણે જોવાનું નથી. બધાના સંસ્કારનો ઠેકો લઈને બેઠેલા આપણે પોતે કેટલાં સંસ્કાર કે સંસ્કૃત છીએ એ જોવાનો સમય પાકી ગયો છે.

ખેલ અને ખેલ સાથે થોડા ખેલા ખેલાઈ ચૂક્યા છે, ખેલદિલી બતાવવી જોઈતી હતી પણ એ બતાવવામાં આપણે ઉણા ઉતર્યા છીએ, આશા રાખું કે આગળ ઉપર રમતમાં તો ઠીક ચુંટણીમાં પણ હાર - જીત થાય એ સમય નજીક આવી રહ્યો છે ત્યારે રાજા અને પ્રજા બન્ને જાત પર સંયમ રાખીને ખેલદિલ બને.

બાકી વાત રહી દેશપ્રેમની તો જો તમને ભારત જીતે તો એનો ઝંડો લઈને રસ્તા પર દોડવાનું મન થતું હતું અને હાર્યું તો સોમવારે કામમાં મન નહોતું લાગતું તો તમે દેશપ્રેમી છો જ એ યાદ રાખવું.

દેશપ્રેમ એ સાબિત કરવાની લાગણી નથી એ મહેસુસ કરવાની લાગણી છે.

આત્મમંથન તો દરેક વાતે કરવું જ પડે

શહેર ભાજપ દ્વારા વિધાનસભા-૭૦ ના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ માટે સ્નેહમિલન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

નવા વિચારો અને નવા સંકલ્પો સાથે નુતન વર્ષના આગમનને વધાવવા અને પરસ્પર શુભેચ્છા પાઠવવા કેબીનેટ મંત્રી અને પ્રદેશ ભાજપ શહેર પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અને રાજકોટ વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના અધ્યક્ષસ્થાને શહેરના શેઠ હાઇસ્કુલ, ૮૦ ફુટ રોડ ખાતે સાંસદો, ધારાસભ્યો સહિત શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં બહોળી સંખ્યામાં

કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી પરિવારની ભાવના અને સંગઠનની વિભાવના ચરિતાર્થ કરી હતી. આ સ્નેહમિલન કાર્યક્રમમાં સાંસદઓ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો.ભરત બોઘરા, પ્રકાશભાઈ સોની, ધારાસભ્યઓ ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, રાજુભાઈ ધ્રુવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, રક્ષાબેન બોળીયા, જીતુ કોઠારી, કિરણબેન માકડીયા, જયમીન ઠાકર, મહેશ રાઠોડ, સંજય દવે,જયંતી નોંઘરવદરા, શૈલેષ હાપલીયા, જીજ્ઞેશ જોષી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમમાં કોર્પોરેટરઓ, શહેર ભાજપના હોદેદારો, મોરચા સેલના કાર્યકર્તાઓ, વોર્ડપ્રમુખ-મહામંત્રીઓ, શિક્ષણ સમિતિ સદસ્યો તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મુકેશભાઈ દોશીએ અને સંચાલન વિરેન્દ્રસિંહ ઝાલાએ તેમજ પ્રાસંગિત ઉદબોધન રામભાઈ મોકરીયા, પ્રકાશભાઈ સોની સહિતનાએ કર્યુ હતું તેમજ વિધાનસભા-૭૦ ના કાર્યક્રમને સફળ બનાવવા મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યકતાઓએ જહેમત ઉઠાવી હતી.

મહાનગરપાલિકાની એ.એન.સી.ડી. શાખા દ્વારા

શહેરમાં રસ્તે રખડતા કુલ ૧૭૬ પશુઓ પકડવામાં આવ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલે સવારે ૬ ટીમ, બપોર પછી ૬ ટીમ તથા રાત્રે ૩ ટીમ એમ કુલ ૧૫ ટીમો દ્વારા શહેરમાંથી રખડતા પશુ પકડવાની કામગીરી ૨૪ કલાક ચાલુ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાની એ.એન.સી.ડી શાખા દ્વારા તા.૧૬/૧૧ ના રોજ ૪૦ પશુઓ તથા તા.૧૭/૧૧ ના રોજ ૪૬ પશુઓ તથા તા.૧૮/૧૧/૨૦૨૩ ના રોજ ૫૨ પશુઓ તથા તા.૧૯/૧૧ના રોજ ૩૮ પશુઓ નીચેના વિસ્તારમાંથી પકડવામાં આવ્યા હતા

રાજકોટ શહેરના સાગર સોસાયટી, પૂજાપાર્ક, મણીનગર, સોરઠીયાવાડી પ્લોટ શેરી નં. ૨, લલુડી વોકળો, રામનાથપરા, રૈયાનાકા ટાવર, જ્યુબેલી શાક માર્કેટ, છપ્પનીયા ક્વાર્ટર, વેલનાથપરા, ગ્રીનલેન્ડ ચોકડી, રણછોડદાસ બાપુ આશ્રમ રોડ, વ્રજભૂમી સોસાયટી, વર્ધમાનનગર, ઘંટેશ્વર, ડાંગર કોલેજ પાસે, થોરાળા પોલિસ ચોકી, શાસ્ત્રીનગર મેઈન રોડ, બંસીધર પાર્ક, ગોપાલ ચોક, હરીનગર, શાંતિનગર ગેઈટ પાસે, રૈયાગામ મેઈન રોડ, માનસરોવર, વેલનાથપરા, સ્પીડવેલની બાજુમાં, ભોમેશ્વર પ્લોટ મેઈન રોડ, બજરંગવાડી-૧૨, નાગેશ્વર મંદિર, કલ્પ કુપૂણ એપાર્ટમેન્ટ, જીવંતીકા નગર, અક્ષરનગર, ગોવિંદનગર, પરસાણાનગર મેઈન રોડ, ભગવતીપરા પૂલ નીચે, શક્તિ સોસાયટી, જય જવાન જય કિશાન મેઈન રોડ, ઈન્દિરાનગર, પેડક રોડ, શ્રીરામ સોસાયટી, માલધારી સોસાયટી, ભાવનગર રોડ, બેડીપરા, કણકોટ પાટીયા, કાલાવાડ મેઈન રોડ, કટારીયા ચોકડી, મોટા મૌવા, રીધ્ધી સીધ્ધી સોસાયટી, આર.ટી.ઓ. પાછળ, વાવડી ગામ, પોલિસ હેડક્વાર્ટર તેમજ અન્ય વિસ્તારોમાંથી મળી કુલ ૧૭૬ પશુઓ પકડવામાં આવેલ છે.

વોર્ડનં.૧૭માં રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૧૮ માં કોર્પોરેટર વિનુભાઈ ઘવાની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહુર્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

વોર્ડનં.૧૭માં રાજલક્ષ્મી સોસાયટીમાં કોર્પોરેટર વિનુભાઈ ઘવાની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહુર્ત કોર્પોરેટર વિનુભાઈ ઘવા, રવજીભાઈ મકવાણા તથા અનિતાબેન ગોસ્વામીના વરદ હસ્તે કરવામાં આવ્યું.આ પ્રસંગે વોર્ડનં.૧૭ના કોર્પોરેટર વિનુભાઈ ઘવા, રવજીભાઈ મકવાણા, અનિતાબેન ગોસ્વામી,શહેર ભાજપ ઉપપ્રમુખ વિઠલભાઈ પટેલ, મહામંત્રી અજયભાઈ જાદવ, ગૌતમભાઈ ગોસ્વામી, ચંદુભાઈ ગરનારા, યોગેશભાઈ ભટ્ટ, સુરૂભા ઝાલા, જયપાલ ચાવડા, જયેશભાઈ સરવૈયા, ચેતનભાઈ સિંધવ, નિલેશભાઈ ઠાકર, વોર્ડ મહિલા પ્રમુખ ઈલાબેન સરવૈયા તથા મનીષાબેન ભટ્ટ, સરમીલા સખીયા, લીલાબેન બોરસદીયા, કાંતાબેન ઝાલાવાડિયા, આશાબેન ભટ્ટ, સવિતાબેન ખાત્રાણી, ભાવનાબેન રામાણી, પ્રફુલાબેન શિંગાળા, વિઠ્ઠલભાઈ ડોબરીયા, કાંતાબેન કાનાણી, રમેશભાઈ રાદડીયા, હરિભાઈ કાનાણી, શોભનાબેન વેકરીયા, ચંદ્રકાંતભાઈ માનસુરીયા, પુનમબેન તોગડીયા, ગાંડુભાઈ ચોથાણી, હસુભાઈ પીપળીયા, હસુભાઈ પાંભર, દિનેશભાઈ સોજીત્રા સહિતના લતાવાસીઓ ઉપસ્થિત રહેલ.

જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

રાજકોટ,તા.૨૧

શ્રી સ્થાનકવાસી વણીક જૈન બાલાશ્રમ રાજકોટની યાદીમાં જણાવવામાં આવે છે કે જૈન સમાજના કોઇપણ ફીરકાના નબળી આર્થિક પરિસ્થિતિવાળા રાજકોટ શહેર તથા આજુ બાજુના ગામો માં રહેતા કુટુંબોના ધોરણ ૧ થી ૧૨ તથા ઉચ્ચ અભ્યાસ કોલેજ અને યુનિવર્સિટી માન્ય ડિપ્લોમા વગેરેમાં ઉજ્જવળ કારકિંદી ધરાવતા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે શિષ્યવૃત્તિ/શૈક્ષણિક સહાય આપવાનું ચાલુ કરવામાં આવેલ છે. આ માટે યોગ્યતા ધરાવતા કુટુંબીઓ વિદ્યાર્થીઓએ સંસ્થાના કાર્યાલય શ્રી સ્થાનકવાસી જૈન બાલાશ્રમ, ૮-રજપુતપરા, લોધાવડ પોલીસ ચોકી સામેની શેરી, રાજકોટ. ફોન : ૨૨૨૩૨૧૨ ખાતે સંપર્ક કરી ફોર્મ મેળવવા તા. ૦૧-૧૨ થી તા. ૧૫-૧૨-૨૦૨૩ સુધી મળી શકશે તથા ફોર્મ ભરીને પરત તા. ૧૬-૧૨ થી ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં સંસ્થાના કાર્યાલયે પહોંચાડવાના રહે છે.

તાજેતરની ફોર્મ મેળવવા તથા સ્વીકારવાનો સમય ફકત સાંજે ૫ થી ૭ નો રહેશે. તેમ જણાવ્યું છે.

કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે કામધેનુ ગૌશાળાની મુલાકાત લીધી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

આજે ગૌ અષ્ટમી નિમિત્તે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે કામધેનુ ગૌશાળાની મુલાકાત લઇ બીમાર ગૌ માતાની સેવા કરી આશીર્વાદ મેળવી રૂપિયા ૫૧૦૦૦/- અનુદાન આપ્યું હતું તેઓએ ઉપસ્થિત સર્વેને જણાવ્યું કે, ગૌશાળાઓમાં ગાયોની સારી સેવા થઈ શકે તે માટે દરેક વ્યક્તિઓએ પોતાના જન્મદિવસ ,લગ્ન તિથિ વગેરે દિવસોએ ગૌશાળાની મુલાકાત લઇ ગાય સાથે ઘાસ ખવડાવતો ફોટો પડાવી સોશિયલ મીડિયામાં ફરતો કરવો જોઈએ તેમજ સ્વશક્તિ મુજબ અનુદાન આપવું જોઈએ તેઓને પ્રતિભાવ આપતાં બીલીયા ગામના રાજુભાઈ પટેલે પોતાની જન્મતારીખ નિમિત્તે, દશરથભાઈ પટેલે પોતાની પૌત્રીના જન્મદિવસ નિમિત્તે અને જીમી પટેલે પોતાની લગ્ન તિથિ નિમિત્તે ગૌધનની સેવા કરી અનુદાન

કરી આશીર્વાદ મેળવ્યા હતા, આજના પ્રસંગે નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ, એપીએમસી ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જશુભાઈ પટેલ, શહેર મહામંત્રી દશરથભાઈ પટેલ, લોકસભા મીડિયા ઇન્ચાર્જ જેડી પટેલ, અંકુર મારફતિયા, ભાવેશ રાજગુરુ, નિરંજનભાઇ ઠાકર, ડી ટી ઝાલા, કૌશલ જોશી, ભરતભાઈ મોદી, સુરપાલસિંહ, વિજયસિંહ રાજપૂત, રોહિત પંચોલી, કનુભાઈ પંચાલ વિગેરે ગૌભક્તો ઉપસ્થિત રહ્યા હતા

ગૌ-પાષ્ટમીના દિવસે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયોનું પૂજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આત્મીય સંકુલની અંદર ગૌ-પાષ્ટમી દિવસે ગાય પૂજનનો કાર્યક્રમ આત્મીય સંકુલની ગૌશાળાની અંદર રાખેલ હતો. સાથે મળીને ગાયને ચાંદલા કરી ગાયની પૂજા કરીને ઉજવણી કરેલ હતી.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ ભારતીય સંસ્કૃતિની અંદર ગાયનું મહત્વ તેમજ આજનો દિવસ એટલે કારતક સુદ આઠમના આ દિવસની ઉજવણી વિશેની તેમજ સાયન્સ, આર્થિક, રાષ્ટ્રીય તેમજ ધાર્મિક રીતે ગાયનો મહત્વ સમજાવ્યું હતું.કારતક સુદ આઠમના દિવસે કૃષ્ણ ભગવાને ગાયો ચરાવવા જવાની શરૂઆત કરેલ હતી, ભારતીય સંસ્કૃતિમાં આ દિવસને ગાયના પૂજન કરીને ઉજવવામાં આવે

છે.

આ કાર્યક્રમની અંદર ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા તેમજ ટ્રસ્ટીઓ તેમજ આત્મીય સંકુલનો સ્ટાફ તેમજ સંજયભાઈ ટાંક, જયસિંહભાઈ પરમાર, ડો. શુક્લા સાહેબ, મિલનભાઈ ભટ્ટ, વિશાલભાઈ ચાવડ, પ્રવીણભાઈ જોશી, કન્તીભાઈ (સહજાનંદ ગોવશાળા), મનીષભાઈ માયાણી, માધવભાઈ પાંભર, બચુભાઈ, લક્ષ્મનભાઈ શિંગાળા, રતીભાઈ ફુંમર, પ્રદિપભાઈ મુંગલપરા તેમજ નામી-અનામી રાજકોટના ગૌ-પ્રેમી ભાઈઓ તેમજ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.તેમ જણાવ્યું છે.

ભારતીય મજદુર સંઘ દ્વારા ગ્રેચ્યુઇટી એક્ટ-૧૯૭૨ હેઠળ કામદારને ગ્રેચ્યુઇટીની ચુકવણી કરાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

આ કેસની વિગત એવી છે કે ધનવંતીબેન અભીચંદાણી બી એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી,શિવશક્તિ હોટલ સામે કાલાવડ રોડ આણંદપર પાસે રાજકોટમાં લાઇબ્રેરીયન તરીકે તા ૧૭/૮/૨૦૧૩થી તા ૩૧/૩/૨૦૨૨ સુધી ૮ વર્ષ ૯ માસ બરાબર ૯ વર્ષ નોકરી કરતા હતા સંસ્થામાં તેમનો બેઝીક પગાર રૂ.૪૦,૧૧૦-૦૦,હતો સંસ્થા દ્વારા કામદારને ગ્રેચ્યુટીની રકમ મેળવવા માંગણી કરવા છતાં ન ચૂકવતા કંટ્રોલીગ ઓથોરીટી અન્ડર ધ પેમેન્ટ ઓફ ગ્રેચુઇટી એક્ટ -૧૯૭૨-રાજકોટ સમક્ષ ગ્રેચુઇટીની રકમ રૂ.૨,૦૮,૨૭૪-૦૦ તથાતેના પર વ્યાજની માંગણી કરેલ હતી. આ કામમાં સામાવાળાએ વાંધો રજૂ કરેલ હતો કે અરજદાર અને યુનીવર્સીટી વચ્ચેનો વિવાદ ચલાવવાની સત્તા માત્ર એફીલીએટેડ કોલેજીસ ટ્રીબ્યુનલને હોય તથા કામદારની વ્યાખ્યામાં ન આવતા હોય આ અરજી ચલાવવાની સત્તા આપને નથી જેથી અરજી રદ કરવી જોઈએ

આ કામમાં ભારતીય મજદૂર સંઘના મુસાભાઈ જોબણએ અરજદાર વતી હાજર રહી ગુજરાત હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ દલીલમાં આપેલ હતા.આ કામમાં એ.કે. સિહોરા નિયંત્રણ અધીકારી ગ્રેચુઇટી ચુકવણી અધીનીયમ ૧૯૭૨ રાજકોટએ ગુજરાત હાઇકોર્ટ તથા સુપ્રીમકોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લઈ હુકમ કરેલ હતો કે..'' અરજદાર ધનવંતીબેન અભીચંદાણીની નીકળતી ગ્રેચુઇટયની રકમ રૂ. ૨.૦૮,૨૭૪-૦૦ (અંકે રૂપીયા બે લાખ આઠ હજાર બસો ચુમોતેર પૂરા) દીવસ-૩૦માં ચૂકવવાનો તથા અરજી કર્યા તારીખ ૦૧/૦૮/૨૦૨૨થી જે તારીખે ગ્રેચુઇટીની રકમ ચૂકવવામાં આવે ત્યાં સુધીના સમયગાળા માટે ૧૦ ટકા લેખે સાદા વ્યાજની થતી રકમ ચૂકવવાનો સામાવાળાને હુકમ કરું છુ.તેવો હુકમ કરેલ છે.

આ હુકમ થી નારાજ થઇ અરજદાર તરફે અપીલ ઓથોરેટી સમક્ષ અપીલ દાખલ કરી વ્યાજની ચુકવણી અરજી કર્યાની તારીખ તા ૧/૮/૨૦૨૨ ના બદલે તા ૧/૫/૨૦૨૨થી આપવા અપીલ કરવામા આવેલ હતી

આ અપિલ માન્ય કરી અપીલ ઓથોરેટી દ્વારા તેઓના તા૧૩/૯૨૦૨૩ ના હુકમથી ગ્રેચ્યુઇટીની બાકી રકમ પર તા૧/૫/૨૦૨૨ થી વ્યાજ ચુકવવા અપિલ ઓથોરેટીએ સામાવાળાને હુકમ કરેલ છે

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૦/૧૧ના રોજ લાઈફ બિલ્ડીંગ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૦ થી ૧૫ રહેવાસીઓ જોડાયેલ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ન્યારી ડેમ-૧, વાગુડળ રોડ ખાતે સઘન વૃક્ષારોપણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્થાપનાની ૫૦-મી વર્ષગાંઠ નિમિતે તા.૧૯-મી નવેમ્બરએ ત્રિ-દિવસીય વિવિધ કાર્યક્રમ અંતર્ગત આજે ન્યારી ડેમ-૧, વાગુડળ રોડ ખાતે સઘન વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, દંડક મનીષભાઈ રાડીયા, બાગ બગીચાના ચેરમેન સોનલબેન સેલારા, નાયબ મ્યુનિ. કમિશનર અનિલ ધામેલિયાના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

ન્યારી ડેમ-૧, વાગુડળ રોડ ખાતે આવેલ ૬ થી ૭ હેકટર જમીન વિસ્તારમાં જુદી જુદી પ્રજાતિના અંદાજિત ૧.૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે વાવડી ખાતે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનું લોકાર્પણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકાના ૫૦માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે રાજકોટ જિલ્લાના વાવડી ખાતે મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આયુષ્માન ભારત અંતર્ગત શહેર

રાજયના પોણા બે લાખ શિક્ષકો-પ્રોફેસરોને CPRની તાલીમ અપાશે

રાજયની ૨૦ હજાર જેટલી સ્કૂલના શિક્ષકો, ૪૭૧ જેટલી કોલેજના પ્રોફેસર જોડાશે,૩ અને ૧૭ ડિસેમ્બરે યોજાશે કેમ્પ

રાજકોટ,તા.૨૧

ગુજરાત સરકાર દ્વારા દિવાળી વેકેશન બાદ ડિસેમ્બરમાં બે તબક્કામાં તમામ સરકારી અને ખાનગી શાળાઓના શિક્ષકોને હાર્ટએટેક પ્રિવેન્શનના ધોરણે સીપીઆર ટ્રેનિંગ આપશે. જેથી જો કોઈ શાળામાં ઈમરજન્સી બને તો વિદ્યાર્થીનો જીવ બચાવી શકાય. ગુજરાત સહિત દેશભરમાં ચારેક મહિના કરતા વધુ સમયથી હાર્ટએટેકથી મૃત્યુ થવાના કિસ્સા વધી રહ્યા છે. આ કિસ્સાઓમાં હવે નાના બાળકો પણ બાકાત નથી. ત્યારે હવે રાજ્ય સરકારે શાળાઓના શિક્ષકો તથા કોલેજોના પ્રાધ્યાપકોને પણ હૃદયરોગના હુમલા સમયે તાકીદની સારવાર તરીકે સીપીઆર તાલીમ અપાશે. જેમાં આશરે ૨૦ હજાર સ્કૂલના ૧.૫૦ લાખ શિક્ષક અને ૪૭૧ કોલેજના પ્રાધ્યાપકો સહિત કુલ પોણા બે લાખ ટીચર્સને આ પ્રકારે તાલીમ અપાશે જેથી ઈમરજન્સી સમયે તેનાથી જીવન બચાવી શકાય.આ પગલું ભરવા પાછળ રાજ્ય સરકારનો આશય છે કે, જ્યારે પણ શાળા કે કોલેજમાં કોઈ વિદ્યાર્થીને હાર્ટએટેક સંબંધી કોઈ ઈમરજન્સીની સ્થિતિ આવી જાય તો પ્રાથમિક તબક્કે જે તે દર્દીને સરળતાથી સારવાર મળી રહે અને વિદ્યાર્થીનો જીવ બચાવી શકાય. વિદ્યાર્થીઓમાં પણ હવે હાર્ટએટેક આવવાની ઘટના જે રીતે સામે આવી રહી છે ત્યારે સરકારી શાળાના તમામ શિક્ષકોને આગામી ડિસેમ્બર માસમાં જ સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવશે.

આ ટ્રેનિંગ રવિવારના દિવસે ખાસ યોજવામાં આવશે. રાજ્યમાં આવેલી ૨૦ હજાર કરતાં વધારે પ્રાથમિક શાળાના શિક્ષકોને આરોગ્ય વિભાગની ટીમ સાથે રાખીને સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવશે. બે તબક્કામાં આ ટ્રેનિંગ આપવામાં આવશે. ટ્રેનિંગ માટે ડિસેમ્બર મહિનાની ૩ અને ૧૭ તારીખની પ્રાથમિક તબક્કે પસંદગી કરવામાં આવી છે.પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોને સીપીઆર તાલીમ આપવાની સાથે સાથે રાજ્યમાં આવેલી ૪૭૧ કોલેજના પ્રાધ્યાપકો પણ તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવાની આ તાલીમનો હિસ્સો બનશે. હાલના તબક્કે પ્રાથમિક રીતે ૩ અને ૧૭ ડિસેમ્બર એમ બે દિવસ નક્કી કરવામાં આવ્યા છે. જે અંગેની આગામી સમયમાં તમામ શાળા તથા કોલેજને સૂચના આપવામાં આવશે. જોકે આ ટ્રેનિંગ તમામ માટે ફરજિયાત નહીં રહે પરંતુ આ તાલીમનો હિસ્સો બને તેવી ભારપૂર્વક અપીલ કરવામાં આવશે.

શહેર ભાજપ દ્વારા કાલે વિધાનસભા-૬૮માં તમામ શ્રેણીના કાર્યકર્તાઓનું સ્નેહમિલન સમારોહ યોજાશે. : ઉદય કાનગડ-મુકેશ દોશી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે નવા વિચારો અને નવા સંકલ્પો સાથે નુતન વર્ષના આગમનને વધાવવા અને પરસ્પર શુભેચ્છા પાઠવવા તા.૨૨ ના બુધવારે સાંજે ૬:૩૦ કલાકે માધવ પાર્ટી પ્લોટ, ડી. માર્ટ, ૫૦ ફુટ રોડ,કુવાડવા રોડ રાજકોટ ખાતે કેબીનેટ મંત્રી તથા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ

ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, શહેર સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, રાજકોટ શહેર મહામંત્રી ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના ઉપસ્થિત રહેશે. આ સ્નેહમિલન સમારોહમાં વિધાનસભા-૬૮ માં સમાવિષ્ટ વોર્ડનાં તમામ શ્રેણીના કાર્યકતાઓ ઉપસ્થિત રહેશે.

ગિરનાર પરિક્રમા માટે એસ.ટી.૧૦૦ એક્સ્ટ્રા બસ દોડાવશે

રાજકોટ,તા.૨૧

ગિરનારની પવિત્ર પરિક્રમામાં રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં ભાવિકો જોડાતા હોય છે. આ પરિક્રમામાં જવા માટે રાજકોટ એસ.ટી. વિભાગે એક્સ્ટ્રા ૧૦૦ બસ દોડાવવાનું નક્કી કર્યું છે. રાજકોટ સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર હોવાથી ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાંથી પરિક્રમામાં જવા ઇચ્છુક ભાવિકો રાજકોટ થઇને પરિક્રમામાં જતા હોય છે તેથી અહીં વિશેષ ટ્રાફિક હોય છે. દિવાળીના તહેવારમાં રાજકોટ એસ.ટી. વિભાગમાં ગત શુક્ર, શનિ અને રવિવાર દરમિયાન રાજકોટ એસ.ટી. વિભાગને રિટર્ન ટ્રાફિક થકી રૂ.૨.૩૫ કરોડથી વધુ રકમની આવક થઇ છે. ઓનલાઇન બુકિંગમાં પણ વ્યાપક ધસારો જોવા મળી રહ્યો છે. ગુરૂવારે રાજકોટ એસ.ટી. વિભાગને એક જ દિવસમાં વિક્રમજનક રૂ.૮૧.૪૪ લાખની જંગી આવક થઇ છે.

સહકાર વિભાગની ૨૭૦૦માંથી ૧૬૩૨ જગ્યા ખાલી

સહકારી ટ્રિબ્યૂનલ વિભાગમાં ૫૦ ટકાથી વધુ જગ્યા ખાલી

રાજકોટ,તા.૨૧

ગુજરાત સરકારે લાંબા સમયથી સહકાર વિભાગમાં ભરતી કરી ન હોવાથી હાલ કુલ મહેકમના ૬૧ ટકા જગ્યા ખાલી છે. ૨૭૦૦માંથી ૧૬૩૨ જગ્યા ખાલી હોવાથી સહકાર વિભાગમાં સહકારી મંડળી તેમજ અરજદારોના કામ પેન્ડિંગ છે. રાજ્યમાં જિલ્લા રજિસ્ટ્રારની ૯૦માંથી માત્ર ૩૨ અને મદદનીશ રજિસ્ટ્રારની ૧૮૫માંથી માત્ર ૩૧ જગ્યા ભરાયેલી છે. ખાલી જગ્યા પર ઇન્ચાર્જ મૂકી દેવામાં આવ્યા હોવાથી એક અધિકારી પર એકથી વધુ જિલ્લાની જવાબદારી આવે છે અને તેની સીધી અસર કામ પર જોવા મળે છે.

સહકાર વિભાગમાં કુલ ૨૭૦૦ કર્મચારીનું મહેકમ છે જેમાંથી ૧૦૬૮ જગ્યા ભરેલી છે જ્યારે ૧૬૩૨ જગ્યા ખાલી છે. રાજ્યમાં અધિક રજિસ્ટ્રાર સંવર્ગની પાંચમાંથી બે જગ્યા, સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગ (વર્ગ-૧)ની ૭ જગ્યા, જિલ્લા રજિસ્ટ્રારની ૫૮, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારની ૧૫૪, કાર્યાલય અધિક્ષકની ૨૧૧ જગ્યા, હેડ ક્લાર્કની ૩૧૪ જગ્યા, સિનિ. ક્લાર્કની ૩૫૬ જગ્યા, જુનિયર ક્લાર્કની ૫૩૦ જગ્યા ખાલી છે.

સહકારી વિભાગના તકરારી કેસોનો નિકાલ કરવા માટેના ટ્રિબ્યૂનલમાં પ્રમુખ (જ્યુડિશિયલ)ની એક જગ્યા છે જે ખાલી છે જ્યારે સભ્ય (સહકાર)ની બેમાંથી એક જગ્યા ખાલી છે, રજિસ્ટ્રાર (વર્ગ-૨)ની એક જગ્યા છે જે ખાલી છે, ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ની પણ એક જગ્યા છે જે ખાલી છે, અંગ્રેજી સ્ટેનોગ્રાફરની બન્ને જગ્યા ખલી, જુનિયર ક્લાર્કની ત્રણેય જગ્યા, ગુજરાતી ટાઇપિસ્ટની બન્ને જગ્યા પણ ખાલી છે. ટ્રિબ્યૂનલ વિભાગમાં ૨૨માંથી ૧૩ જગ્યા ખાલી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૫મીથી બી.એડ., એમ.એડ.ની ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા

રાજકોટ,તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ સત્રની એમએડ સેમેસ્ટર-૩ અને બીએડ સેમેસ્ટર-૩ની થિયરીની પરીક્ષા આગામી તારીખ ૫ ડિસેમ્બરથી લેવાનાર છે. પરીક્ષાનો સમય બપોરે ૨.૩૦થી ૫ કલાક સુધીનો રખાયો છે. યુનિવર્સિટીએ આ પરીક્ષાને લઈને જે-તે કોલેજના આચાર્યને જણાવ્યું છે કે, આ પરીક્ષા સમય દરમિયાન અન્ય પરીક્ષાનું આયોજન કરવું નહીં અને બેઠક વ્યવસ્થા ગોઠવી રાખવી. આ પરીક્ષા જિલ્લા મથકની કોલેજ કે સેન્ટર પર લેવાશે. પરીક્ષા નિયામક દ્વારા જણાવાયું છે કે, પરીક્ષા શરૂ થયાના ૩૦ મિનિટ પહેલા પ્રશ્નપત્રનું સીલબંધ બોક્સ ખોલવાનું રહેશે. પ્રશ્નપત્રના સીલબંધ કવર પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીની હાજરીમાં ૧૦ મિનિટ અગાઉ ખોલવાનું રહેશે.

ક્રાઈમ કોર્નર

રાજકોટમાં બે મિત્રનું અપહરણ કરી લૂંટ ચલાવનાર ત્રિપુટી ઝડપાઇ

સહકાર મેઇન રોડ પર રહેતો જીત ઉત્તમભાઇ વાઘેલા (ઉ.વ.૨૪) અને તેનો મિત્ર મિહિર વરાણ બેસતા વર્ષની રાત્રે યુનિવર્સિટી રોડ પર એફએસએલની ઓફિસ સામે હોટેલ પાસે બુલેટ લઇને ઊભા હતા ત્યારે ત્યાં ઊભેલા ત્રણ અજાણ્યા શખ્સે સામું કેમ જોવો છો તેમ કહી માથાકૂટ શરૂ કરી હતી અને જીત વાઘેલાના બુલેટની ચાવી કાઢી લઇ બુલેટ સામેની બાજુ લઇ જઇ જીત તથા તેના મિત્ર મિહિરનું અપહરણ કરી અલગ અલગ સ્થળે લઇ ગયા હતા અને બાદમાં કાલાવડ રોડ પર સૈયાજી હોટેલ નજીક લઇ જઇ ત્યાં છરી બતાવી સોનાના બે ચેઇન અને એટીએમમાંથી પૈસા ઉપડાવી કુલ ૩,૨,૮૯,૨૫૦નો મુદ્દામાલ લૂંટી ત્રણેય શખ્સ નાસી છૂટ્યા હતા.ઘટના અંગે જીત વાઘેલાએ નોંધાવેલી ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને ફૂટેજમાં દેખાતા ત્રણ પૈકી એક શખ્સ ઘટનાના બે દિવસ પૂર્વે જ મારામારીના ગુનામાં માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ધરપકડ પામેલો મવડીની શ્રીનાથજી સોસાયટીનો રાહુલ પરબત સબાડ હોવાનું ખુલ્યું હતું. પોલીસે રાહુલની સાથે રહેલા બે શખ્સની પણ ઓળખ કરી હતી. લૂંટમાં રાહુલની સાથે પરાસરપાર્કનો કરણ રાજેશ પરમાર અને પંચશીલ સોસાયટીનો જય પ્રભાત ખાંભલા હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે બન્નેને ઝડપી લીધા હતા.

'તું પોલીસનો ચમચો છો,' કહી ૩ શખ્સએ યુવાનને માર માર્યો

રાજકોટ તાલુકાના માલિયાસણ ગામે રહેતા અનીષ ઇશાભાઇ ભાલવાણી નામના યુવાન પર આર્યનગરમાં રહેતા રહીશ અમીર સિકંદર જુણેજા, તાહિર સૈયદ ઉર્ફે બાપ ઉર્ફે ટકો અને પેડક રોડ પર રહેતા સમીખાન નામના શખ્સે છરીથી હુમલો કરતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે.અનીષે નોંધાવેલી ફરિયાદ મુજબ, સોમવારે બપોરે ઘર પાસે આવેલી પાનની દુકાને હતો ત્યારે અમારા ગામનો જ રહીશ અમીર, તાહિર અને સમીખાન કારમાં ધસી આવ્યા હતા. ત્રણેય કારમાંથી ઉતરી પોતાની પાસે આવી તું પોલીસનો ચમચો છો, તે જ મારો માલ પકડાવ્યો છે કહી ગાળો ભાંડી હતી. ગાળો દેવાની ના પાડતા રહીશ અમીરે તારા હિસાબે મારે વીસ લાખનું નુકસાન થયું છે તેમ કહી માર માર્યો હતો. બાદમાં તેની કારમાંથી છરી લઇ આવી તાહિર અને સમીએ પોતાને પકડી રાખી રહીશ અમીરે હવે પોલીસને બાતમી આપીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહી છરીથી હુમલો કરી હાથ પર બે ઘા ઝીંકી દીધા હતા. જેને કારણે પોતાને લોહી નીકળતા બૂમાબૂમ કરી મૂકતા ત્રણેય જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. બાદમાં ભાઇને ફોન કરી બોલાવતા તે સારવાર માટે હોસ્પિટલ લઇ ગયા હતા. કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી ત્રણેય આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

રૈયાધારમાં સંતાડેલો વિદેશી દારૂ પકડાયો

શહેરના રૈયાધાર વિસ્તારમાંથી પોલીસે બિનવારસી હાલતમાં વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. ઇન્દિરાનગર-૩૩ પાસે આવેલા નિર્જન સ્થળે વિદેશી દારૂનો જથ્થો સંતાડેલો હોવાની યુનિવર્સિટી પોલીસને માહિતી મળી હતી. જે માહિતીના આધારે પોલીસ ટીમ તુરંત માહિતીના સ્થળે દોડી ગઇ હતી. તપાસ કરતા સ્થળ પરથી રૂ.૨૮,૮૦૦ના કિંમતની વિદેશી દારૂની ૭૨ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ કબજે કરી દારૂ કોનો છે તે અંગે તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો આ જ વિસ્તારમાં રહેતા સુનિલ રમેશ સોલંકી નામના શખ્સનો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે તેના ઘરે તપાસ કરતા સુનિલ સોલંકી મળી આવ્યો ન હતો. પોલીસે ગુનો નોંધી સુનિલને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ધોરાજીમાં યુવકે ઝેરના પારખા કરી લેતાં મૃત્યુ

ધોરાજીમાં યુવકે અગમ્ય કારણોસર ઝેરી પ્રવાહી પી લેતા મોત નિપજતાં પોલીસે મૃતક યુવાનના મૃતદેહનૂ પીએમ કરાવીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. યુવકે આપઘાત શા માટે કરવો પડ્યો એ તપાસ પોલીસ ચલાવી રહી છે અને પ્રારંભિક અનુમાન એવું લગાવવામાં આવી રહ્યું છે કે આર્થિક ભીંસથી કંટાળી યુવાને મોત વહાલું કર્યું હોઇ શકે. સાચું કારણ વિગતે તપાસ બાદ સામે આવશે.ધોરાજી ના કૈલાસ નગર પાસે રહેતો રમેશભાઈ કેશુભાઈ ઉવ ૩૨ એ અગમ્ય કારણોસર ઝેરી પ્રવાહી પી લેતા સારવારમાં સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો ત્યાં ફરજ પરના તબીબે યુવકનું મરણ થયું હોવાનું જાહેર કરીને ધોરાજી સીટી પોલીસ મથકે જાણ કરતાં ધોરાજી સીટી પોલીસ મથકના એ એસ આઈ ભીમ ભાઈ ગંભીર સહિતના પોલીસ સ્ટાફ દોડી આવીને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પોલીસ મૃતદેહનું પીએમ કરાવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.મુતક યૂવાન ના કુટુંબી જનોને એ જણાવ્યું હતું કે મૃતક યુવાન ને ત્રણ સંતાનો છે આર્થિક પરિસ્થિતિ નબળી હોવાનુ જણાવ્યું હતું . આ બનાવની તપાસ પોલીસે હાથ ધરી છે.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા ખાદ્ય ચીજોના ફૂડ ૩૭ નમૂનાની સ્થળ પર ચકાસણી

૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સુચના અપાઈ

રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા **FSW** વાન સાથે શહેરના ૮૦ ફૂટ રોડ થી ભાવનગર રોડ, લક્ષ્મીનગર મેઇન રોડ થી રાજનગર ચોક તથા નાનામવા વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૩૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

ચકાસણી કરેલ ધંધાર્થીઓની વિગત :- ફૂડ વિભાગની ટીમ તથા **FSW** વાન સાથે શહેરના ૮૦ ફૂટ રોડ તથા ભાવનગર રોડ, લક્ષ્મીનગર મેઇન રોડ થી રાજનગર ચોક તથા નાનામવા વિસ્તારમાં આવેલ (૦૧)સુરેશભાઈ ચૂઘરાવાળા -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)હરીઈચ્છા વડાપાઉં -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)ખોડિયાર નાસ્તા હાઉસ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)રાજ દાળપકવાન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)જેડેશ્વર થાળી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)મજેદાર પાઉંભાજી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)જલારામ ફરસાણ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)બાલાજી સોડા -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.તથા (૦૯)આનંદ- લસણીયા ચણા બટેટા (૧૦)શિવ ચૂઘરા (૧૧)ફેમસ દાળપકવાન (૧૨)શિવમ દાળપકવાન (૧૩)ખાખી ચૂઘરા -વડાપાઉં (૧૪)કનૈયા પૂરીશાક (૧૫)આનંદના ધોરાજીવાળા ભૂંગળા બટેટા (૧૬)ખોડિયાર સેન્ડવીચ પફ (૧૭)રાજ વડાપાઉં (૧૮)જય ગવલીનાથ ફરસાણ (૧૯)ખોડલ ભેળ (૨૦)મારૂતિ ડેરી (૨૧)અનામ ચૂઘરા (૨૨)સત્સંગ પાન કોલ્ડ્રિંક્સ (૨૩)અનમોલ ફરસાણ (૨૪)લક્ષ્મી શીંગ (૨૫)શ્રીરામ ફરસાણ (૨૬)જલીયાણ ફરસાણ (૨૭)મોન્જીનીસ કેક શોપ (૨૮)મુરલીધર ફરસાણ (૨૯)શ્રીનાથજી ટ્રેડર્સ (૩૦)પટેલ ભજીયા ફરસાણ (૩૧)ભવાની ગાંઠિયા (૩૨)સુખસાગર ડેરી (૩૩)ચામુંડા દુગ્ધાલય (૩૪)શ્રીનાથજી ડેરી ફાર્મ (૩૫)પીડીજી પાર્સલ પોઈન્ટ (૩૬)જય માટેલ સ્વીટ્સ (૩૭)અતુલ બેકરી (૩૮)અન્નપુર્ણા ભેળ (૩૯)હાઉસ ઓફ સ્નેક્સની ચકાસણી કરવામાં આવેલ.

જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૫૮ નાગરિકો સામે દંડની કાર્યવાહી

૧૦.૫ કી. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

રાજકોટ,તા.૨૧

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા.૨૧/૧૧ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનમાં ઝુંબેશના રૂપમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ત્રણેય ઝોનમાં જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૫૮ નાગરિકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવેલ અને ૧૦.૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના મધ્ય ઝોનના વોર્ડ નં.૦૨, ૦૩, ૦૭, ૧૩, ૧૪ તથા ૧૭ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન મધ્ય ઝોન વિસ્તારમાં કુલ-૨૮ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૦૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૦૧, ૦૮, ૦૯, ૧૦, ૧૧ તથા ૧૨ ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન પશ્ચિમ ઝોન વિસ્તારમાં કુલ-૨૧ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૪.૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પુર્વ ઝોનના વોર્ડ નં.૦૪, ૦૫, ૦૬, ૧૫, ૧૬ તથા ૧૮ ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન પૂર્વ ઝોન વિસ્તારમાં કુલ-૦૯ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૧.૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

જયુબેલી શાક માર્કેટ અને તેની આસપાસ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૧

ભારત સરકાર દ્વારા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવાનું આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અને શહેરી દ્વારા તા.૧૫/૦૯ થી તા.૦૨/૧૦ સુધી સંયુકત રીતે સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્વચ્છતા એ જ સેવાના ભાગરૂપે રાજયમાં તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન રાજયવ્યાપી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવેલ છે. જેના ભાગરૂપે આજ તા.૨૧/૧૧ ના રોજ સ્વચ્છતા હી સેવા અંતર્ગત શહેરમાં આવેલ વોર્ડ નં.૩માં જયુબેલી શાક માર્કેટ અને તેની આસપાસ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

આ ઝુંબેશમાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર અનિલ ધામેલીયા, દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન સમિતી ચેરમેન નિલેશભાઈ જલુ, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, કોર્પોરેટર કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, બાબુભાઈ ઉધરેજા, ભાજપ અગ્રણી સુનીલભાઈ ટેકવાણી, પ્રવિણભાઈ સોઢા, શોભિતભાઈ પરમાર, સચિનભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, જયદિપભાઈ પરમાર, અશોકભાઈ સોલંકી, નરેન્દ્રભાઈ જેઠવા તેમજ રાજકોટ મહાનગરપાલિકાના પર્યાવરણ ઈજનેર નિલેષભાઈ પરમાર, નાયબ પર્યાવરણ ઈજનેર વલ્લભભાઈ જીંજાળા, પ્રજેશ સોલંકી, વોર્ડ ઓફિસર મૌલિકભાઈ ગોંધિયા તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

આ ઉપરાંત સફાઈ ઝુંબેશ અંતગત શહેરમાં અલગ અલગ વોર્ડમાં આવેલ અન્ય ૧૭ જેટલાં હોકર્સ ઝોન તેમજ તેની આસપાસનાં સ્થળની સફાઈ કરવામાં આવેલ. આ ઝુંબેશમાં લગત વોર્ડના કોર્પોરેટરો, વોર્ડ સંગઠનના હોદેદારો, સ્થાનિક અગ્રણીઓ, રાજકોટ મહાનગરપાલિકાનાં અધિકારીઓ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કર્મચારીઓ ઉપસ્થીત રહેલ હતા.

શહેરના વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને પ્રતિષ્ઠિત 'મેયર એવોર્ડ' થી સન્માનિત કરાશે

રેસકોર્ષ ખાતે ગઝલ સમ્રાટ મનહર ઉધાસ પ્રસ્તુત સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાશે

રાજકોટ,તા.૨૧

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતા 'ગોલ્ડન જ્યુબેલી વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે આગામી તા.૨૪/૧૧ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ખાતે ગઝલ સમ્રાટ મનહર ઉધાસ પ્રસ્તુત સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા અને રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા અને મંત્રી બિનાબેન આચાર્ય તથા મ્યુનિ. કમિશનર આનંદ પટેલની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શહેર ભાજપ મહામંત્રીઓ અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, અને ડો.માધવ દવે, અગ્રણી ઉદ્યોગપતિ મૌલેષભાઈ ઉકાણી, અગ્રણી સમાજસેવક હિમાંશુભાઈ માંકડ, અગ્રણી જીવદયાપ્રેમી સુમનભાઈ કામદાર, અગ્રણી પર્યાવરણપ્રેમી વી.ડી. બાલા, અગ્રણી નાટ્યકાર કૌશિકભાઈ સિંધવ, અગ્રણી સાહિત્યકાર દિલિપભાઈ જોશી, અગ્રણી સમાજસેવિકા ઉષાબેન જાની, અગ્રણી ગાંધીવાદી બળવંતભાઈ દેસાઈ તથા અતિથિ વિશેષ તરીકે મહાનગર

દિવાળી બાદ હવે બજારમાં લગ્નસરાની ખરીદીનો પ્રારંભ

આગામી ત્રણ મહિના સુધી લગ્ન સમારંભો માટે બજારમાં વિવિધ ખરીદી જોવા મળશે

રાજકોટ,તા. ૨૧ :

શહેરમાં લાભ પાંચમ સાથે બજારો પુનઃ શરૂ થયા છે. હાલમાં બજારોમાં લગ્ન સમારંભોની ધીરે ધીરે ખરીખી શરૂ થઇ છે. અગામી ગુરૂવારેથી દેવઉઠી એકાદશી સાથે લગ્નસરાની નવી સિઝન શરૂ થઇ રહી છે.

જો કે આ વર્ષેની તુલનાએ લગ્નના ૪૧ મુહૂર્ત હોવાથી આગામી ફેબ્રુઆરી માસ સુધીના પાર્ટી પ્લોટ, રિસોર્ટ, બેન્કવેટ હોલ, વાડી , અતિથિ ગૃહો, હાઉસ ફુલ થઇ ગયન છે. વિડીઓગ્રાફર, ફરારસખાના, કેટરર્સ, માળી સહિતની સેવા આપનારાઓને ત્યાં લગ્નસરાની બુકિંગ હાલમાં થઇ રહ્યા છે.

નવી સિઝનમાં ફેબ્રુઆરી માસમાં સૌથી વધારે ૧૨ મુહૂર્ત છે. જ્યારે ગુરૂ અને શુક્રના અસ્તને કારણે મે અને જૂન માસમાં એકેય મુહૂર્ત નથી. આ વર્ષે ગુરૂવારે ૨૩ નવેમ્બરના રોજ દેવઉઠી એકાદશીની ઉજવણી થશે. ત્યારબાદ ૨૭ નવેમ્બરે એટલે કે દેવદિવાળીના રોજ લગ્નનું મુહૂર્ત છે. જો કે, ગત વર્ષે લગ્નસરાની સિઝનમાં ૬૧ મુહૂર્ત હતા. તેની સરખામણીએ ચાલુ વર્ષે લગ્નસરાની સિઝનમાં માત્ર ૪૧ જ મુહૂર્ત છે. એટલે કે ગત

વર્ષની સરખામણીએ ૨૦ મુહૂર્ત ઓછા છે. મે અને જૂન માસમાં ગુરૂ અને શુક્રદેવના અસ્તને કારણે એકેય મુહૂર્ત રહેશે. ફેબ્રુઆરી માસમાં સૌથી વધારે ૧૨ લગ્નમુહૂર્ત રહેશે. જ્યારે નવેમ્બરમાં માસમાં ૩, ડિસેમ્બરમાં ૫, જાન્યુઆરીમાં ૬, ફેબ્રુઆરીમાં ૧૨, માર્ચમાં ૫, એપ્રિલમાં ૫ અને જુલાઇમાં ૫ મુહૂર્ત રહેશે. ઓછા મુહૂર્તને કારણે વર અને કન્યા પક્ષે એડવાન્સ બુકિંગ આયોજન માટે ભાગદોડ શરૂ કરી છે.

આગામી શુક્રવારના દેવઉઠી અગિયારસથી શહેરમાં લગ્નસરાની મોસમ જામશે. એનઆરઆઇ પરિવારોએ પણ લગ્નસમારંભખ માટે અગાઉથી જ સ્થળો પસંદ કરી દીધા છે. જોકે છેલ્લે છેલ્લે જે પરિવારોએ લગ્નનું આયોજન કર્યું છે. તેઓ હાલમા સ્થળ પસંદ કરવા માટે દોડધામ કરી રહ્યા છે. આ ઉપરાંત લગ્ન સમારંભ માટેની સેવાઓ મેળવવા માટે પણ કાર્યવાહી કરી રહ્યા છે.

સામાન્ય પણે લગ્નસરાની સિઝનને ગુરૂ, શુક્રનો અસ્ત અને હોળાષ્ટક ધનારક, મીનારક નડે છે. વિક્રમ સંવત ૨૦૮૦ના આ વર્ષમાં ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી સુધી ધનારક એટલે કે કમુરતા નડશે. ત્યારબાદ ૧૬ માર્ચથી ૨૪ માર્ચ સુધી હોળાષ્ટક રહેશે. ૧૪ માર્ચથી ૧૩ એપ્રિલ સુધી મીનારક નડશે. ૨૯ એપ્રિલથી ૨૮ જૂન સુધી શુક્રદેવનો અસ્ત હોય લગ્નો લેવાશે નહીં. ૬ મેથી ૩ જૂન સુધી ગુરૂનો અસ્ત રહેશે. ૩ જૂન સુધી ગુરૂનો અસ્ત રહેશે. સામાન્ય પણે આ દિવસોમાં લગ્ન સહિતનાના શુભ કાર્યો થતા ન હોય લગ્નસરાની શહેનાઇઓ ગુંજશે નહીં.

એનઆરઆઇ લોકો દિવાળી પૂર્વેથી જ વતનમાં આવી ગયા છે. લગ્ન સમારંભો માટે તેમના દ્વારા ખરીદી શરૂ થઇ છે. બીજી તરફ સ્થાનિક લોકોએ પણ ખરીદી કરી રહ્યા છે. આમ આગામી ત્રણ મહિના સુધી લગ્ન સમારંભો માટે બજારમાં વિવિધ ખરીદી જોવા મળશે.

ફરી માવઠાથી માઠી! તા.૨૫-૨૬ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વરસાદ પડશે

ભેજવાળા પવનોથી બની રહેલા ક્ષ્ફથી રાજયમાં વિવિધ સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ વરસશે

રાજકોટ, તા.૨૧

સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શિયાળાની ઋતુ હજુ ખાસ જામી નથી. ત્યાં ફરી એકવાર ચાલુ સપ્તાહના અંતમાં રાજ્યમાં માવઠુ થવાની આગાહી રાજ્ય હવામાન વિભાગે કરી છે. આ આગાહીના પગલે ખેડૂતો ભારે ચિંતાતુર બન્યા છે. કારણ કે હાલમાં રવિ પાકની સિઝન ચાલી રહી છે ત્યાં ફરી એકવાર માવઠાની આગાહીના પગલે ખેડૂતોને નૂકસાનીનો ભય સતાવા લાગ્યો છે.

દરમ્યાન રાજ્ય હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ મીડિયાને જણાવેલ હતું કે ભેજવાળા પવનોને લીધે ટ્રક બની રહ્યો છે. જેના કારણે આગામી તા.૨૫ અને ૨૬ના રોજ સમગ્ર ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રમાં વિવિધ સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ

પડી શકે છે. જો કે અમુક સ્થળોએ ભારે વરસાદની પણ શક્યતા છે. વધુમાં ડો. મોહંતીએ જણાવેલ હતું કે ચાલુ માસની શરૂઆતમાં સવારનું અને સાંજનું તાપમાન નોર્મલ રહેશે. ખાસ ઠંડીનો અનુભવ થશે નહીં. દરમ્યાન આજરોજ સવારે પણ રાજ્યમાં વિવિધ સ્થળોએ ગુલાબી ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો.

આજરોજ રાજ્યનું સૌથી ઠંડુ શહેર ૧૩.૪ ડીગ્રી સાથે કચ્છનું નલીયા રહેવા પામ્યું હતું. આ ઉપરાંત અમરેલીમાં પણ ૧૬.૭ ડીગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડકનો અહેસાસ થયો હતો. તેમજ અમદાવાદ ખાતે આજરોજ સવારે ૨૦.૮ ડિગ્રી, વડોદરામાં ૨૦, ભાવનગરમાં ૨૧, ભુજમાં ૧૭.૭ ડિગ્રી, ડીસામાં ૧૯, દિવ અને દ્વારકામાં ૨૦ ડિગ્રી જ્યારે ગાંધીનગર ખાતે ૧૯ ડિગ્રી, કંડલામાં ૨૦, પોરબંદરમાં ૨૦.૭, રાજકોટ શહેરમાં ૧૯.૭ ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં ૨૦.૬ ડિગ્રી તેમજ વેરાવળ ખાતે ૨૧.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.ઉત્તર, દક્ષિણ, સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરાઈ છે. ૨૫ નવેમ્બરની વાત કરવામાં આવે તો દાહોદ, પંચમહાલ, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટમાં વરસાદની આગાહી કરાઈ છે. ૨૬ નવેમ્બરે આણંદ, અરવલ્લી, ખેડા, મહીસાગર, મહેસાણા, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટ સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ સહિતના વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયના ૧૮ શહેરમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી નીચે નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૭ દિવસ તાપમાનમાં મોટો ફેરફાર રહેશે.

વલસાડ, વાપી, ઉદવાડા, ધરમપુર અને સેલવાસના વાતાવરણમાં બદલાવ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ૨૫ અને ૨૬મી સુધીમાં સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં માવઠું વરસી શકે છે. જયારે સાર્વત્રિક નહીં પણ છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ૨૨મી થી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વર્તાશે. મજબૂત ડિસ્ટર્બન્સને કારણે ઉત્તરના પર્વતીય વિસ્તારમાં હિમવર્ષા થાય તેવી પણ ભીતિ જોવા મળી રહી છે. હાલ આ આગાહીને લઈને ખેડૂતોની ચિંતા કરી રહ્યાં છે. જીરૂ, ધાણા અને તૈયાર થયેલા પાકને નુકસાનની ભીતિ જોવા મળી રહી છે.

આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાતમાં અનેક મહત્વના નવા ઉદ્યોગો આવશે

ટેસ્લા મોટરનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં! વાઈબ્રન્ટમાં કરાર

ખુદ એલન મસ્ક પણ ગુજરાત આવે તેવી શક્યતાઃ કુલ બે બિલિયન ડોલરનું રોકાણ ગુજરાતમાં આવશે

નવી દિલ્હી તા.૨૧ : ટુંક સમયમાં જ દેશના માર્ગો પર મેઈડ ઈન ઈન્ડીયા ટેસ્લા કાર દોડતી જોવા મળશે. એલન મસ્કની કંપની અને ભારત સરકાર વચ્ચે આ અંગે જે વાટાઘાટ શરુ થઈ છે તેમાં હવે નિર્ણાયક સ્તર આવી ગયો છે અને આગામી વર્ષે ટેસ્લા ભારતનો પ્રથમ પ્લાન સ્થાપશે અને બે વર્ષમાં અહી ટેસ્લાનું ઉત્પાદન શરૂ થઈ જાય તેવા સંકેત છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં આ અંગે જાહેરાત થઈ શકે છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ ટેસ્લાનો પ્રથમ પ્લાન ગુજરાતમાં જ આવશે.

જો કે કંપની દ્વારા મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં પણ આ અંગે યોગ્ય સુવિધા પર નજર રાખવામાં આવી રહી છે. બે બિલીયન ડોલરનું રોકાણ કંપની કરશે અને ૧૫ બિલિયન ડોલરના ઓટોપાર્ટસ ભારતમાં જ બને તે માટે પણ ટેસ્લા સાથી કંપનીઓ સાથે પ્લાન સ્થાપશે. ઉપરાંત ભારતમાં જ બેટરીનું ઉત્પાદન કરવા અમેરિકી કંપનીએ તૈયારી બતાવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ વાઈબ્રન્ટ ગુજરાતમાં ટેસ્લાના વડા અને જાણીતા સાહસીક ઉદ્યોગપતિ એલન મસ્ક પણ હાજર રહી શકે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ટેસ્લાના કરાર થશે.

આ માટે હાલ કેન્દ્રીય સ્તરે ભારે ઉદ્યોગ મંત્રાલય નાણા અને વ્યાપાર તેમજ ઉદ્યોગ મંત્રાલય એકી સાથે કામ કરી રહ્યા છે. સૌથી મહત્વની બાબત એ છે કે ભારતમાં ચીપના ઉત્પાદન માટેનો પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં સ્થપાઈ રહ્યો છે. આ ઉપરાંત ગુજરાત એ દેશની ઓટો કંપનીઓ માટે હબ બન્યુ છે. હાલમાં જ ઉદ્યોગમંત્રી પિયુષ ગોયેલ એ કેલિફોર્નિયામાં ટેસ્લાના પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને તેઓએ બાદમાં દિલ્હી પરત આવ્યા બાદ વડાપ્રધાનને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો.

રાજ્યમાં રવીપાકના વાવેતર શરૂ, ગત વર્ષ કરતા ૪.૬૯ લાખ હેક્ટર ઓછું

કુલ ૧૧,૭૭,૪૦૦ હેક્ટરમાં વાવેતર, સૌરાષ્ટ્રમાં ૪,૧૬,૯૦૦ હેક્ટરમાં વાવેતર

રાજકોટ.તા.૨૧

સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં રવીપાકનું વાવેતર શરૂ થઇ ચૂક્યું છે. રાજ્યમાં ૧૧,૭૭,૪૦૦ હેક્ટરમાં વાવેતર થયું છે. ગત વર્ષની સામે આ વર્ષે (૨૦ નવેમ્બર) સુધીમાં ૪,૬૯,૦૪૧ હેક્ટર ઓછું વાવેતર થયું છે. અત્યાર સુધીમાં સૌથી વધુ કઠોળ પાકનું વાવેતર થયું છે. ચણાનું સૌથી વધુ ૧,૮૬,૧૨૧ હેક્ટરમાં વાવેતર થયું છે.

ગુજરાતમાં રવીપાકનું સરેરાશ ૪૪,૭૫,૧૪૨ હેક્ટરમાં વાવેતર થાય છે. ચાલુ વર્ષે ૨૦ નવેમ્બર સુધીમાં ઘઉં પિયત ૧,૭૩,૦૫૪ અને બિન પિયત ૧૪,૭૫૩ હેક્ટરમાં વાવેતર થયું છે જ્યારે જુવારનું ૧૪,૬૭૭ હેક્ટર મકાઇનું ૨૫,૬૯૮ હેક્ટર, રાઈનું ૧,૬૬,૨૯૯ હેક્ટર, શેરડીનું ૯૦,૭૦૨ હેક્ટર, તમાકુ ૩૧,૪૭૮ હેક્ટર, જીરૂંનું ૮૮,૬૯૬ હેક્ટરમાં ધાણાનું ૩૫,૭૫૪ હેક્ટર, વરિયાળીનું ૩૨,૪૫૨ હેક્ટરમાં વાવેતર થયું છે. ગત વર્ષે ૨૦ નવેમ્બર સુધીમાં ૧૬,૪૬,૪૬૫ હેક્ટરની સામે આ વર્ષે ૧૧,૭૭,૪૨૪ હેક્ટરમાં વાવેતર થયું છે. હજુ રવીપાકનું વાવેતર વિસ્તારમાં મોટો વધારો થશે પરંતુ અપેક્ષા મુજબ વરસાદ પડ્યો ન હોવાથી વાવેતર વિસ્તારમાં ઘટાડો થઇ શકે છે.

રવીપાકના વાવેતર શરૂ થયા છે તેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૦૦,૮૦૦ હેક્ટરનું વાવેતર થયું છે, જ્યારે ઉતર ગુજરાતમાં ૧,૪૮,૨૦૦ હેક્ટરનું રાઈ, દક્ષિણ ગુજરાતમાં ૮૯,૧૦૦ હેક્ટર વાવેતર થયું છે. સૌરાષ્ટ્રમાં ઘઉંનું ૯૦,૩૦૦ હેક્ટર વાવેતર થયું છે જ્યારે જીરૂંનું ૭૯,૧૦૦ હેક્ટર વાવેતર થયું છે.

રવીપાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે માટે રાજકોટના તમામ ૧૧ તાલુકામાં ૨૪થી ૨૫ નવેમ્બર દરમિયાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવમાં કૃષિ, બાગાયત, આત્મા, પશુપાલન, પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ અને પ્રદર્શન, ડ્રોન ટેક્નોલોજી, સૂક્ષ્મ પિયત પદ્ધતિ, કિસાન ક્રેડિટ કાર્ડ, બીજ નિગમ, ફાર્મ મિકેનાઈજેશનના સ્ટોલ ઊભા કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં વધઘટ માવઠાની આગાહીથી ખેડુતોમાં ચિંતા ફેલાઇ

રાજકોટ, તા., ૨૧ઃ રાજકોટ સહીત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં વધઘટ થઈ રહી છે. આવા વાતાવરણ વચ્ચે માવઠાની આગાહીથી ખેડુતોમાં ચિંતા ફેલાઇ છે. હાલમાં મોડી રાત્રીના અને વહેલી સવારના સમયે ઠંડકનો અનુભવ થયા બાદ આખો દિવસ ગરમીની અસર અનુભવાય છે.

હવામાન વિભાગ અનુસાર ૨૬ અને ૨૭ નવેમ્બરના રોજ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અમરેલી અને રાજકોટ સહીત અનેક જીલ્લાઓમાં કમોસમી વરસાદ વરસી શકે છે. માવઠાની આગાહીને પગલે રવી પાકને નુકશાન જવાની શકયતા છે.

તા.૨૬ મીના રોજ દક્ષિણ ગુજરાતના તમામ જીલ્લાઓ ઉપરાંત દાહોદ, પંચમહાલ, અમરેલી, ભાવનગર, દેવભુમી દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર અને રાજકોટ તથા તા. ૨૭મીના રોજ દક્ષિણ ગુજરાતના તમામ જીલ્લાઓ ઉપરાંત અમદાવાદ, આણંદ, અરવલ્લી, ગાંધીનગર, ખેડા મહિસાગર, મહેસાણા, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ, બોટાદ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં કમોસમી વરસાદની શકયતા છે.

ધીમે ધીમેઠંડી વધવાની સાથે વિવિધ શહેરોના તાપમાનમાં પણ ઘટાડો થવાની સંભાવના સેવાય છે.બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૨૨.૫, મહત્તમ તાપમાન ૩૦.૬, ભેજનું પ્રમાણ ૬૭ ટકા, પવનની ગતિ ૨.૪ કિ. મી. રહી હતી. આજે સવારે જુનાગઢના તાપમાનમાં ઘરખમ વધારો થતા ગુલાબી ઠંડી ગાયબ થઈ ગઈ હતી. સાથે સાથે સવારે શિયાળાની જગ્યાએ ઉનાળાની અનુભૂતિ થઈ હતી.

ગુજરાત બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના પ્રશ્નપત્ર તૈયાર કરવાના શરૂ

૯૮ જેટલા વિષયના ૧૦–૧૦ના સેટમાં પેપર તૈયાર કરાશે : નવા પ્રશ્નપત્રના પરિરૂપ પ્રસિધ્ધ કરાયા

રાજકોટ,તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને ૯૮ જેટલા વિષયના પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો છે. જેમાં ૧૦-૧૦ના સેટમાં પેપર તૈયાર કરાશે તે મુજબ બોર્ડ દ્વારા નવા પ્રશ્નપત્રના પરિરૂપ પણ પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યા છે. જોકે બોર્ડની પરીક્ષા આડે હજુ ચાર મહિના બાકી છે પરંતુ પ્રશ્નપત્રો તૈયાર કરવાની ખાનગી કામગીરી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. રાજ્યના નિષ્ણાંત શિક્ષકો મારફતે ધોરણ.૧૦ અને ૧૨ના અંદાજે ૯૮ જેટલા પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવશે. સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ એક વિષયના ૧૦ જેટલા સેટ તૈયાર કરાતાં હોય છે જેમાથી ચેરમેન દ્વારા રેન્ડમલી એક પેપરની બંધ કવરમાં પસંદગી કરવામાં આવતી હોય છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં ધોરણ.૧૨ સાયન્સમાં મુખ્ય ચાર વિષય ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિત તેમજ ગુજરાતી, અંગ્રેજી, હિન્દી સહિતની પ્રથમ અને દ્વિતિય ભાષાના મળીને

૧૫ એમ કુલ ૧૯ વિષયની પરીક્ષા લેવામાં આવે છે. આ સિવાય ધોરણ.૧૦માં કુલ ૩૫ વિષયની પરીક્ષા લેવામાં આવે છે, જેમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન સહિત ગુજરાતી, અંગ્રેજી, હિન્દી સહિતના વિષયની ભાષાના મળી ૨૧ અને ૧૪ વોકેશનલ વિષયનો સમાવેશ થાય છે. ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહમાં જુદા જુદા કુલ ૪૪ વિષયની પરીક્ષા લેવામાં આવે છે. જોકે આ વખતે બોર્ડના પરિરૂપમાં મોટો ફેરફાર થયો છે,જેથી અગાઉના વર્ષોના પ્રશ્નપત્રનો આ વખતે માર્ગદર્શન માટે પણ ઉપયોગ શક્ય નથી. આ સિવાય ધોરણ.૧૦ અને ૧૨ના અભ્યાસક્રમમાં પણ મોટો ઘટાડો થયેલો છે. ગણિત-વિજ્ઞાન જેવા મહત્વના વિષયોમાં મોટી સંખ્યામાં પ્રકરણો હટાવી દેવામાં આવ્યાં છે. જેથી નવા ઘટાડેલા અભ્યાસક્રમ અને નવા પરિરૂપ મુજબ નિષ્ણાંત શિક્ષકો મારફતે બોર્ડના પ્રશ્નપત્રો તૈયાર કરવાની ખાનગી કામગીરી શરૂ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

આજી-૧ ડેમનું તળિયું દેખાવા લાગ્યું : જળસંકટ ઘેરાયું!

મહિનાના અંત સુધીમાં નર્મદાના નીર ઠાલવવામાં આવનાર હોવાની ખાતરી સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે આપી

રાજકોટ.તા.૨૧

રાજકોટમાં હંમેશાની જેમ સારો વરસાદ થવા છતાં પણ વર્ષના મધ્યમમાં જ જળ સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે. દીવાળી પુરી થતા જ નવા વર્ષે પાણીની હોળી શરૂ થઇ ગઇ છે. શહેરને પાણી પુરૂ પાડતા મહત્વનાં જળાશયો પૈકી આજી-૧ ડેમનું તળિયું દેખાવા લાગ્યું છે. તેમાં પણ મહિનાના અંત સુધી માંડ ચાલે તેટલું પાણી છે. જેને લઈ આ મહિનામાં નર્મદાના નીર નહીં મળે તો પાણી વિતરણ ખોરવાય તેવી શક્યતા છે. જોકે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે આ પહેલા સૌની યોજના મારફત નર્મદાનાં નીર ઠાલવવામાં આવનાર હોવાની ખાતરી આપી છે.

મળતી માહિતી અનુસાર મનપા કમિશનર આનંદ પટેલે દોઢેક મહિના પહેલા રાજ્ય સરકારને પત્ર લખી સૌની યોજના હેઠળ નર્મદાનાં ૬૦૦ MCFT નીર આજીડેમમાં ઠાલવવા માંગ કરી હતી. જેમાં ૧૫ નવેમ્બર સુધીમાં પાણી આપવા અપીલ કરી હતી. જોકે આમ છતા હજુ સુધી નર્મદાનું એક ટીપુ પાણી આજીમાં ઠલવાયુ નથી. હજુ પણ જો સમયસર નર્મદા નીર આજી ડેમમાં નહીં ઠલવાય તો શું હાલત થશે એ કલ્પના માત્રથી ચિંતાના વાદળો ઘેરાઇ ગયા છે. હાલ આજીડેમમાં માત્ર ૩૬૦.૮૭ MCFT પાણી છે. શહેરની મુખ્ય જીવાદોરી સમાન આજી ડેમમાં અગાઉ નર્મદા નીર ઠલવવા છતા ડેમ ફરી ડુકવા લાગ્યો

છે.

જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, રાજકોટમાં પાણીની વિતરણ વ્યવસ્થા ખોરવાય નહીં તે માટે મનપા સતર્ક છે. હાલ આજી ડેમમાં ૧૮.૯૩ ફૂટ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે ન્યારી ડેમમાં ૨૧.૯૮ ફૂટ તેમજ ભાદર ડેમમાં ૩૧.૭૦ ફૂટ પાણીની સપાટી ઉપલબ્ધ છે. આજી ડેમમાં ૩૬૦.૮૭ MCFT પાણી અને ન્યારી ડેમમાં હાલમાં ૯૫૮ MCFT પાણી જ્યારે ભાદર ડેમમાં ૫૫૬૧ MCFT પાણીનો જથ્થો છે. આજી-૧ ડેમમાં ચાલુ મહિનાના અંત સુધીમાં સૌની યોજનાનું પાણી ઠાલવવામાં આવશે. તો ન્યારી-૧માં માર્ચ મહિના સુધી અને ભાદર-૧માં ઓગષ્ટ સુધી ચાલે તેટલું પાણી હોવાથી લોકોને રાબેતા મુજબ પાણીનું વિતરણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે રાજકોટની દૈનિક ૨૦ મિનિટ પાણી વિતરણની જરૂરિયાત અને રાજકોટમાં ભળેલા નવા વિસ્તારોની માગને લઇ આજી-૧ આ વખતે નવેમ્બરના અંતમાં ડૂકી જાય તેમ છે. જો નર્મદાના નીર આપવામા નહીં આવે તો પાણી વિતરણ ખોરવાય તેવી શક્યતા છે. જેને ધ્યાનમાં રાખી સરકાર પાસે ૬૦૦ એમસીએફટી નર્મદાનાં નીરની માગ અગાઉથી કરવામાં આવી હતી. પણ નવેમ્બર અડધાથી વધુ પૂરો થવા છતાં પાણી નહીં મળતા ભારે ચિંતા જોવા મળી રહી છે. જોકે મહિનાના અંત સુધીમાં નર્મદાના નીર ઠાલવવામાં આવનાર હોવાની ખાતરી સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે આપી છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.